કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ


આવતી કાલના નાગરિકોનું માસિક



વર્ષ ૩૫ અંક ૬ · જૂન ૧૯૫૮

૪૧૪


તંત્રી · બચુભાઈ રાવત




આદિવાસીઓની ગ્રામીણ કલા

પથરાથી માંડીને ચાંદી સુધીની હલકી ધાતુનાં એમનાં ઘરેણાં પરથી એમની વિવિધ જાતો ઓળખાય છે. મથાળે તથા નીચે : ચૌધરી અને ગામીત જાતિનાં ઘરેણાં; ડાબી બાજુ : એમનું વાજિત્ર ડોબરું; જમણી બાજુ: એમનાં રમકડાં (દેવ) ઘોડો ને ગાય. એ ઘોડો તો સેવાગ્રામમાં ભરાએલા કુંભાર સંમેલનના ગ્રામીણ હસ્તકલા પ્રદર્શનમાં પહેલું ઈનામ મેળવી ગયો હતો.













વાલોડ (વેડછી)ની ટ્રેઈનિંગ કૉલેજમાં કામ કરતા ભાઈ હકુભાઈ શાહે એ પ્રદેશના આદિવાસીઓના જીવનમાં કલાના સંસ્પર્શો વિષે આકાશવાણી પરથી વાર્તાલાપ આપેલો. તેમાંના રસપ્રદ મુદ્દાઓ, એમના સ્કેચો સાથે, અહીં તથા પાછલા પૂઠામાં આપ્યા છે. એમનામાંના ચૌધરી, ગામીત, ઢોલિયા અને કોટવાલિયા જાતોની સામાન્ય વાતો અહીં તારવી છે. (અનુસંધાન પાછલા પૂઠામાં)



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો



૪૧૩મા અંકમાં ભાઈ ભા. હ. યાજ્ઞિકે લખ્યું છે કે 'સૅન્ડફર્ડ બિનેટનું પુસ્તક How to look young at 72 કે એવું કાંઈક છે.' બીજા એક મિત્ર ભાઈ ચંદુલાલ શાહે એમનો પત્ર પ્રકટ થયો તે પહેલાં મને લખ્યું 'લેખક સૅન્ડફર્ડ બિનેટ, ને પુસ્તકનું નામ Old Age; its cause and prevention છે. મને એ કસરતોથી બહુ જ ફાયદો થયો છે. એને ગુજરાતીમાં ઉતારવાની મારી ઇચ્છા છે, પણ તે બજારમાં મળતું નથી.' ત્રીજા એક ભાઈએ કલકત્તેથી પત્ર લખી પુસ્તકનાં નામ-ઠામ, માગ્યાં છે. મને મળશે એટલે મોકલીશ. મેં પણ થોડી તપાસ અહીંની બેત્રણ લાયબ્રેરીઓમાં કરાવી. પણ હજી પત્તો લાગતો નથી. મારા જે મિત્ર સદ્ગત ડૉ. માણલાલ નાણાવટી પાસેથી મને તે વાંચવા મળેલું તે ભાઇને ત્યાં પણ તપાસ કરતાં હજી કાંઈ જવાબ નથી. 'હજી તપાસ ચાલુ છે' એમ એમના પુત્રે મને કહેવડાવેલું છે.

હવે વિજ્ઞાનની શોધો વગેરેથી આરોગ્ય લંબાતું જાય છે, હિંદમાં પણ; એટલે કે સાઠ કે તે ઉપરની ઉમરનાઓની સંખ્યા પણ વધતી જાય છે. તો આ વિષયનું મહત્ત્વ સમજી યોગ્ય કસરતો કે આસનોનો ઉપયોગ ને પ્રચાર વધતાં જાય એ બહુ જ ઇષ્ટ છે.

મને આ પુસ્તક વિષે વધુ માહિતી મળશે તો હું તે જરૂર પ્રકટ કરીશ.

(ખાર) —કાન્તિલાલ છગનલાલ પંડ્યા

ડૉ. કાંતિલાલ પંડ્યાનો પત્ર વાંચ્યા પછી હું પત્ર લખવાનો વિચાર કરતો હતો ત્યાં મે અંકમાં શ્રી યાજ્ઞિકનો પત્ર વાંચ્યો. એ પુસ્તકનું સાચું નામ છે: Old age: Its cause and prevention by Sanford Bennett. એ જ લેખકે બીજું એક પુસ્તક લખ્યું છે, જેનું નામ છે 'Exercising in Bed.' મારા ખાનગી પુસ્તકાલયમાં Old age ની ૬ઠ્ઠી આવૃત્તિ છે. ત્યાં સુધીમાં એની એકલાખ નકલો વેચાઈ ગઈ હતી! પછીથી કેટલી આવૃત્તિઓ થઈ તે ખબર નથી. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકામાં નિસર્ગોપચારની ચળવળ ક્ષીણપ્રાણ થવાથી હવે નિસર્ગોપચારનું જૂનું સાહિત્ય અપ્રાપ્ય થઇ ગયું છે. આ પુસ્તક પણ ઘણાં વર્ષોથી અપ્રાપ્ય છે.

આસનો વિષે જુદાજુદા લેખકો પોતાના જાતઅનુભવો 'કુમાર'માં લખે છે એ ઘણું જ ઇચ્છનીય છે. આ વખતે શ્રી મજમુદારનો લેખ ગમ્યો. એમણે શીર્ષાસન માટે સૂચવેલી સાવચેતીઓ ખાસ લક્ષમાં રાખવા જેવી છે. શીર્ષાસનના અતિરેકથી ચશ્માના નંબર સારી રીતે વધ્યા હોય તેમજ મગજના વ્યાધિઓ થયા હોય એવા કેટલાક કેસો હું જાણું છું. સામાન્ય નિયમ તરીકે હું દર્દીની આંખોની પૂરતી શાસ્ત્રીય તપાસ સિવાય શીર્ષાસનની ભલામણ કરતો નથી. શીર્ષાસન બેધારી તલવાર છે.

હઠયોગની પદ્ધતિને હું ભારતીય નિસર્ગોપચારની એક પદ્ધતિ જ માનું છું. એટલે પ્રશ્ન એ થાય છે કે જે અનુભવીઓ 'કુમાર'માં લખે છે તેઓ જ્યારે ખોરાક, બ્રહ્મચર્ય, પ્રાણાયામ વગેરે વિષે લખતા હોય છે ત્યારે દવાઓના વિધિનિષેધ વિષે કેમ લખતા નથી? પશ્ચિમના નિસર્ગોપચારકો એકમતે વૈદકના ઍલોપૅથિક સંપ્રદાયની કહેવાતી વૈજ્ઞાનિક શોધો (દા.ત. ઝેરી દવાઓ, રસીઓ, ઍન્ટી બાયોટિક્સ, વિનાશક વાઢકાપ અને જલદ કિરણચિકિત્સા વગેરે)ની વિરુદ્ધ હોય છે. પણ આપણા આસન-ચિકિત્સકો જ્યારે આસનોથી રોગો અટકાવવા કે મટાડવાનો દાવો કરે છે, ત્યારે એમની પદ્ધતિ જુદજુદી વૈદકીય પદ્ધતિઓ સાથે કેટલો સુમેળ કે કમેળ સાધે છે એ જણાવવું ખાસ જરૂરી છે, અને એ એમની ફરજ છે. એમ કરવાથી વાચકોને યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. હું કેટલાક હઠયોગના હિમાયતીઓને ઓળખું છું જેમાંના કેટલાક આસનોની પૂરક પદ્ધતિ તરીકે નિસર્ગોપચારની ભલામણ કરે છે; તો વળી બીજા કેટલાક આયુર્વેદની હિમાયત કરે છે. આપના લેખકોનાં આ વિષેનાં મંતવ્યો છપાય તો વિશેષ સારું.

(વલ્લભ વિદ્યાનગર) —રમણલાલ એન્જીનીઅર

૪૧૩મા અંકમાં 'સો રૂપિયાની નોટ' વાર્તાના અનુવાદકે મૂળ મરાઠી લેખકના નામને યે અનૂદિત જેવું કરી નાખ્યું છે. શ્રી મોકાશીના નામના બંને 'આદ્યાક્ષરો' 'દી' ને 'ભા' ખોટા લખાયા છે. શ્રી મોકાશીનું પ્રથમ નામ દિનકર છે, તેથી 'દી' હ્રસ્વ જોઇએ, પિતાનું નામ બાલકૃષ્ણ હોવાથી 'ભા'ને સ્થાને 'બા' જોઇએ.

(મુંબાઇ) —ચુનીલાલ મડિયા

એપ્રિલ અંકમાં છપાએલા મારા લેખમાં પાન ૧૩૪ પર બીજા પૅરામાં સ્પુટનિક નંબર ૨ નું કદ ૩૦-૪૦ ફૂટ જણાવ્યું છે, એ વિગતદોષ છે. મેં જેમાંથી માહિતી લીધી હતી એમાં જ એ દોષ છે. હવે ત્રીજા સ્પુટનિક અંગેની વિગતો બહાર આવી છે તેમાં તેનું કદ પોણાબાર ફીટ જણાવવામાં આવ્યું છે, અને બીજો સ્પુટનિક તેનાં કરતા નાનો છે, એ હિસાબે તેનું કદ ૩૦-૪૦ 'ઇંચ' હોવું જોઇએ; 'ફૂટ' નહિ.

(મુંબાઇ) —ગિરીશ દેસાઈ

એપ્રિલ અંકમાંની ડૉ. હરિવલ્લભ ભાયાણીની શબ્દકથા: 'અળશ–અળછ'ની પૂર્તિ: 'સપ્તશતી', 'ચંડીપાઠ' તથા 'દુર્ગામાહાત્મ્ય'ના અધ્યાય ૪માં 'शक्रादयस्तुति' નામની, વસંતતિલકા વૃત્તમાં રચેલી દેવી ભગવતીની સ્તુતિ ઇંદ્રાદિ દેવો કરે છે ત્યારે કહે છે:

या श्रीः स्वयं सुकृतिनां भवनेष्वलक्ष्मीः
पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः।

એમાં 'અલક્ષ્મી' શબ્દનો અર્થ પણ દારિદ્રય જેવો જ થાય છે. પાપી લોકોના ઘરમાં આ દેવી દારિદ્રય રૂપે વસે છે.

'અળશ' શબ્દનો પ્રયોગ બીજી એક ઉક્તિમાં પણ થાય છે: 'અળશ કાઢીને લક્ષ્મી લાવવી' એ એવા અર્થમાં, કે પહેલાં કુટુંબમાંની કન્યા હોય તેને લગ્ન કરી પરણાવી દેવી, અને તે પછી જ પુત્ર માટે વહુ ઘરમાં લાવવી એવી સામાજિક રૂઢિ છે. પોતાના ઘરની કન્યાને 'અળશ' અને પારકા કુટુમ્બની આવનારી કન્યાને 'લક્ષ્મી' ગણવામાં હેતુ સ્પષ્ટ નથી.


(વડોદરા) —મંજુલાલ મજમુદાર

જાહેર વાચનાલયના વાચકો જેવા કદરદાન વાચકો કોઈ નહિ હોય. જેમ દરેક ખરાબ અનુભવે માણસનું શરીર ગળતું જાય છે તેમ લગભગ દરેક વાચક પાસે 'કુમાર'ની ફાઇલની કાયા ગળતી જાય છે. અને એક ફાઈલમાં તો ૩૩મા પાના પછી ૧૩૩મું પાનું આવે છે! આ વિક્રમ માટે 'કુમારે' તે વાચકને 'કુમાર કદરદાની'નું ઇનામ આપવું જોઇએ.


(રાજકોટ) —સુનીલ


'કુમાર'માં પહેલાં ફોટોગ્રાફી વિષે લેખો આવતા તેથી થયું કે હવે રેડિયો વિષે માહિતી જરૂર 'કુમાર' પાસે મેળવી શકાશ. રેડિયોમાં એરિયલ, અર્થિંગ, મૅજિકઆઈ, એ.સી. ઓન્લી તથા એસી.ડીસી-રેડિયો-સેટ તેમજ વાલ્વ વિષે નિયમિત લેખો 'કુમાર'માં આપતા રહો તો ઘણા રેડિયોશોખીનોને લાભ થશે. તમે ઉપરની માહિતી આપવા અસમર્થ હો તો તેના વિષે ગુજરાતી ભાષામાં કોઈ પુસ્તક પ્રસિદ્ધ થયું હોય તેની માહિતી આપશો.

(સંબલપુર) —મનુ પટેલ



ઉપર: રમણીય મનોહર કોડાઇ સરોવર; નીચે કોડાઇ કેનાલની બજાર (પાછળ પર્મલ ટેકરો) ફોટો: શંકરલાલ દવે–મદ્રાસ





તરંગભંગ

કલાકાર • શાન્તિલાલ શાહ

સ્થાનાંતર[૧] (અભ્યસ્ત હરિગીત)

પ્રિય!
રંગ તો એનો જ એ છે લાલ.
જે ભાલને ચંદ્રક હતો
અવતીર્ણ તે બે હોઠ પર અવ;
રંગ તો એનો જ એ છે લાલ!

બે દલ કમલ[૨]
જે યોગની—સૌ ચરમ સિદ્ધિની—
શાન્તિથી ઉજ્જ્વલ, અમલ
જ્યાં આવરણથી મુક્ત થૈને
મન રમે
વિરમે અચંચલ.
રંગ તો એનો ય છે પ્રિય! લાલ
આ બે હોઠ પર
રંગ તો એનો જ એ છે લાલ.

ત્યાં અખંડિત એક
તે અવ બે મહીં નંદિત[૩]
હવે વાચાળ:
અગ્નિ કેરી[૪] લખ લખ ઝાળ
હસતી સકલનો કરવા કવલ
ધસતી કશી પ્રેમાળ!
ભુક્તિ...
ના નહીં તૃપ્તિ
નવા ઉન્મેષમાં નખરાળ.

હે પ્રિય!
તું ય તે લેતી નવો કંઇ તાગ...
તારું
કમલ નહિ અવ આગ જેવું વ્હાલ:
રંગ તો એ નો જ એ છે લાલ.

રાજેન્દ્ર શાહ

રિવર્સ (મિશ્ર)

ચાલી જતી મોટર મારી માર્ગે
મસ્તીભરી શી!
ત્યહિં કો વળાંકે
ભૂલી ગઈ વાળવી; સ્હેજ વાર
પછી સ્મર્યું ને
સંભાળીને પાછળ ખેસવીને
'રિવર્સ' લૈને ફરીથી ચલાવી
દીધી મુકામે સત પ્હોંચવા મેં.
વિતાવતી જીવનપંથ કેરાં
કૈં વર્ષ એવી ભૂલમાં,
શકું જો
'રિવર્સ' લૈ......!

ગીતા પરીખ

[૧]ભાલથી બે હોઠ પર–ચાંદલાને બદલે લિપસ્ટિક; [૨]બે દલ કમલ=ભ્રૂકુટિસ્થાને (આજ્ઞાચક્રના સ્થાન પર) બે દલનું કમલ છે. મૂળાધારથી ઉપર ગતિ કરતી કુંડલિની આ સ્થાને આવતાં તો સાધક સિદ્ધ અવસ્થાને પામે છે. [૩]અવ બે મહીં નંદિત=(હોઠ પર) આ સ્થાન તો છે વાણીનું, અગ્નિનું. [૪]એટલે જ ભ્રૂકુટિસ્થાને જે મૌન હતું તે અહીં વાચાળ, અગ્નિનું–passionનું રૂપ ધારણ કરે છે.

આરઝૂ (વસંતતિલકા)

પંજા થકી શિશિરના બચી જેમ તેમ,
હું હોત ડાળ તરુની કંઈ દીન હીન,
રે તો ય આવત ધરી રૂપ તું વસંત,
હું અંગ અંગ થકી રહેત વહી સુગંધ!
વા હોત ગ્રીષ્મ તણી આગ સહીસહીને
હું તરત. શુષ્ક, પગઠોકર ખાત ધૂળ,
વર્ષા રૂપે પણ પધારત તું, ઉમંગે
હું રાતરાણી સમ ફોરત મ્હેક મ્હેક!
અફસોસ કિંતુ અહીં માઘ-અનિલ-લ્હેર
વર્ષા તણા પ્રથમ બુંદની વા મહેર
ધારે ન શક્તિ સુરભિ પ્રગટાવવાની,
તો યે અનન્ય કરી આરઝૂ આ હયાની!
તો કસ્તુરીમૃગ તણું રૂપ ધારી આવ,
ને બેસી રૈલ પર આ ક્ષણ મઘમઘાવ!

જશવંત લ. દેસાઈ

તું ક્યાં? (મિશ્ર)

તારાં સુરેખ પગલાં હજી સ્હેજ ભીનાં
દેખાય સ્વચ્છ સિત આરસને પટે, ને
આ કાંસકી સુખડની કંઈ મઘમઘી રહી
તારી સુંવાળી લટનો મૃદુ સ્પર્શ પામ્યે.
ને સ્પષ્ટ છાપ વળી અંગુલિ કેરી દર્પણે
જોઈ શકાય—ગૂઢ પ્રીતિની સ્નિગ્ધ મુદ્રા!
મેં આવતાં જ નીરખ્યું હતું બ્હાર કુંજમાં,
તાજાં બધાં તગરનાં ફૂલ ચૂંટી લાવી તું
તેની પતંગિયું તલાશ કરે ફરીફરી
ડાળોની ટોચ પર એકલું મુગ્ધભાવે!
જોઉં છું : ભસ્મ તલભાર ગરી નથી હજી
આ દીર્ઘ ધૂપસળીની, ફલકે મૂકયા પછી;
ઘીને દીવે દિવટને નથી મોગરો વળ્યો
પૂરો,—અરે ઠરી શકી ય નથી દિવાસળી!
તારી ઉપસ્થિતિ શી થાય પ્રતીત! સૂના
આવાસમાં મધુર ગાન હજી ય ગુંજતું
તારું (સ્વરાવલિ ભરી રહી હૈયું મારું)! ને...
ને એટલા મહીં પ્રિયે! તું સરી ગઈ ક્યાં?

નારાયણ દેસાઇ

ડગ ભરો

(પરંપરિત ઝૂલણા)

જો તમે ડગ ભરો
ધીર ગજરાજનું તો ભરો,
જે ડગે અવર ડગલાં સમાશે બધાં.
એમ જો ના કરો,
કેસરીનું ભરો;
કૈંક પગલાં પૂંઠે આવશે દોડતાં.
અગર એ પણ નહિ,
તો ભરો પૂર્ણ માનવ્યનું;
કપરી દાનવ્યની ચૂડમાંથી
કરે, સકળ સંસારને મુક્ત જે, એહવું.

'મોહિનીચન્દ્ર'

અદ્યતન પર્વતારોહણના સમર્થ તાલીમબાજ સાહસવીર

મેજર નંદુ જયલ

જેમની ઉજ્જવળ કારકિર્દીનો અકાળે અંત આવ્યો

આ વર્ષના એપ્રિલની ૨૮મીની વહેલી સવારે ભારતે એક અજોડ પુત્રરત્ન ગુમાવ્યું. તે હતા મેજર નરેન્દ્રધર જયલ. બત્રીસ વર્ષ પૂર્વે, ઈ. ૧૯૨૬ની ૨૪મી જાન્યુઆરીએ પર્વતખેડુઓની સ્વપ્નભોમ ગઢવાલમાં-હિમાલયનાં ઉત્તુંગ શિખરોના ખોળામાં તેમનો જન્મ થયો હતો. બાળપણથી જ આ હિમાચ્છાદિત નગાધિરાજ પ્રત્યે તેમનામાં ઊંડી પ્રીતિ તથા આત્મીયતા બંધાઈ અને તેનાં ઊંચાં શિખરો તથા ઊંડી ખીણોમાં તેઓ ઘણું રખડ્યા. અમે નિકટના મિત્રો તો તેમને 'નંદુ'ના ટૂંકા વહાલસોયા નામે જ સંબોધતા.

નંદુ કિશોરવયમાં હતા ત્યારે તેમના પિતાએ તેમને દહેરાદૂનની વિખ્યાત શિક્ષણસંસ્થા 'દૂન-સ્કૂલ'માં શિક્ષણ માટે મૂક્યા. અહીં તેમણે 'હાયર કેમ્બ્રિજ' સુધીનો અભ્યાસ કર્યો. હિમાલયની તળેટીએ આવેલી આ શાળાના એક શિક્ષક મિ. હોલ્ડ્સવર્થ પોતે નામાંકિત પર્વતારોહી હતા. શાળાના અભ્યાસક્રમના વિષયો ઉપરાંત કુમાર નંદુને પર્વતારોહણની પ્રેરણા પણ તેમની પાસેથી મળી. સમર્થ અંગ્રેજ પર્વતારોહી મિ. સ્માઈથે સૌપ્રથમ પચ્ચીસ હજાર ફૂટ ઊંચું ગઢવાલનું કામેટ શિખર સર કર્યું ત્યારે મિ. હોલ્ડ્સવર્થ પણ તેમની સાથે હતા. તે દિવસથી ઊગતા નંદુએ પણ ભવિષ્યમાં એક દિવસ તે શિખર સર કરવાનો મનથી નિરધાર કરી લીધો.

હિમાલયના સૌંદર્યપૂર્ણ પ્રદેશમાં જન્મેલા નંદુ સ્વાભાવિકપણે જ અત્યંત કલારસિક હતા. કિશોરવયમાં જ તેમણે પોતાની ઊંચી કક્ષાની ચિત્રકળાનો સારો પરિચય આપ્યો હતો. નંદુના મિત્રો ને શિક્ષકોને થયું કે બંગાળના શ્રી નંદલાલ વસુની માફક આ નંદુ જયલ પણ મોટા

દાર્જીલિંગમાંના તેમના ઘરના આંગણામાં
મેજર નરેન્દ્રધર જયલ (ફોટો · નવનીત પારેખ)



થઈને એક સિદ્ધહસ્ત કલાકાર થશે. પરંતુ નંદુના જન્મદાતા હિમાલયની ઇચ્છા તો તેને પોતામાં જ સમાવી લેવાની હતી. અંતે નંદુની પર્વતનિષ્ઠાએ તેની કલાપ્રિયતા ઉપર સરસાઈ મેળવી. તેણે પોતાની કલાસાધના કોરે મૂકી અને હિમાલયની ઉપાસના ઉપાડી લીધી.

૧૯૪૦માં ચૌદ વર્ષની નાની વયે તેઓ શાળાના વિદ્યાર્થીઓને બે માસના કાશ્મીરના પર્વત-પ્રવાસ પર લઈ ગએલા. પર્વત-પ્રેમે કાચી વયથી જ તેમને પરવશ કરી મૂક્યા હતા. તેમના પર્વતપ્રેમને વયમર્યાદા નડતી નહોતી. અથવા કહો કે આ 'પર્વત-બાળ'ને માટે તો એ પ્રેમ સ્વાભાવિક હતો. અને આ પર્વત-પ્રેમ તેમણે કેટલી ને કેવી ઉત્કટ અથાગ જહેમતથી ચરિતાર્થ કર્યો તે સમજવા માટે તેમના પર્વતારોહણનાં સોપાનની આ નીચેની ફૂટકળ વિગતો બસ થશે. એ જ ૧૯૪૦ દરમ્યાન એક વિદ્યાર્થી સાથે ભરવાડી માર્ગ દ્વારા, કોલોહોઈ હિમપ્રવાહ, ઝોજીલા ને અમરનાથની ૬ અઠવાડિયાંની મજલ પર ગયા હતા. ૧૯૪૨માં ૧૬ વર્ષની વયે ગઢવાલની આરવા ખીણમાં મિ. હોલ્ડ્સવર્થ સાથે તેઓ ૧૯,૦૦૦ ફીટ સુધી ચડેલા. '૪૬માં બંદરપૂંછ ખાતે મિ. હોલ્ડ્સવર્થ સાથે ૨૦,૦૦૦ ફૂટ જેટલું ચડેલા. અહીં શેરપા તેન્સિંગ તેમની સાથે ટોચના દોરડા પર હતા, ને આમ તેમની સાથે પહેલી વાર ઓળખાણ થયું. ૧૯૫૧માં ફ્રેન્ચ ટુકડી સાથે નંદાદેવી પર ૨૩,૦૦૦ ફીટ સુધી તેઓ ચડી આવેલા. જનરલ વિલિયમની 'ઍંગ્લો સૅપર્સ' સાહસટુકડીમાં રહીને તેઓ ૧૯૫૨માં ૨૪,૮૦૦ ફૂટ ઊંચે ચડેલા; અને એ જ ટુકડીની સરદારી લઈને ૧૯૫૩માં નવે જ માર્ગે અબી-ગામિન પર ૨૪,૧૩૦ ફૂટ ઊંચે ચડેલા.

૧૯૪૬ના જાન્યુઆરીમાં વીસ વર્ષની વયે નંદુ જયલ ભારતીય સૈન્યની ઈજનેરી શાળામાં જોડાયા ને પચીસ વર્ષની વયે મેજરની માનવંતી પદવીએ પહોંચી ગયા. છતાં નંદુ તો બાળક સમા સરળ, હસમુખા તથા ઉદાર હતા અને પોતાના મિત્રસમુદાયમાં જ નહિ પરંતુ સૈન્યના સર્વ કર્મચારીઓમાં પણ તેઓ સૌના માનીતા થઈ પડ્યા. તેમની જીવનદૃષ્ટિ અકારણ ગંભીર તથા નિષેધાત્મક નહોતી.

૧૯૫૩માં શેરપા સરદાર તેન્સિંગ નોર્ગે એવરેસ્ટની ટોચ પર પહોંચ્યા પછી ભારત-સરકારે આપણા દેશના યુવાનોને આધુનિક પદ્ધતિથી પર્વતારોહણની વિદ્યા શીખવવા માટે ૧૯૫૪માં દાર્જીલિંગમાં 'હિમાલયન માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટીટ્યૂટ' શરૂ કર્યું ત્યારે મેજર નંદુ જયલ તેના પ્રથમ આચાર્ય અને શેરપા તેન્સિંગ તેના મુખ્ય શિક્ષક નિમાયા. તે જ વર્ષે ચુનંદા શેરપાઓની એક ટુકડી લઈને નંદુ જયલ યુરોપ ગયા અને ત્યાં સ્વિટ્ઝર્લૅન્ડ તથા ફ્રાન્સમાં હિમશિખરો ચડવાની આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિનો સર્વાંગીણ અભ્યાસ કર્યો. સ્વિટ્ઝર્લૅન્ડમાં તેમણે છ અઠવાડિયાંનો ગાઈડ-કોર્સ કર્યો, અને ટ્રીએન્ટ વિસ્તારના ચઢાણ માટે એટલું આગળપડતું કામ કર્યું કે તેમને સ્વિસ ગાઈડનો ડિપ્લોમા તથા તેનો ચન્દ્રક મળ્યાં, જે મેળવનાર તેઓ પ્રથમ પરદેશી હતા.

અંતે કિશોરવયનું સ્વપ્ન સિદ્ધ કરવાનું તેમણે મંગળાચરણ કર્યું. ૧૯૫૩માં ભારતીય ટુકડી સાથે ગૌરવોન્નત હિમાલયના કપરા શિખર કામેટ(૨૫૪૪૭ ફૂટ ઊંચા)પર આરોહણ કર્યું, ને તેમાં નિષ્ફળ જતાં બીજી ચડાઈ કરી, જેમાં તેઓ સફળ થએલા. ૧૯૫૫માં તેમણે કારાકોરમનું સાહસ પણ હાથ ધર્યું હતું અને સાકેંગ શિખર પર ચડાણ કર્યું હતું.

૧૯૫૭માં ભારતના ગણરાજ્યની અંદરના સૌથી ઊંચા શિખર

નંદાદેવી પર ૨૫૬૪૫ ફૂટ સુધીનું તેમણે ચડાણ કર્યું હતું, અને તેની ટોચ પર પહોંચતાં સહેજમાં જ રહી ગયા હતા. ઑસ્ટ્રિયન સરકારના આમંત્રણથી ૧૯૫૭ના ડિસેમ્બરમાં તેમણે સ્કી-શિક્ષકનો અભ્યાસક્રમ કરેલો અને પાર ઉતારેલો, આ જાન્યુઆરીમાં તેમણે ગુલમર્ગ ખાતે સ્કી-ઈન્સ્ટ્રક્ટરોને તાલીમ આપેલી. તેઓ જગખ્યાત પર્વતારોહણ સંસ્થાઓ 'ધી આલ્પાઈન ક્લબ' અને 'ધ સ્વિસ આલ્પાઈન ક્લબ'ના સભ્ય હતા, તથા ભારતીય 'હિમાલયન ક્લબ'ની કારોબારી સમિતિમાં હતા.

આ વર્ષે જાન્યુઆરી માસમાં તેઓ કેટલાક શેરપાઓને સ્કીઇંગનું શિક્ષણ આપવા પહાડોમાં લઈ ગયા અને ત્યાર બાદ મુંબાઈ આવી નેપાલ-તિબેટની સરહદ પર આવેલા ૨૬,૭૫૦ ફૂટ ઊંચા ચો-ઓયુ પર્વત પર એક ભારતીય ટુકડીને લઈ જવા લાંબી મંત્રણાઓ કરી. ટુકડીના નેતા શ્રી કેકી બનશા બીજા ત્રણ પર્વતારોહીઓ સાથે આગળ ગયા, અને નંદુ જયલ પાછળથી નીકળીને તેમને શિખરની તળેટી પરના પડાવ (બેઈઝ કૅમ્પ) પર જઈ મળ્યા. પરંતુ હિમાલયનાં સૌથી ઉત્તુંગ શિખરો ચડવાની મહેચ્છા ધરાવતા તાલીમબાજ અને સમર્થ આ સાહસવીરની ઉજ્જ્વલ કારકિર્દીનો ત્યાં જ અકાળ અંત આવ્યો. ચો ઓયુની તળેટીએ, અઢાર હજાર ફૂટની ઊંચાઇએ, ઓચિંતો તેમને ન્યૂમોનિયા થયો, અને એ જીવલેણ દર્દે તેમને ત્યાં જ ભરખી લીધા! તેમના સાથીઓ, શેરપાઓ, બહોળો મિત્રસમુદાય તથા તેમને પિછાનતી સમસ્ત જનતા તો આ આઘાતથી દિઙ્મૂઢ બની ગઈ.

અથાગ હિંમતવાન અને બહાદુર મેજર જયલ શિખર સર કરવા બહાર પડે પછી પરિણામો બાબત બેફિકર બની જતા. છેક છેલ્લી ટોચે પહોંચવા માટે તેઓ પોતાની સર્વશક્તિ કામે લગાડી દેતા: શારીરિક તેમજ આત્મિક, બાહ્ય તેમજ આંતરિક. અદ્યતન વૈજ્ઞાનિક પર્વતારોહણના તેઓ ભારતરાષ્ટ્રના વિરલ ને ઉત્સાહી આચાર્ય હતા. તેન્સિંગ અને તેમના શેરપા સાથીઓના અપવાદ સિવાય બહુ ઓછા ભારતીય પર્વત-ખેડુઓએ મેજર જયલ જેટલાં હિમાલયનાં કારાકોરમથી સિક્કિમ સુધીનાં શિખરો સર કરવા પ્રયત્ન કર્યો હશે.

સૌંદર્યદ્રષ્ટા કલાકારની તેમની દૃષ્ટિ હતી. ફૂલ, બાળકો, રાતનું આકાશ, સાહિત્ય, કવિતા, પ્રકૃતિસૌંદર્ય કે માનવસૌંદર્ય અવલોકવા ને માણવાની તેમની નજર પર્વતોને ભેદી જતી તેમની શૉખીન નજર જેટલી જ ઊંડી અને માર્મિક હતી. સંગીત(ખાસ કરીને પાશ્ચાત્ય)ને માટે પણ તેમનો કાન કેળવાએલો હતો. બેટોવનની કોઈ સિમ્ફનીનો રસાસ્વાદ લેતા હોય કે રૉક ઍન્ડ રોલના ટુકડાથી મનરંજન કરતા હોય, રશિયન સૅલાડની મોજ ચાખતા હોય કે ગઢવાલના પહાડવાસીઓના 'ઝાલી'(તેજાના સાથે ઉકાળેલું દહીંનું પીણું)ની લિજ્જત લેતા હોય,– જીવનની પ્રત્યેક પળનું સ્વારસ્ય ભોગવવા આતુર એ એક જ નંદુ જોવા મળવાના. 'હું ભૂત-ભવિષ્યમાં માનતો નથી; હું વર્તમાન બનીશ.' એ તેમનો મુદ્રાલેખ હતો. તેઓ મનભર-સભર, અસાધારણપણે કાર્યરત જીવન જીવી ગયા. વસ્તુત: તો જે અસાધારણપણે કાર્યરત જીવન તેઓ જીવી રહ્યા હતા તેથી તેમના હિતસ્વીઓ ચોંકી ઊઠેલા. હાથમાં બળબળતા અંગારા હોય એટલી ધગશથી તેમણે કાર્યપરાયણ જીવન ગુજાર્યું. તેઓ નિતાંત સ્નેહાળ અને અત્યંત સમભાવશીલ હતા. તંદુરસ્ત રમૂજવૃત્તિ તો તેમના સ્વભાવમાં પહેલેથી જ હતી, અને અન્યની તેમજ પોતાની યે રમૂજભરી ઠેકડી તેઓ ઉડાડી શકતા.

હિમાલયના જ ખોળામાં જન્મેલો તથા ઊછરેલો દેહ આજે એ જ નગાધિરાજની સોડમાં હિમનો અંચલ ઓઢીને સૂતો છે. પરંતુ નંદુ જયલનું જીવનકાર્ય, તેમની સિદ્ધિઓ તેમજ ભારતમાં વૈજ્ઞાનિક પર્વતારોહણની દિશામાં તેમની અગ્રગામી જીવનસાધના આપણા દેશના યુવાનોને હમેશ માટે પ્રેરણા આપતાં રહેશે. **નવનીત પારેખ**

ટિકિટસંગ્રહ



સ્પેઇને પોતાના જગનામી કલાકાર-પુત્ર ફ્રાન્સિસ્કો ગોયાને સ્મરણાંકિત કરતી દસ ટિકિટોનો સમૂહ હમણાં બહાર પાડ્યો છે. એમાંની એક (મથાળાની હારમાં વચલી) ઉપર ગોયાની પોતાની તસ્વીર (કલાકાર વિન્સેન્ટ લોપેઝે આલેખેલી) આપી છે, ને બીજી નવ ટિકિટો પર ગોયાની કેટલીક નામી કલાકૃતિઓ પ્રકટ કરી છે, જે પૈકી વચલી હારની ચાર ટિકિટો પર તેની કરેલી પ્રસિદ્ધ તસ્વીરો ને બાકીના પાંચ (મથાળાની હારની બે અને છેલ્લી હારની ત્રણ)માં કોઇ કથાવસ્તુ કે અન્ય વિષયનાં પ્રસંગ-ચિત્રો છે.

ભારત તરફથી દેશનાં વન્ય પ્રાણીઓની છાપવાળી ટિકિટોનો સમૂહ બહાર પડવાનો છે. આજસુધી અનેક વિષયના વૈવિધ્યવાળી ભારતની ટિકિટોમાં આ માળા દેશપરદેશમાં કદાચ સૌથી વધુ રસમય થઈ પડશે.

બેલીનો સાદ*

સાગરકથા
'સુકાની'



હજુ ગઇ કાલની જ આ વાત, બીજા વિશ્વ-યુદ્ધના દહાડાઓની. કંઠારી પાણીપંથારો ઉપર લડાઇનો સરંજામ સારતી નાનીમોટી આગબોટો અને દેશી વહાણોની ભીડ જામી હતી. એ પંથારોની આસપાસ સુરંગોના ચાશ[1] ખેડાઇ ગયા હતા. દિવસે પણ વહાણો હંકારવામાં જોખમ હતું. રોશની સામેના પ્રતિબંધે[2] રાતની હંકારણી ઔર વિષમ બનાવી દીધી હતી. જ્યારે આખરની મોસમ[3] ઢૂકડાઈ રહી હોય ત્યારે તો પારાવાર જોખમો ઊભાં થતાં હતાં.

મે મહિનાની ત્રીજી તારીખે જ્યારે ફેરી[4] બોટ 'ઈન્દ્રાવતી' વેંગુર્લા બંદરેથી બહાર પડી ત્યારે મધરાત જામી ગઈ હતી. બોટ ઉપર પણજી[5] અને વેંગુર્લાના મળીને ત્રણસો એકસઠ ઉતારુઓ હતા. પણજીના ઉતારુઓમાંથી ઘણાખરા તો ગોમન્તકના[6] વિખ્યાત કાજુના દારૂના નશામાં ચકચૂર ઘોરતા હતા. વેંગુર્લાના ઉતારુઓ હજુ બિસ્તરા પાથરી રહ્યા હતા. થોડાક યુવાનો અને યુવતીઓ માઉથ-ઑર્ગન કે ફિડલ બજાવતાં અને ટિનની ટ્રંકો રૂપી તબલાં પર તાલ દેતાં મેહફિલ જમાવી રહ્યાં હતાં. ઉતારુઓને આવી નભરવસતા આડે ક્ષિતિજ પછવાડે અને દરિયાનાં ઊંડાણમાં ભમતા મોતનો આભાસ પણ ન હતો.

પરંતુ અમલી તૂતક[7] ઉપર બેવડી પહેરેદારી ગોઠવાઇ ગઈ હતી. 'દુય્યમ' માલમ[8] જોડે સીનિયર કડેટ તૂતક સંભાળતો હતો. કઠેડાને અઢેલીને કૅપ્ટન પીરા, વેંગુર્લાથી ચડેલા જૉઈન્ટ જનરલ મૅનેજર સાથે વાતો કરતો હતો. દરેકની આંખે દૂરબીન હતી, દરેકના પેટમાં ધ્રાસકો હતો, દરેકનાં આંખ અને કાન સાબદાં હતાં; અને છતાં દરેકના દિલમાં સાયરજીવીઓમાં દેખાતી લાપરવાહી પણ હતી! ઓચિંતો કૅપ્ટન પીરા બોલતો બંધ થઇ ગયો. કંઇક સાંભળવાને હોય એમ માથું જરા ઊંચું કરીને એ પળભર સ્તબ્ધ ઊભો રહ્યો અને દૂરબીન વાયવ્ય તરફ સ્થિર કરી. પછી એણે સુકાન તરફ ફરી પડકાર કર્યો: 'ખબરદાઆર!'

માલમે થોડી વાર એ દિશામાં અંધારાં ખોળીને કહ્યું, 'મલબાર[9] દેખાય છે, સાહેબ!'

'નહિ; જરા દૂર, મલબારની પાછળ!'

પાંચેક મિનિટ સુધી દૂરબીન ફેરવીને પણ માલમ ચૂપ રહ્યો. જૉઈન્ટ જનરલ મૅનેજરે પણ દૂરબીન નીચે કરી, કારણ એને પણ મલબાર પાછળ કંઇ ન દેખાયું. કૅપ્ટને જાણે કશું ન હોય તેમ વાત આગળ ચલાવી, પણ એના ચહેરા ઉપર માલમ તરફની નારાજગી સ્પષ્ટ દેખાતી હતી.

“આ 'વેંગુર્લા રૉક્સ' પરની બત્તી હમણાં નથી જલતી તેથી બહુ દહેશત ઊભી થઇ છે સાહેબ, અને વેંગુર્લા છોડતાં આપદા પડે છે. સાઉથ રૉક પાસે બિત્રણ છીછરાં[10] છે અને વચલો કારીલનો ખડક તો ટેકરી જેવડો છે! ભુબરોતો મોજાં હોય ત્યારે દેખાવો પણ મુશ્કિલ છે. આપણી 'વિભાવતી' ઉપરના કપ્તાન સાહેબ કૅપ્ટન ઇન્દરજિતે આ પાણીનો ચાર્ટ બનાવ્યો છે. એ અમારા જિગરજાન દોસ્ત થાય અને...”

કૅપ્ટન પીરા ઓચિંતો બોલતો અટકી ગયો અને મોરા તરફ દરિયામાં ફરી દૂરબીન માંડીને તાકી રહ્યો. પવનના સુસવાટે આલાતના તારમાં સીટી વગાડવા માંડી અને અંધકારને ભેદતો કૅપ્ટનનો અવાજ ગાજી ઊઠયો: 'જમણા ચિક્કાઆ...આ...ર'[11]

બે ય માલમો સુકાનીને હાથ દેવા કૂદ્યા. વેગમાં ધસતી બોટને પૂર્ણાશે નેવું ખણ (ડિગ્રી) ફેરવવામાં સુકાન ઉપર ખૂબ જોર આપવું પડે છે. 'ઈન્દ્રાવતી' જાણે પહેલાં તો સુકાનને મચક નહિ આપે એમ લાગ્યું; પછી એણે મોરો જમણો ફેરવવા માંડયો, પણ સુકાનના દબાણથી ડાબી ઝૂકી ગઈ! ઝૂકેલી કાવરાંગ ઉપરથી દરિયાનાં મોજાં ઉતારુઓ ઉપર ઊદકયાં અને સૌ ગભરાઇને કાગારોળ કરવા લાગ્યાં. 'ઈન્દ્રાવતી' હૂલ મારતી ઘૂમી રહી હતી!

ઉતારુઓને આશ્વાસન આપવાની પાળી આવે તે પહેલાં તો એણે નેવું ખણ ઘૂમીને પૂરા કર્યા, માત્ર ત્રણેક મિનિટમાં—એક એક યુગ જેવડી એક એક મિનિટ, એવડી ત્રણ મિનિટમાં!—જ્યારે ફરી કૅપ્ટનનો અવાજ ગાજ્યો: 'બો દ્ધાઆ...આ...આ...ર'[12]

'ઈન્દ્રાવતી' સમતલ ઉપર આવી અને બીજી જ ક્ષણે ઉતારુઓએ ડાબે પડખે જે ભયંકર દશ્ય જોયું તેમાં એમના રીડિયા પણ થીજી ગયા; અને પૂર્ણ ચુપકીદી વચ્ચે એ ફાટે ડોળે જોઈ રહ્યા!

ખરેખર તો છસ્સોએક વાર ઉપર, પણ બીકથી ફાટેલી આંખો માટે તો માંડ પચાસેક વાર ઉપર અગડબંબ અઘોરી જેવો, કાળોભાર, છટકતા શિકારને ભરખી ખાવા અંધી આંખો જાણે ચોપાસ ફેરવતો, પગ પાસેના ફાટતા મોજાં વચ્ચે ક્રોધનું તાંડવ કરતો, કારીલ ટાપુનો ખડક લથડતો, ઊઠતો,[13] દક્ષિણ તરફ સરતો, 'ઇન્દ્રાવતી' તરફ

૧ Minefields. ૨ Black-out. ૩ Monsoon અથવા Foul Weather Season: કાયદા પ્રમાણે, અહીં વર્ણવેલાં પાણીમાં ૨૫મી મેથી ૩૧મી ઑગસ્ટ સુધીનો ગાળો. ૪ કંઠારથી વીસ માઇલની અંદર ચાલતી, ઢૂકડાં ઢૂકડાં બંદરો કરતી, 'આખર' (મોસમ)માં ન ચાલી શકે એવી બાંધણીનું વહાણ. 'મલાવા' ખાતર—એટલેકે લાડમાં ઇગ્લંડ અને ન્યૂ યૉર્ક વચ્ચે ફરતી મોટી જંગી આગબોટને પણ 'આટલાંટિક ફેરી' કહે છે! ૫ Panjim (Noa Goa). ૬ ગોવાના. ૭ Bridge. ૮ Second Mate. ૯ મલબાર સ્ટીમ નૅવિગેશન કંપનીની સ્ટીમર.

૧૦ Shallows. ૧૧ Haad a Star'budd (Storboard). ૧૨ Steady. ૧૩ આગબોટની આવી હિલચાલથી અંધારામાં થતો દૃષ્ટિભ્રમ

*આ વાર્તામાં, કારણસર, વ્યક્તિઓનાં અને અન્ય નામોમાં ફેરફાર કર્યા છે, પણ વાત સર્વાંશે સાચી છે, અને એ આપવીતી કથા છે.

ધ્રૂજી રહ્યો હતો!

આવી ઘાતને જતી જોનારનો નશો પણ ઊતરી ગયો અને અંધારામાં એ ભીષણ પાષાણકાય મૃત્યુ અદશ્ય થઇ ગયું, છતાં ઉતારુઓની ચુપકીદી ન તૂટી. આખરે એ ચુપકીદી તોડતો કૅપ્ટન પીરાનો સાદ ગર્જ્યો: 'ડાબાવા આઆઆઘા!'

છેલ્લા શ્વાસની ખરેરાટી જેવો ઠરડાતો સાસ મૂકતાં, સુકાનીએ પડઘો પાડયો: 'ટ-ડાવા આબાઆ... સાઆઆઆબ!'

અને ઉતારુઓના જીવમાં જીવ આવ્યો. 'ઇન્દ્રાવતી' રૂપેરી શિરોટામાં તારાનાં બિમ્બ ચમકાવતી વધી રહી.

બીજે દહાડે રાતના સાત વાગ્યે સ્ટીમરે ભાઉના ધક્કા ઉપર રસ્સા બાંધ્યા. જૉઇન્ટ જનરલ મૅનેજરે કૅપ્ટનની વિદાય લેતાં મીઠાશથી કહ્યું, 'થૅંક્સ, કૅપ્ટન! બને તો કાલે રિપોર્ટ મોકલી દેજો!' આ મીઠાશ પછવાડે રહેલી શિસ્તને કૅપ્ટન પીરા ન સમજે એવો એ બિનઅનુભવી ન હતો.

ત્રીજે દહાડે કૅપ્ટનનો હાથે લખેલો રિપોર્ટ નીચે મુજબ હતો: '...વેંગુર્લા બંદર મૂકયા પછી પરમ દહાડે મધરાતે જે અકસ્માત બન્યો તે બાબદમાં જણાવતાં ઘણી દિલગીરી થાય છે, કે અમારા દુય્યમ માલમ આમદભાઈની હવે ઉમર થએલી હોવાથી આંખ અને કાન બેઉ જવાબ આપી ગયાં હોય એમ અમોને લાગે છે. જ્યારે અમોએ એને ખબરદાર કર્યા ત્યારે મલબારની પછાડીમાં એક બીજી આગબોટ દેખાતી હતી અને તે વખતે સંભળાએલું પહેલું ભૂંગળું એણે વગાડેલું હતું. તમો સાહેબ જાતે જોયું કે આમદભાઇને ફક્ત એક જ વહાણ દેખાતું હતું તે મલબારનું. ત્યાર બાદ દસેક મિનિટે એ જ વહાણ ઉપરથી ચેતવણીનું બીજું ભૂંગળું સંભળાયું ત્યારે અમો ચોંકી ગયા અને વહાણને "હાર્ડ એ સ્ટાબ્બર્ડ" ફેરવ્યું. એ વખતે પણ આમદભાઈનાં આંખ અને કાન નદારદ હતાં. જો અમોએ એ ચેતવણી ઉપર અમલ કરીને વહાણ ફેરવ્યું નહિ હતે તો ચારસો પૅસેન્જરનો અને વહાણનો કેવો હેજ આવતે એનો ખયાલ કરવો નામુમકીન નથી. આમદભાઈના હાથમાં તૂતક સોંપવું હવે અમને વાજબી લાગતું નથી...'

મૅનેજરે કાગળ વાંચ્યો! તે મધરાતે એ પોતે જાતે તૂતક ઉપર હતો. એણે એકેય ભૂંગળું સાંભળ્યું ન હતું. એણે કોઈ બીજી આગબોટ જોઈ ન હતી. તો કોનાં આંખ અને કાન જવાબ આપે છે? આમદ માલમનાં? કે કૅપ્ટન પીરાનાં?

છતાં કૅપ્ટન પીરાની વર્તણૂક બિલકુલ રાસ્ત હતી. હકીકતમાં એણે 'ઇન્દ્રાવતી'ને ઘટતાં પગલાં લઇને બચાવી લીધી હતી. મૅનેજરે કૅપ્ટન પીરાને રૂબરૂ થવાનું કહેવડાવ્યું અને કૅપ્ટન પીરા પોતાના મતમાં અડગ રહ્યો. વિશેષમાં એણે કહ્યું, "સાહેબ, એ વહાણ આપણી 'વિભાવતી' હતી. નેવીએ એને લઇ લીધી ત્યારથી એના દેખાવમાં ફરક પડયો છે, પણ અમો એના ઉપર ત્રણ સાલ કૅપ્ટન હતા. અમારી આંખેથી એ છૂપી ન રહી શકે! હમણું એના ઉપર આપણા કૅપ્ટન ઈન્દરજિત નૅવિગેટર છે. એ અમારા દિલોજાન દોસ્ત છે. એમણે જ અમને વેંગુર્લા રૉક્સ ઉપર જતા જોયા અને બે વાર ભૂંગળાં વગાડી ચેતવણી આપી. અમારી ઇજ્જત એમને વહાલી છે. એમણે અમારી ઇજ્જત અને જાન બચાવ્યાં. આમદભાઈ કંપનીના બહુ જૂનામાંના નોકર છે. તમો સાહેબ અમારાં સાચા માબાપ છો. તમોને વાજબી લાગે તે કરો."

બીજે જ દિવસે કંપનીના ડાકટરની સલાહ મુજબ આમદભાઇ માલમ ચડતે પગારે લાંબી રજા ઉપર ઊતર્યા.

આ વાતને વર્ષેક વીતી ગયું. જૉઇન્ટ જનરલ મૅનેજર હવે જનરલ મૅનેજર બન્યા હતા. એક દહાડો એમને એક આસમાની રંગનો લિફાફો મળ્યો. એ નેવી તરફથી આવ્યો હતો. લડાઇ દર્મ્યાન નૌસેનામાં ભરતી કરેલી વેપારી આગબોટો વિષે એમાં તપસીલવાર માહિતી આપી હતી. આજ સુધી એ માહિતી 'ટૉપ સીક્રેટ' હતી, પણ હવે એ પહેલી વાર પ્રકાશમાં મુકાઇ હતી. ઓચિન્તા જનરલ મૅનેજર ચમકયા. પાનાની વચ્ચે નીચે પ્રમાણે લખ્યું હતું: "સ્ટીમર 'વિભાવતી': દુશ્મનની સબમરીન દ્વારા, 'વેંગુર્લા રૉક્સ' પાસે, "તારીખ ૨૩ એપ્રિલ, ૧૯૪–ને રોજ નાશ પામી હતી!"

'વિભાવતી' જો ૨૩મી એપ્રિલે નાશ પામી, તો ૩જી મેને દહાડે એને અગિયાર દહાડા વીતી ગયા હતા. કૅપ્ટન ઈન્દ્રજિતનો તે દહાડો તો 'એકાદશા' હતો! એ 'ઈન્દ્રાવતી'ને ચેતવણી કેમ આપે? એનાં ભૂંગળાં ઈન્દ્રાવતીના તૂતક ઉપર કેમ સંભળાય?—અથવા કેમ ન સંભળાય? કૅપ્ટન પીરાએ તે દહાડે કહ્યું જ હતું કે 'કૅપ્ટન ઈન્દ્રજિત અમારા દિલોજાન દોસ્ત છે. અમારી આબરૂ એને વહાલી છે!'

સો વર્ષ જૂની એ કંપનીનો જનરલ મૅનેજર યુનિવર્સિટી-મૅન છે; મોટી વિલાતો માથે કરી છે; કંઈક શિક્ષિત પણ લેખાય ખરો! છતાં એને આજન્મ દરિયાલાલની લગની છે. દરિયાનાં મોજાંઓએ એના સૉફિસ્ટિકેશનને[૧૪] ધોઇ નાખ્યું છે! પોતાના 'એકાદશા'ને દિવસે, કૅપ્ટન ઈન્દ્રજિત, પોતાના દિલોજાન દોસ્ત કૅપ્ટન પીરાની ઈજ્જત અને જિન્દગી બચાવવાને, મૃત્યુની પેલે પારથી પણ સાદ પહોંચાડે એમાં એને કંઈ નવાઇ ન લાગી!

નૌસેનાના કાગળ તરફ એ મિનિટો સુધી જોઈ રહ્યો. 'આનું નામ તે દોસ્ત! આ તે બેલી!'

પછી એણે ટેલિફોન ઑપરેટરને કહ્યું 'ગિવ મિ. કૅપ્ટન પીરા, પ્લીઝ!'

—અને ફરી એ શૂન્યમાં તાકી રહ્યો. એના કાનમાં 'ઇન્દ્રાવતી'-ના તે દહાડે વીંઝાતા પંખાઓનો પડઘો, અનાહત નાદ જેવો ગુંજી રહ્યો હતો.


૧૪ તર્કપ્રવાહિતા

ભારતીયોમાં પ્રથમ

આઇ. એમ. એસ.: ડૉ. ચક્રવર્તી
એફ. આર. એસ. : એ. ખરશેદજી
કૉંગ્રેસ-પ્રમુખ: વ્યોમેશચન્દ્ર બૅનરજી
એમ. એ. થનાર સ્ત્રી: ચન્દ્રમુખી બોઝ
હાઇકોર્ટના ન્યાયાધીશ: રામપ્રસાદ રાય
ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય: કે. જી. ગુપ્ત
બ્રિટિશ સામ્રાજ્યના પહેલા લૉર્ડ: લૉર્ડ સિંહા
ક્રિકેટના ટેસ્ટ-ખેલાડી: જામ શ્રી રણજિતસિંહજી
નૉબેલ-પારિતોષિકના વિજેતા: રવીન્દ્રનાથ ટાગોર
આઇ. સી. એસ.ની પરીક્ષામાં પ્રથમ: સર અતુલ ચટ્ટોપાધ્યાય
વાઇસરૉઇની કારોબારીના પ્રતિનિધિ: સર એસ. પી. સિંહા
બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય: દાદાભાઈ નવરોજજી
વિક્ટોરિયા-ક્રૉસના વિજેતા: ખુદાદાદ ખાન
'હાઉસ ઑવ લૉર્ડ્ઝ'ના સભ્ય: લૉર્ડ સિંહા
કૉંગ્રેસનાં સ્ત્રી-પ્રમુખ: સરોજિની નાયડુ
ભારતીય ગવર્નર: રાયપુરના લૉર્ડ સિંહા
આઈ. સી. એસ.: સત્યેન્દ્રનાથ ટાગોર
લશ્કરી સેનાપતિ: જનરલ કરીઅપ્પા
બૅરિસ્ટર: જી. એમ. ટાગોર

પ્રકૃતિ અને પ્રાણિ-ચિત્રણાના પીઢ કલાકાર

રવિશંકર પંડિત



આંતે યોગ્ય માણસની કદર થઇ ખરી. મુંબાઈ સરકાર તરફથી દર વર્ષે બાળસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકને અપાતા ઇનામ માટે ચાલુ વર્ષમાં 'ગાંધીજીનાં ઉખાણાં' અને '"કુ"ની કથા' એ બે પુસ્તકોને પારિતોષિક-પાત્ર ગણીને, તેમાંનાં શ્રી રવિશંકર પંડિતનાં ચિત્રો માટે તેમને, લેખકશ્રી રમણલાલસોની-ની સાથોસાથ અરધોઅરધ ૫૦૦ રૂપિયાનું ઇનામ અપાયું છે. લગભગ ચાર દસકા જેટલી લાંબી, એકધારી અને મૂંગી કલાકારકિર્દીની મોડી મોડી થએલી આ કદરથી સંતોષની એક લાગણી એ થાય છે કે બાલસાહિત્યના સર્જકોમાં કલાકારને પણ એક સર્જક તરીકે ગણવામાં આવ્યા છે. જોકે શ્રી પંડિતની એ પ્રકારની શક્તિની પ્રતીતિ તો તેમણે આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં શ્રી દેશળજી પરમારનાં નિર્હેતુક બાળકાવ્યો (નૉન્સેન્સ ર્હાઇમ્સ) 'ગલગોટા'-નાં પાનાંભર ચિત્રોમાંનાં પોતાનાં આલેખનો વડે, તથા તે પછી 'વંદેમાતરમ્', 'ધર્મયુગ', 'રમકડું' વગેરેમાંની પંચતંત્ર આદિ ચિત્રવાર્તાઓ દ્વારા આપી દીધી હતી.

પણ એમની ખરી શક્તિ અને પ્રતિષ્ઠા તો પ્રાણીચિત્રણામાં છે. કોઈ પણ પ્રાણી (જંગલી તેમજ પાલતુ)ની લાક્ષણિકતા, ગતિશીલતા, અંગભંગી ને મુખભાવ તેની વિશિષ્ટ ખાસીઅત પ્રમાણે ઉતારવામાં તેમની બરોબરી કરી શકે એવો ચિત્રકાર ભાગ્યે હશે. એવો જ એમનો બીજો પ્રિય વિષય પ્રકૃતિ-ચિત્રણા છે.

'કુમાર'ના વાચકોને તો એમનો પરિચય આપવાનો ન હોય. 'કુમાર'ની શરૂઆત જે પાંચ મિત્રો (શ્રી રવિશંકર રાવળ, શ્રી ધૂમકેતુ, શ્રી દેશળજી પરમાર, શ્રી રવિશંકર પંડિત ને આ પત્રના તંત્રી)ના સમૂહ કાર્યથી થઈ એ 'કુમાર'ના પંચ'માંના એક તરીકે એમણે છેક પહેલા અંકથી આપેલા ફાળાથી 'કુમાર'ના વાચકો જાણકાર છે. 'કિરીટ' હાથીની આત્મકથા, 'કુમાર'ની નાનીમોટી પ્રાણીકથાઓ, શ્રી શ્રીરામશર્માની શિકારકથાઓ વગેરેમાંની એમની ચિત્રણા સૌને યાદ હશે. આજે આ નિમિત્તે એમનો વિગતે પરિચય આપવાની તક અમે લઇએ છીએ; અને, એમના પોતાના જ શબ્દોમાં એ સાંભળવો રસદાયક થશે.

"**મ**ને લાગે છે કે ચિત્રકળા અમારા કુટુંબમાં વંશપરંપરાગત હશે. મારા એક કાકા મહાશંકર ત્રીકમજી રાજકોટ રાજકુમાર કૉલેજમાં ચિત્ર-શિક્ષક હતા. તે જ પ્રમાણે મારા લગભગ બધા ભાઇઓમાં ચિત્રકળાનું થોડુંઘણું વલણ બાળપણથી જ હતું. ફક્ત મેં જરા વધારે ધ્યાન આપી તેના વિકાસ માટે વધારે વખત લીધો. એટલું જ (ના, આ તો એમની નમ્રતા છે. નિશાળમાં અક્ષર-લેખન શીખ્યા તે પહેલાં તો તેઓ સ્લેટમાં ચિત્રો ચીતરી શકતા અને મોટા થતા ગયા તેમ ચિત્રકળાની તો એમને જાણે લગની લાગી. દસ બાર વર્ષની વયે તો એમણે પોતાના ફળિયામાં ઘરની ભીંત પર સરસ્વતીનું રંગચિત્ર દોરેલું એનું અમને સ્મરણ છે.–તંત્રી) અંગ્રેજી પાંચમું ધોરણ ભણતાં ભણતાં વૅકેશન દરમ્યાન જ ગોંડલની કલાશાળામાં અભ્યાસક્રમ પૂરો કરી નાખી થર્ડ ગ્રેઈડ ડ્રૉઈંગની પરીક્ષા પસાર કરી. પદ્ધતિસર ચિત્રકળાનું જ્ઞાન મળ્યું હોય તો તે એટલું જ. આગળ અભ્યાસ કરવાનો વખત કે સગવડ કદી મળ્યાં જ નથી; કારણ ચિત્રકલાને એક ગૌણ વસ્તુ તરીકે જ ગણેલી. (વિશેષ તો કૌટુંબિક સંજોગોને કારણે ગણવી પડેલી. એ વખતના વડીલોની સ્વાભાવિક માન્યતામાં ગ્રૅજ્યુએટનું મૂલ્યાંકન વિશેષ થતું; નહિતર, જો બી. એ.ના શિક્ષણને બદલે મુંબાઈ કલાશાળાનું શિક્ષણ એમને મળ્યું હોત તો આજ એમની નામના જુદી જ હોત.–તંત્રી)

મને બરાબર યાદ છે કે હું એકડા ભણવા ગુજરાતી નિશાળમાં દાખલ થયો ત્યારે બચુભાઈ (કુમારના તંત્રી)ના દાદા હું ભણતો હતો તે જ વર્ગમાં બચુભાઇને બેસાડી ગએલા. એ વખતે મેં એમને પાટીમાં કાંઈક ચિત્ર કરી આપેલું એમ તેઓ કહે છે. એટલે તે વયથી જ ચિત્ર કરવાનું કુદરતી વલણ હશે એમ માનું છું.

બચુભાઇના પિતાશ્રી ગોંડળ સ્ટેટમાં વેટરીનરી સર્જન અને પૅડૉક સુપરિન્ટેન્ડેન્ટ હતા. તેમને કૂકડાં, કબૂતર, કૂતરાં, બિલાડાં વગેરેનો બહુ જ શૉખ હતો. ઉપરાંત રાજ્યના સારામાં સારા ઘોડા તેમજ બળદ તથા આજુબાજુથી સારવાર માટે આવેલાં પાળેલાં અને ઘણી વખત જંગલી પ્રાણીઓનો પણ લગભગ સંગ્રહ એમના પૅડૉકમાં રહેતો. લંગોટિયા ભાઈબંધને નાતે મારો અવરજવર બચુભાઇને ત્યાં વધુ હતો, એટલે મને લાગે છે કે પ્રાણીઓ ચીતરવાનો મારો શૉખ તથા આવડત કંઈક તેમની સોબતને લઇને થએલા આ સંપર્કને કારણે પણ હશે. જોકે કોઈ પણ પ્રાણીને સામે ઊભું રાખીને તેના ઉપરથી મેં કદી પણ સ્કેચિંગ કરેલું નહિ. માત્ર તેમના અવલોકનથી જ એ પ્રાણીઓની હીલચાલ તથા હાવભાવ–તેમની ઍનેટોમી (શરીરરચના) સહિત–મને સચોટ યાદ રહી જતાં. આમ, મારી પ્રાણી-ચિત્રણાની નિશાળ બચુભાઈના ઘરને કહીએ તો તેમાં બિલકુલ ખોટું નથી. મૅટ્રિક અમે બંને એક જ વર્ષે પાસ થયા, તેમ ડ્રૉઇંગ થર્ડ ગ્રેઈડ પણ અમે બંનેએ સાથે જ પાસ કરેલી.

મારા પિતાશ્રીની નોકરી રાજ્યમાં મહાલકારી તરીકે, તથા પાછળથી સેટલમેન્ટ ઑફિસર તરીકે હોવાને લીધે બાળપણનાં વર્ષોમાં તેમની સાથે રાજ્યના લગભગ દરેક ગામ-ગામડામાં ફરવાનો મને ખૂબ લાભ મળ્યો. તેને લીધે પ્રકૃતિ-દૃશ્યો, ગ્રામ અને ગોપજીવન વગેરેનો અનુભવ, આકર્ષણ તથા અવલોકન થતાં ગયાં. પરિણામે પ્રકૃતિ-ચિત્રણા તરફ મારી સ્વાભાવિક વૃત્તિ વધતી ગઈ.

મારા સૌથી મોટા ભાઇ ડગલ્યુ. એસ. પંડિત ગોધરાની તાલુકદારી સ્કૂલમાં પ્રિન્સિપાલ હતા. ત્યાં પણ હું અભ્યાસ અર્થે રહેલો. મેં આગળ કહ્યા પ્રમાણે તેમને પણ કલાનો શૉખ નાનપણથી જ હતો. તેમણે અરીસામાં જોઈને પોતાની સુંદર છબી પણ ચીતરેલી એ પણ મને યાદ છે. તેમને ચિત્રોવાળાં પુસ્તકો સામયિકો વગેરે સંઘરવાનો ખૂબ શૉખ હતો. મૅટ્રિક પાસ થઇને તે એકાદ વરસ વિલાયતની સફર પણ ખેડી આવેલા, અને ત્યાર પછી પરદેશનાં ખૂબ સચિત્ર સામયિકો મંગાવતા. આમ, તેમના સંગ્રહનો આડકતરીરીતે મને

જ લાભ મળ્યો. પરદેશનાં સામયિકો વગેરેમાંનાં ચિત્રોમાંથી મને ઘણું જ પ્રોત્સાહન તથા પ્રેરણા મળેલાં. તેમાં યે મારા પર વધારેમાં વધારે અસર કરનાર 'બ્રિટાનિયા ઍન્ડ ઈવ' નામના અંગ્રેજી માસિકમાં ઐતિહાસિક લેખો લખનાર તથા જાતે જ તેનાં ચિત્રો તૈયાર કરનાર જગનામી ઈટાલિયન ચિત્રકાર મિ. ફૉર્ટુનીનો મૅટૅનિયા. એ ત્યારે ચાલતા પ્રથમ મહાયુદ્ધનાં ચિત્રો તે 'સ્ફીઅર' તથા 'લંડન ન્યુસ'માં આપતા. વળી ગોધરામાં અમારું રહેવાનું લગભગ જંગલમાં જ હતું, કારણ કે તાલુકદારી શાળા ગામને છેક છેવાડે નદીકાંઠે આવેલી હતી. ત્યાના કુદરતી વાતાવરણે પ્રકૃતિ-દૃશ્યો ચીતરવાની વધુ લગની લગાડી. જો આ ગાળામાં એકાદ સારા સિદ્ધહસ્ત કલાકારનો સંપર્ક મને મળી ગયો હોત તો મારા વિકાસમાં તેથી ખૂબ મદદ મળત. પણ કમભાગ્યે તેમ બન્યું જ નહિ. મારાં ચિત્રોમાં ટૅકનિકની–હથોટીની ખામીઓ જણાય છે તે પદ્ધતિસરના અભ્યાસની ખામી તેમજ આવા કોઈ સંપર્કના અભાવને લઇને છે એમ હું માનું છું.

ગોધરાથી મારા ભાઈની બદલી ચાંદોદ કરનાળી પાસે આવેલા માંડવા રાજ્યના કુમાર –એટલે અત્યારના ઠાકોર શ્રી નરેન્દ્રસિંહજીના ટ્યુટર તરીકે થોડો વખત થએલી. ત્યારે અમારું મકાન નર્મદાના ઘાટ ઉપર જ હતું તેથી ત્યાંના વસવાટ દરમ્યાન નર્મદાનો વિશાળ ને રમણીય-મનોહર કિનારો તથા તેની આસપાસ આવેલાં યાત્રાનાં વિવિધ સ્થળો તેમજ રેવાકાંઠાનાં જંગલોમાં ફરવાનો મને લાભ મળ્યો. એ વખતે



કરેલાં નર્મદાનાં ચિત્રો પૈકી થોડાં 'કુમાર'માં છપાએલાં તે જૂના વાચકોને યાદ હશે.

આ બધી અંગત વિગતો આપવાનું કારણ એટલું જ કે આ બધાં ગામ-ગામડાંના વસવાટો તથા અનુભવોની પરંપરા જ મારી ખરી ચિત્રશાળા છે. વ્યવસ્થિત અભ્યાસની ખામી આ અનુભવોથી થોડી પુરાઈ; ને મને લાગે છે કે દૈવયોગે મને પદ્ધતિસર અભ્યાસની તક મળી હોત તો મારી ટેકનિક અલબત્ત સુધરત, પણ અનુભવ-અવલોકનનો અભાવ હોત તો એથી વિશેષ ફાયદો થાત કે નહિ તે જાણતો નથી. સારા ચિત્રકાર થવા માટે ખુદ કુદરતમાંથી જ ખૂબ સ્કેચિંગ કરવાની જરૂર છે, અને નહિ કે ચિત્રોની નકલો કરવાની.

આ દરમ્યાન બચુભાઇએ પોતાનું હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ' શરૂ કરી દીધેલું, એટલે મેં તેમાં ચિત્રો કરવાની શરૂઆત કરી; અને પાયા તરીકે તે સારો અનુભવ હતો. શ્રી દેશળજી પરમાર તથા ગૌરીશંકર જોશી (ધૂમકેતુ) સાથે કૉલેજજીવન શરૂ થયા પછી ઓળખાણ થઈ. (પરંતુ તે વિકસીને ગાઢ બની ગોંડલમાં જ.) ભાવિ આકાંક્ષાઓથી ભર્યુંભર્યું એ દિવસોનું વાતાવરણ ખૂબ પ્રેરક હતું.

મૅટ્રિક પાસ થયા પછી પ્રીવિયસનું પહેલું વર્ષ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અને ઈન્ટરમીજિયેટ જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં વીતાવ્યું. જૂનાગઢમાં કવિ કાન્તના પિતરાઈ પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ રેસીડેન્સી સુપરિન્ટેન્ડન્ટ હતા. બ. ક. ઠાકોરના મિત્ર ને તેમની સાથે 'પ્લૂટાર્કનાં જીવન ચરિત્રો'ના સહઅનુવાદક એ પ્રો. ભટ્ટ ખૂબ લોકપ્રિય તથા વિદ્યાર્થીઓ તરફ બહુ જ વત્સલ હતા. તેમના આગ્રહથી કૉલેજના માસિક માટે મેં ગિરનારનું એક દૃશ્ય આલેખેલું તથા તેમણે ભાવપૂર્વક તે છાપેલું. એ મારું છપાએલું પ્રથમ ચિત્ર. એ વખતના કૉલેજ-સહાધ્યાયીઓમાં કવિ-'કાન્ત'ના પુત્ર મુનિકુમાર ભટ્ટ (જે પ્રોફેસર ભટ્ટને ત્યાં જ રહેતા), વ્રજલાલ શુક્લ (સૌરાષ્ટ્રના આજના સામ્યવાદી નેતા) ગિરધરલાલ કોટક (પાછળથી સ્વતંત્ર સૌરાષ્ટ્ર રાજ્યના નાણાંપ્રધાન) છોટાલાલ માંકડ (વ્યાયામવીર અને પોરબંદર શાળાના આચાર્ય) વગેરે હતા. એમની સાથે ગિરનારમાં આડેધડ ફરવાની તથા રખડવાની ખૂબ મોજ માણેલી. અલબત્ત આમાં પણ આડકતરીરીતે ચિત્રકળા વિકસાવવાનો મારો એક પ્રયત્ન તો હતો જ.

દરમ્યાન જૂનાગઢ કૉલેજના પ્રિન્સિપલ

←અમદાવાદ છોડી ગોંડલ ગયા ત્યારે




કાગડા પાસેથી પૂરી પડાવતા શિયાળની ઈસપ-કથા–શોભન ઢબે



શ્રી પંડિતની બે ચિત્રકથાઓના નમૂના–મથાળે: ઊંટ-શિયાળની જાણીતી વાર્તા; નીચે: બત્રીસ પૂતળીની વાર્તા; સામેના પાને: પંચતંત્રની વાર્તાના અંગ્રેજી રૂપાંતર માટે કરેલું રંગચિત્રોનું પાનું.





મિ. સ્કૉટ નિવૃત્ત થવાના હોઈ તેમનું તૈલ-ચિત્ર કૉલેજમાં મૂકવાનું ઠર્યું અને તેની વ્યવસ્થા માટે વિદ્યાર્થીઓની કમિટી નીમાઈ. એ વખતે હાજીમહમ્મદનું 'વીસમી સદી' માસિક ચાલુ થઈ ગએલું. તેમાં આવતાં ચિત્રો પરથી શ્રી રવિશંકર રાવળ ગુજરાતના એક સારા કલાકાર છે એમ તો અમે જાણતા હતા, એટલે તેમને જ જૂનાગઢ બોલાવી તસ્વીરનું કામ સોંપવાનું નક્કી થયું. એ પ્રમાણે રવિભાઇ જૂનાગઢ આવ્યા ને તેમની સાથે પ્રથમ પરિચય થયો. તે જૂનાગઢ ઘણું રોકાયા અને જૂનાગઢથી વળતાં એક વખત ગોંડલ મારે ત્યાં

આવેલા. ત્યારે સ્વાભાવિકરીતે જ મારા એક મિત્ર તરીકે, ગોંડલની સાહિત્ય-કલા-પ્રવૃત્તિના એક કેન્દ્ર તરીકે તેમજ હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'ના તંત્રી તરીકે મેં એમને બચુભાઈની ઓળખાણ કરાવી. ગુજરાતની ઊગતી પ્રજાના ઘડતરમાં ગણનાપાત્ર ફાળો આપનાર 'કુમાર'ના આ બે ધુરીણોનો મેળાપ કરાવવાનું નિમિત્ત હું બન્યો તે માટે હું મગરૂબ છું.

જૂનાગઢના વસવાટ દરમ્યાન સંસ્કૃત નાટકોમાંથી પ્રસંગો લઇ થોડાં ચિત્રો તૈયાર કરેલાં જે સ્વ. રમણીયરામે 'સમાલોચક' માસિકમાં ભાવપૂર્વક છાપી મને સારું પ્રોત્સાહન આપેલું. પછી તો તેઓ ચિત્રો બદલ મને મહેનતાણું પણ આપતા. આ પ્રમાણે માસિકોમાં ચિત્રો આપવાની મેં શરૂઆત કરી. આ જ ગાળામાં વડોદરાના 'સાહિત્ય' માસિકના તંત્રી શ્રી મટુભાઈ કાંટાવાળાએ 'પ્રકૃતિચિત્ર' આલેખવા માટે એક ઇનામ જાહેર કરેલું, જે મને મળેલું. પણ આ બધી ચિત્રો કરવાની શરૂઆત માત્ર હતી, અને તેમાં ખામીઓ પણ ઘણી હતી.

ઇન્ટરમીડિયેટ પાસ થઈ જુનિયર બી.એ.-ના અભ્યાસ માટે હું વડોદરા કૉલેજમાં દાખલ થયો. એનું મુખ્ય કારણ તો મારા વડીલ બંધુ એ વખતે માંડવા સ્ટેટમાં હતા તે નજીક પડે તે, તથા તે ઉપરાંત વડોદરાની વિખ્યાત 'પિક્ચર ગૅલેરી' તથા લાયબ્રેરી વિષે બહુ સાંભળેલું એટલે તેનો પણ લાભ લેવાય તે હતું. ત્યાં પહેલી ટર્મ પૂરી કર્યા પછી ખબર મળ્યા કે રવિભાઇ અમદાવાદ આવી ચિત્રકાર તરીકે સ્થાયી થયા છે તથા ચિત્રકળા શીખવવા માટે ત્યાં એક વર્ગ પણ ખોલ્યો છે, એટલે તરત જ વડોદરા પડતું મૂકીને સીધો પહોંચ્યો અમદાવાદ, તે પરભાર્યો રવિભાઇને ઘેર! એ વખતે રવિભાઇ બાલા હનુમાનની બાજુથી ખાડિયા જવાના રસ્તે હિંગળોક જોષીની પોળ પાસે એક મકાનને બીજે માળે રહેતા હતા; તેમજ એક વખત 'શારદા'માં જેમનાં ચિત્રો આવતાં તે ભાઇ હરિલાલ ત્રિવેદી પણ ચિત્રકામ શીખવા તેમને ઘેર રહેતા હતા.

બીજે દિવસે મેં ગુજરાત કૉલેજમાં દાખલ થઈ શહેર તથા કૉલેજ વચ્ચેની અવરજવર ચાલુ કરી દીધી, કારણ કે જુનિયર બી.એ.ના પહેલા વર્ષમાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી બરાબર અભ્યાસમાં ધ્યાન આપે છે; અને હું તો કૉલેજના અભ્યાસને ગૌણ ગણી ચિત્રકામ માટે જ અમદાવાદ આવેલો. છતાં અહીં પણ મેં, જેમ કરવો જોઈએ તે પ્રમાણે, કોઈ જાતનો પદ્ધતિસરનો અભ્યાસ કર્યો જ નહિ. અલબત્ત, રવિભાઇ માસિકો—પ્રકાશનો-વગેરેનાં ચિત્રોનું જે કામ કરતા તે ધ્યાનપૂર્વક જોતો; અને તે ઉપરાંત તો આખા અમદાવાદમાં શહેરના ખૂણેખૂણામાં તથા શહેર બહાર માઈલો સુધી રખડી ખૂબ સ્કેચિંગ કરેલું. એમાંનાં થોડાં સારાં પ્રકૃતિચિત્રો ચૂંટીને શ્રી બટુભાઈ ઉમરવાડિયા તેમના 'ચેતન' માસિક માટે રંગીન બ્લૉક બનાવવા સારુ લઈ ગએલા; પણ કમનસીબે તે પાછાં આવ્યાં જ નહિ.


ત્યાર પછી તો રવિભાઈની ભલામણથી મેં 'વીસમી સદી' માટે પણ ચિત્રો કરવા માંડેલાં, પરંતુ ત્યાં તો હાજીમહમ્મદ ગુજરી ગયા. ત્યારે બચુભાઈ પણ ગોંડલ છોડી ભિક્ષુ અખંડાનંદના સસ્તુંસાહિત્યવર્ધક કાર્યાલયમાં જોડાયા હતા, એટલે અમદાવાદમાં પણ અમે સાથે થઈ ગયા. ત્યાર પછી તો 'હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ' માટે બચુભાઈ રવિભાઈ સાથે જોડાયા, ને તે બહાર પડી ગયા બાદ દોઢ વરસે 'કુમાર' બહાર પડયું. એ પછીનો ઇતિહાસ તો 'કુમાર'માં મોજૂદ છે.

રવિભાઈની ચિત્રશાળાનો વર્ગ એ વખતે રીચી રોડ ઉપર એક મકાનમાં બીજે તથા ત્રીજે માળે હતો એમ મને યાદ છે, પણ વિદ્યાર્થીઓ કોણકોણ હતા તેની વિસ્મૃતિ થઈ ગઈ છે. બી.એ. પાસ થયા પછી રવિભાઈના આગ્રહથી હું અમદાવાદમાં જ સ્થાયી થયો અને ધંધાર્થી ચિત્રકાર તરીકે જીવન શરૂ કર્યું. અલબત્ત, આ બાબતમાં રવિભાઈની જ સહાયને લઈ કામ ચાલી શક્યું; કારણ તેઓ પોતાને મળતાં કામમાંથી ભાગ આપીને પણ મને કામ આપતા. એ વખતે ચિત્રકારો થોડા હોઈ કામ પણ ઠીકઠીક મળતું. પછી તો 'બાલમિત્ર', 'નવચેતન', 'કુમાર' વગેરે માસિકો એક પછી એક શરૂ થતાં ગયાં અને એ બધાંમાં પણ કામ મળતું રહ્યું. તે ઉપરાંત રવિભાઈની ભલામણથી અમદાવાદની મહિલા પાઠશાળામાં ચિત્રકળા-શિક્ષક તરીકે પાર્ટ-ટાઇમ જોડાએલો, તેમાં એકાદ બે વર્ષ કામ કર્યું. 'કુમાર' માસિક શરૂ કરતાં પહેલાં પ્રાથમિક તૈયારી તરીકે રવિભાઇએ બ્લૉક બનાવવા માટે 'કુમાર પ્રોસેસ સ્ટૂડિયો' શરૂ કર્યો, જે શરૂઆતમાં બાઉઆની પોળમાં ને તે પછી રાયપુર ચકલામાં પરબડીની સામેના ખાંચામાં મહાદેવના મકાનમાં હતો. ત્યાર બાદ છાપખાનું થતાં અત્યારે જ્યાં છે ત્યાં ભાઈશંકર નાનાભાઈની હવેલી સામે તે ખસેડાયો. રવિભાઈની ખરી ચિત્રશાળા પણ એ મકાનમાં જ જામી. ત્યારના વિદ્યાર્થી-મંડળમાં શ્રી (અત્યારે મેજર) બલવંત ભટ્ટ, સર્વશ્રી કનુ દેસાઇ, [illegible]ણુલાલ ભટ્ટ, યજ્ઞેશ્વર શુક્લ, તથા પાછળથી રસિકલાલ પરીખ વગેરે મુખ્ય હતા. એ અરસામાં બાળસાહિત્યના આદર્શ પ્રકાશન તરીકે બહાર પડેલી શ્રી હંસાબહેન મહેતાની 'બાળવાર્તાવલિ' (ભાગ ૧)માંનાં શ્રેષ્ઠ ગણાએલાં બાળસુલભ ચિત્રો મેં તથા રવિભાઇએ સાથે મળી કરેલાં.

ત્યાર પછી મારે કૌટુંબિક મુસ્કેલીઓને લઈ અમદાવાદ છોડવું પડયું ને ગોંડલ જઈ શિક્ષક તરીકેની જિંદગી શરૂ કરવી પડી. તેની સાથે મારા ચિત્રકાર તરીકેના જીવનનો પહેલો હપતો પૂરો થઈ ગયો. ગોંડલમાં ચિત્રકાર તરીકે હું લગભગ નામશેષ બની ગયો. છતાં ગુજરાત મને ભૂલી ગયું નહિ તે જાણી આત્મ-સંતોષ અનુભવું છું. ઘણા ગુજરાતને બેકદર કહે છે પણ મારે ન્યાય ખાતર કહેવું જોઇએ કે ગુજરાત યોગ્ય માણસની યોગ્ય રીતે કદર કરવામાં પાછું પડયું નથી; એટલે ગુજરાતની નિંદા કરી હું તેને અન્યાય નહિ કરું.

મારી કલાપ્રવૃત્તિમાં મેં મોટાં તૈલચિત્રો, 'પૉર્ટ્રેટ' કે 'લૅન્ડસ્કેપ' કર્યાં નથી; વૉટર-કલર લૅન્ડસ્કેઈપ તથા માસિકો તેમજ પુસ્તકો માટેનાં ચિત્રો મારાં ક્ષેત્રો રહ્યાં. તેમાં શ્રી દેશળજી પરમારનાં બાળકાવ્યો 'ગલગોટા' તથા 'ટહૌકા' અને શ્રી શ્રીરામ શર્માની 'પ્રાણોંકા સૌદા'ની શિકારકથાઓએ મને સારી પ્રતિષ્ઠા અપાવી. એ ઉપરાંત સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટિયાની રૂપાંતરિત નવલકથા 'અજામિલ' એમના અવસાન બાદ શ્રી અડાલજાએ પૂરી કરી તેનાં ચિત્રો, તેમજ શ્રી અડાલજાની 'વીરની વાતો', શ્રી ધૂમકેતુના 'તણખા ભાગ ૧લો', 'ત્રિવેદી વાચન માળા', ગોંડલ રાજ્યની વાચનમાળા વગેરેનાં ચિત્રો કરેલાં.''

આ રીતે ચિત્રકાર-જીવનનો પહેલો તબક્કો પૂરો કરીને લગભગ બે દાયકા સુધી શ્રી પંડિતે ગોંડલના કેળવણીખાતામાં (તેમના શબ્દોમાં ચિત્રકાર તરીકે નામશેષ બનીને) શિક્ષક તરીકે કામ કર્યું. પરંતુ એ જીવને પણ દૈવયોગે પલટો લીધો અને તેમણે ફરીથી ચિત્રકાર-જીવનનો બીજો તબક્કો શરૂ કરવા મુંબાઈની વાટ પકડી. ત્યાંના શરૂઆતના દિવસો તો એમને ઘણી મુસ્કેલીમાં કાઢવા પડયા. એમાં (તેઓ લખે છે કે) ''ડી. શંભુલાલની કંપનીવાળા બે ભાઇઓ ધીરુભાઈ તથા કાન્તિભાઇએ વગરભાડે વસવાટ માટે રૂમ કાઢી આપીને, કલાકાર વિનાયક પંડયાએ મુંબાઈની 'કલા-બજાર'થી વાકેફ કરી અનેક પરિચયો કરાવી આપીને, તથા પ્રકાશક વૉરા કંપનીના શ્રી મનહરલાલ વૉરાએ મારે પણ કામ નિભાવી લઈને મને ચાલુ કામ આપ્યા કરી જે સહાય કરી તેથી જ મુંબાઇમાં હું સ્થિર થઈ શક્યો. (પૃ. ૨૩૮ ઉપર)



જ્યાંની ૫૦૪ પ્રતિમાઓ અને ત્રણ માઈલની લંબાઈ સુધી પહોંચતી ૧૪૦૦ શિલ્પ-તકતીઓ માનવીના જન્મથી માંડી મૃત્યુ સુધીની સંસારયાત્રા તથા આકરી તિતિક્ષા અને ભવ્ય આત્મ-સમર્પણ દ્વારા નિર્વાણપદે પહોંચતા ભગવાન બુદ્ધનાં જીવન અને જન્માંતરોની કથાઓ દ્વારા અનેક સુખદુ:ખને પાર કરાવી માણસને ઉચ્ચ આધ્યાત્મિકતાએ લઇ જાય છે તે

જાવાનું સ્થાપત્યરત્ન મહાકાય સ્તૂપરાજ

બોરોબુદુર

અગસ્ત્યને પગલે પગલે . . . **નવનીત પારેખ**

વર્ષો સુધી આતુર હૃદયે જેની પ્રતીક્ષા કરી હતી તે વિશ્વ-વિખ્યાત બોરોબુદુર તથા પ્રંબનમનાં દર્શનની ઘડી હવે આવી પહોંચી. આ બંને મંદિરો મધ્ય જાવામાં જોગજકર્તા-યોગ્યકર્તા-શહેરની પાસે આવેલાં છે. જયકર્તામાંથી વહેલી સવારે ફરીથી ગરુડ ઍરવેઝનું વિમાન પકડી પ્રાચીની દિશામાં ઊડયા. જાવા-સમુદ્રને પાછળ મૂકીને વિમાન મધ્ય જાવાની ફળદ્રુપ ભૂમિ પર થઈ જવા લાગ્યું. નીચે દૂરદૂર ડાંગરનાં હરિયાળાં ખેતરો સમીરની લહેરોમાં ડોલતાં હતાં અને આ ભૂમિનું 'યવદ્વીપ' નામ સાર્થક કરતાં હતાં.

નીકળ્યે બે કલાક થયા ત્યાં વિમાન ધીમેથી નીચે ઊતરવા લાગ્યું. મને થયું કે હવે થોડી પળોમાં વિમાની મથકે ઊતરીશું. પણ ત્યાં તો વિમાનના ઉપનાયક (કો-પાઇલૉટ) આવીને કહી ગયા કે થોડી જ પળોમાં વિમાન વિખ્યાત બોરોબુદુર પર થઇને જશે. આ તો અણધાર્યો લાભ! તરત જ કૅમેરાઓ સજ્જ કરીને બારીમાંથી નીચે દૃષ્ટિ નાખી.


બોરોબુદુરનો ભવ્ય સ્તૂપ ધીમેથી રાજવી ચાલે અમારી તરફ આવી રહ્યો હતો! આ સ્તૂપ-શ્રેષ્ઠના નિર્માતાઓએ સદ્ભાગ્યે તેને એક ટેકરી ઉપર બાંધ્યો હોઈ તે સ્પષ્ટ જોઈ શકાતો હતો. આ શ્યામરંગી મહા-સ્તુપ ધ્યાનમાં બેઠેલા શાક્યમુનિ બુદ્ધના શ્યામ મસ્તક જેવો જ આબેહુબ શોભતો હતો અને તેના પરના અસંખ્ય નાના નાના સ્તૂપો તથાગતના મુંડન કરેલા મસ્તક પર તાજાં ફૂટી નીકળેલાં વાળનાં નાનાંનાનાં ગૂંચળાં જેમ સોહતાં હતાં.

વિમાનના નાયક જાણે મારી ઉત્કટ ભાવના સમજી ગયા હોય એમ તેમણે બોરોબુદુરનું પૂરુ ચક્કર માર્યું અને અમને તેનું બધી દિશાએથી દર્શન મળ્યું. અવની પરના આ શ્રેષ્ઠ બૌદ્ધ સ્મારક તથા તે પરની તથાગતની અસંખ્ય પ્રતિમાઓની પણ અનાયાસે પરિક્રમા થઈ. પ્રાચીન કાળમાં ભગવાન બુદ્ધ જેવા અવતારી પુરુષો પર દેવતાઓ વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ કરતા એવી માન્યતા હતી. અમે વિમાનમાંથી તથાગતને ચરણે અમારી વન્દના ધરી અને થોડી જ પળોમાં યોગ્યકર્તાના વિમાની મથકે ભૂમિસ્પર્શ કર્યો.

વિમાની મથક નાનું તથા તદ્દન સાદું હતું તેના નાના પ્રતીક્ષાલયમાં જે છસાત મિત્રો મારી રાહ જોતા ઊભા હતા તેમાં ફક્ત શ્રી પંજાબીના જાવી ભાગીકાર શ્રી સેઠીઓનો મારા પૂર્વપરિચિત હતા. ઉપરાંત પ્રા.

પૂર્વંચારકે જયકર્તાથી તાર કરીને યોગ્યકર્તાની 'જગ:મદ' વિદ્યાપીઠને સૂચના આપી હોવાથી તેના ઇતિહાસના પ્રાધ્યાપક પોતાના સહાધ્યાયી તથા બે વિદ્યાર્થિનીઓ સાથે આવ્યા હતા; અને યોગ્યકર્તાના જાણીતા સિંધી વ્યાપારી શ્રી ભગવાની પણ તેમના પુત્ર સાથે આવેલા. અમે સીધા યોગ્યકર્તાની મુખ્ય હોટેલ 'ગરુડ-હોટેલ' ગયા અને એક કમરો રાખી અમારો કાર્યક્રમ ઘડી કાઢ્યો.

જયકર્તાના અખબાર 'ઇંડોનેશિયા રાયા'ના તંત્રી શ્રી લુબીસે યોગ્યકર્તાના સુલતાન ઉપર પણ પરિચયપત્ર આપ્યો હતો. સુલતાન પોતે તો બહારગામ હતા, પરંતુ 'છોટા સુલતાન' પ્રિન્સ પકુ આલમ શહેરમાં જ હતા. સુલતાનનો મહેલ 'ક્રાતોન' કહેવાય છે. બહારથી તો એ પ્રાસાદ સાદો તથા અનાકર્ષક હતો, પરંતુ અંદરની સજાવટ આ રાજવીઓના કલાપ્રેમનો ખાસ્સો પરિચય આપતી હતી.




સ્તૂપોત્તમ બોરોબુદુરનું આકાશમાંથી વિહગદર્શન



આપણે ત્યાં પેશ્વાઈ તૂટયા પછી સિંધિયા, હોળકર, ભોંસલે તથા ગાયકવાડ જેવા સૂબાઓ સ્વતંત્ર રાજાઓ બની બેઠા, તેમ મધ્ય યુગમાં જાવાનું હિંદુ મહાસામ્રાજ્ય મજ્જપહિત તૂટયા પછી જાવા–સુમાત્રા, કલિમંથન(બોર્નિયો) તથા શૂલવેશી(સેલેબિસ)ના સૂબાઓ પોતપોતાના વિસ્તારના સ્વતંત્ર રાજવીઓ બની ગયા. ઈસ્લામના આક્રમણ પછી આ રાજાઓએ પોતાની ઉપાધિ બદલીને 'સુલતાન'નામ ધારણ કર્યું, પરંતુ આ ફેરફાર કેવળ ઉપરછલ્લો જ હતો. જાવાના લોકસમસ્તની જેમ આ રાજવીઓનાં જીવન, આહારવિહાર, પોષાક, રીતરિવાજો કે તેમની કલાનિષ્ઠામાં કશોયે ફેર ન પડયો. ડચ શાસન પણ આવ્યું અને ગયું, સ્વાતંત્ર્યસંગ્રામ 'મેર્ડેકા' પણ ગાજ્યો અને શમ્યો, પરંતુ જાવાના લોકો તથા તેમના આ રાજવીઓની કલાસાધના એવી ને એવી જ જીવંત રહી. જાવામાં મુખ્ય બે રાજવીઓ કલાના આશ્રયદાતા રહ્યા છે: યોગ્યકર્તા તથા સુરકર્તાના 'સુલતાન' રાજાઓ. આજે પણ આ બે રાજવીઓના 'ક્રાતોન' મહેલના નૃત્યકારો જાવાસમસ્તમાં કે કદાચ ઈંડોનેશિયાભરમાં શ્રેષ્ઠ ગણાય છે. તેમના વાદકવૃંદ 'ગમેલન'નું સંગીત પણ સમસ્ત ઇંડોનેશિયામાં ઉત્તમ કોટિનું મનાય છે.

અમે ક્રાતોન પ્રાસાદમાં પ્રવેશ્યા એવા જ પ્રિન્સ પકુ આલમે અમને મળવા બોલાવ્યા. ઉત્તર ભારતમાં આપણે પહેરીએ છીએ તેવા જ બંધ કૉલરવાળા લાંબા ડગલાના લાક્ષણિક જાવી પોષાકમાં આ રાજવી શોભતા હતા, પણ એ ડગલાનો કૉલર અઢી–ત્રણ ઇંચ ઊંચો હતો એ વિશેષતા હતી. માથા ઉપર ઘેરા બદામી રંગની પાઘડી હતી ને તેમની કુલીનતા તેમજ વિદ્વત્તા તેમના મુખ પર તરી આવતાં હતાં. કપાળમાં તિલક હોય તો આપણા વારાણસીના કોઈ પંડિત જ માની લેવાય.

સસ્મિત તેમણે અમને સત્કાર્યાં અને અમે ખુરશી પર બેઠા કે તરત જ એક પરિચારક કાચના વાટકાઓમાં ચા લઈ આવ્યો. આપણી ચા જેવી અહીંની ચા કડક નથી હોતી, પરંતુ ચીનની જેમ બહુ નરમ હોય છે ને તેમાં દૂધ નથી હોતું. આપણને આવી ચા સ્વાદિષ્ટ ન લાગે, પરંતુ જાવી લોકો એ બનાવતી વેળા તેમાં મોગરાનાં ફૂલ નાખીને ઉકાળતા હોઈ તેમના સ્વભાવની જેમ તેમની ચા પણ સુવાસિત હોય છે. આમ તેમની ચા તેમજ ચાહ (સ્નેહ) બંનેની મધુરતાનો લાભ મળ્યો.




પાનાને મથાળે : ગરુડ હૉટેલ
ઉપર: હૉટેલના પ્રાંગણમાંની ગરુડની મૂર્તિ; નીચે : જૉગ્જાકાર્તાની લાક્ષણિક ઘોડાગાડી આંદોંગ

જાવી નૃત્ય-સંગીતની પ્રણાલિકાઓથી તો હું સાવ અજાણ્યો હતો તેથી રાજકુમાર પકુ આલમ પાસેથી ઘણી રસમય વિગતો જાણવા મળી. સુગંધી ચાના ઘૂંટડા લેતાં અમે ભારતની ચાર મુખ્ય નૃત્ય-પ્રણાલિકાઓ ભરત નાટયમ્, કથકલી, કથ્થક તથા મણિપુરી સાથે તેની સરખામણી પણ કરી. મારા સદ્ભાગ્યે તે દિવસે જ સાંજે ઇંડોનેશિયન સરકારના એક મોટા અધિકારીના માનમાં નૃત્ય-સમારંભ હતો અને સુરકર્તાના શ્રેષ્ઠ નૃત્યકારોને તે માટે ખાસ બોલાવ્યા હતા: વળી બીજે દિવસે રાજકુમાર પકુ આલમની વર્ષગાંઠ હતી અને તે નિમિત્તે તેમના ક્રાતોન મહેલનો નર્તક સંઘ તેમજ તેમની પોતાની જ બહેનો તથા પુત્રીઓ યોગ્યકર્તાની શૈલીથી શાસ્ત્રીય નૃત્ય કરી બતાવવાનાં હતાં. આ બંને સમારંભ માટે રાજકુમારે સૌજન્યપૂર્વક આમંત્રણ આપ્યું અને બોરોબુદુર–પ્રંબનમ્ જોવા માટે પણ ઘણાં સૂચનો કર્યાં.

'ક્રાતોન'માંથી બહાર આવી અમે યોગ્યકર્તા શહેર જોવા નીકળ્યા. ગજ:મદ વિદ્યાપીઠના ઇતિહાસના પ્રાધ્યાપક શ્રી ચક્રશીષ્વય તથા તેમની બે વિદ્યાર્થીનીઓ કુ. સુદર્શનો તથા પ્રવીરહર્જો સાથે વિદ્યાપીઠની જ મોટરમાં અમે ફર્યા. જોગ્જકર્તાને ટૂંકમાં 'જૉગ્જા' પણ કહે છે; તેમ પાસેના તેવા જ મોટા નગર સુરકર્તાને ટૂંકમાં 'સોલો' કહે છે; કારણ કે તે સોલો નદીને કાંઠે વસ્યું છે. આ બંને નગરીઓ સૌથી લાક્ષણિક જાવી શહેરો કહી શકાય; તેમ હિંદુ સંસ્કૃતિની સૌથી ઊંડી અસર પણ અહીં એટલી સ્પષ્ટ વર્તાય છે, કે તેમને જાવી સંસ્કૃતિનાં ગર્ભમંદિર કહી શકાય, અને બોરોબુદુર તથા પ્રંબનમ્ તેમાં પ્રતિષ્ઠાપિત મૂર્તિઓ કહી શકાય. ઈસ્લામનો ઉપરછલ્લો અંગીકાર કરેલા યવદ્વીપના આ મધ્યપ્રદેશમાં મને આર્ય સંસ્કૃતિ જેટલી વિકસેલી તેમજ અભિવ્યક્ત થએલી જોવા મળી તેટલી તો હિંદુ ધર્મ જાળવી રહેલા બાલીમાં કે સ્વયં ભારતના યે કેટલાક વિસ્તારોમાં જોવા નથી મળી.

યોગ્યકર્તાની વસતિ આશરે પાંચેક લાખની છે. સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ત્રણ વર્ષ દરમ્યાન રાષ્ટ્રવાદીઓએ તેને પોતાની કામચલાઉ રાજધાની પણ બનાવેલી. અમે નગરના મુખ્ય રાજમાર્ગ મેલીઓબોરો પર આવ્યાં ત્યારે શહેરના લોકોને કીડીઆરાની જેમ સાઇકલો પર ઊભરાતા જોયા.



મધ્ય-જાવાનું ગીચ વસતિ પ્રમાણ અહીં સ્પષ્ટ તરી આવતું હતું અને શ્રી ચક્રશીષ્વયે ઉમેર્યું કે આખા ઈંડોનેશિયામાં વસતિના પ્રમાણમાં સાઈકલોની સંખ્યા યોગ્યકર્તામાં સૌથી વધારે હતી. પરંતુ જોગ્જાનું સૌથી ધ્યાન ખેંચે તેવું વાહન તો ત્યાંની લાક્ષણિક ઘોડાગાડી 'આન્દોંગ' હતી. તેમાં આગળ ગાડીવાન ઉપરાંત પાછળના ભાગમાં ચાર જણા સુખેથી બેસી શકે. ઉપર લાંબું છાપરું તો હોય છે, પણ ગરમ પ્રદેશની આબોહવાને અનુકૂળ, તે ચોમેર ખુલ્લી હોય છે અને વરસાદના દિવસોમાં પડદા પાડીને વાછંટ રોકવાની તેમાં જોગવાઈ હોય છે.


શહેરમાં ફરીને અમે નગર બહાર નીકળ્યાં કે મોટરે સીધી બોરોબુદુર તરફ દોટ મૂકી, અને યોગ્યકર્તાથી ચોવીસ માઇલ દૂર આવેલા એ સ્તૂપ-શિરોમણિ પર પહોંચવાનો માર્ગ પણ સારો હોવાથી એક કલાકમાં ત્યાં પહોંચી ગયાં. જતાંજતાં રસ્તામાં જ શ્રી ચક્રશીષ્વય તથા કુ. સુદરીનોને બોરોબુદુર વિષે ઉપરાઉપરી અનેક પ્રશ્નો પૂછી નાખ્યા.

પ્રાચીન કાળમાં બોરોબુદુરનો સ્તૂપ કયા નામે ઓળખાતો હશે તે જાણી શકાયું નથી, છતાં કેટલાક ઇતિહાસકારોએ અટકળ કરી છે કે તેનું નામ 'ધર્મ-પુરુષ' અથવા બરા-બુદ્ધ (મોટા-બુદ્ધ) હશે. પરંતુ મેં તો અટકળ કરી કે તેનું પ્રાચીન નામ **वर-बुद्ध** : (શ્રેષ્ઠ બુદ્ધ) હશે અને કાળે કરીને તેનું અપભ્રંશ નીચે પ્રમાણે થયું હોઈ શકે : વર-બુદ્ધ—બર-બુદુ :—બોરો બુદુર. પરંતુ આ તો માત્ર એક કલ્પનાનો તરંગ છે!

કેડૂ નામના મેદાની પ્રદેશમાં એક નીચી ટેકરીનું મથાળું સપાટ બનાવીને તેની ઉપર આ ભવ્ય સ્તૂપ બંધાયો છે. આઠમી સદીમાં તે બંધાયો તે પહેલાં પણ મધ્ય જાવામાં અસંખ્ય નાનાં-મોટાં હિંદુ તેમજ બૌદ્ધ મંદિરો તથા સ્તૂપો બંધાયાં તો હતાં, પરંતુ સ્થાપત્ય તથા શિલ્પ-કળાની દૃષ્ટિએ તે બધાં ઊતરતી કોટિનાં છે. આઠમા સૈકામાં જાવાભરમાં બૌદ્ધધર્મી શૈલેન્દ્ર રાજાઓનું વર્ચસ્વ હતું, છતાં આમજનતા સામાન્ય-પણે હિંદુધર્મી અને વિશેષે શૈવમાર્ગી હતી. પણ આ બંને પંથો સદા એકબીજાના પૂરક જ રહ્યા છે. શૈલેન્દ્ર રાજાઓએ બોરોબુદુરનો સ્તૂપ-રાજ તેમજ ચંડી-મંડૂત, ચંડી-પવન, ચંડી-કલસન વગેરે બૌદ્ધ મંદિરો બંધાવ્યાં તે પછી થોડા જ સમયમાં જનતાએ એ જ પ્રદેશમાં પ્રંબનમનાં અનેક હિંદુ મંદિરો બાંધ્યાં. શ્રી ચક્રશીષ્વયે ઉમેર્યું કે આજે પણ જાવી લોકોના રીતરિવાજોમાં, સાહિત્ય કે નૃત્ય-નાટકોમાં હિંદુ ધર્મની જ પ્રચંડ અસર જોવા મળે છે, જ્યારે બૌદ્ધ ધર્મની અસર તો ભાગ્યે જ દેખાય છે.

એક વળાંક લઇને અમારી મોટર ધીમેથી ઢાળ ચડવા લાગી અને થોડી જ પળોમાં બોરોબુદુરના મહાકાય, શ્યામવર્ણી સ્તૂપથી થોડે દૂર માન સહ ઊભી રહી ગઇ. બહાર નીકળી અમે કેટલોયે સમય મૂક બનીને અનિમેષ નયને તેને જોતાં ઊભાં. જે ભક્તિભાવ તથા નિષ્ઠાથી ભારતના ભિખ્ખુઓ, સ્થપતિઓ ને શિલ્પકારોએ, પ્રાચીન કાળમાં સાગરો તથા પર્વતો ઓળંગીને યવદ્વીપના આ મધ્યપ્રદેશમાં આવી પોતાની આધ્યા-ત્મિક સાધનાના એક પ્રકારરૂપે આ સ્તૂપોત્તમનું નિર્માણ કર્યું, તે ભક્તિ-ભાવથી લીન થઇને બોરોબુદુર નીરખવામાં હું ગરકાવ થઈ ગયો.

મનઃચક્ષુ સમક્ષ પીત-વસનધારી ભિખ્ખુગણો ઉઘાડે પગે અને મુંડન કરેલા મસ્તકે, ધીરે ડગલે 'ધર્મ-પુરમ' તરફ જતા અને ધીમેથી સ્તૂપ ઉપર ચડતા જણાયા. તેમના હાથમાંનાં પાત્રોમાં કમળ ને ચંપાનાં ફૂલો હતાં અને ચંદન, કર્પૂર તથા ધૂપદાની હતાં. બીજા હાથમાં અભિષેક કરવા માટે જલ-પાત્ર હતું. અરે! આ કોણ? ભિખ્ખુગણોની હારને મોખરે તો ભિખ્ખુ નાગાર્જુન ચાલે છે તેમની પાછળ ભિખ્ખુ ધર્મપાલ ડગલાં માંડે છે, અને તેમની પાછળ જાય છે તે કોણ? તે તો વિદ્વદ્-વર્ય દિઙ્ગનાગ અને તેમની પાછળ ભિખ્ખુ અશ્વઘોષ, અને તેમને અનુસરતા ભિખ્ખુ ધર્મકીર્તિ! તેમના મુખમાંથી નીકળતા 'ત્રિપીટક' તથા 'ધમ્મ-




બોરોબુદુરની અગાસી પરનો પ્રદક્ષિણામાર્ગ જેમાં જમણી તરફ ત્યાંની વિખ્યાત શિલ્પ-તકતીઓનો ભાગ દેખાય છે.

પદ'ના મંત્રોના ગંભીર ધ્વનિથી વાતાવરણ ગુંજી રહ્યું છે, જાણ્યે-અજાણ્યે મારા પગ પણ ચાલવા માંડે છે અને હું તે ભિખ્ખુગણોની હારમાં જોડાઇ જાઉં છું. નત-મસ્તકે મારા મુખમાંથી શબ્દો સરી પડે છે : 'બુદ્ધં સરણં ગચ્છામિ। ધમ્મં સરણં ગચ્છામિ। સંઘં સરણં ગચ્છામિ।'

પરંતુ હું આઠમા સૈકામાં નહિ પણ વીસમી સદીમાં જીવી રહ્યો છું તેનું જાણે કે ભાન કરાવવા માટે ઇંદ્રરાજાએ નભો-મંડળમાં વીજળીનો કડાકો કર્યો અને હું મારી વિચાર-તંદ્રામાંથી જાગ્યો. જાવામાં સામાન્ય-રીતે રોજ બપોર પછી વાદળાં ઘેરાઈને વરસાદ પડે છે. આજે પણ કાળાં વાદળો છવાઇ રહ્યાં હતાં, તેથી વિના વિલંબે અમે બોરોબુદુર પર ચડ્યાં. પરંતુ થોડી જ પળોમાં વૃષ્ટિ શરૂ થઈ ગઇ. શ્રી ચક્રશીષ્વય છત્રીઓ લઈ આવ્યા અને અમે આગળ વધ્યા. પ્રતિમાઓ તથા પ્રલંબ-શિલ્પો જોતાંજોતાં અમે ધીમેધીમે એક અગાસી પરથી બીજી ઉપર ચડતાં ગયાં અને સાથેસાથ શ્રી ચક્રશીષ્વય બોરોબુદુરનો ઇતિહાસ, તેની શિલ્પ-શૈલી તેમજ તેમાં આલેખેલા બુદ્ધના જીવન-પ્રસંગો વિષે સળંગ સમજૂતી આપતા ગયા.

આઠમા સૈકામાં મધ્ય-જાવામાં શૈલેન્દ્ર વંશના રાજવીઓનું મહા-સામ્રાજ્ય પ્રફુલ્લતું હતું. સુમાત્રાના પ્રખર શ્રીવિજય સામ્રાજ્યના રાજવંશના આ રાજવીઓ મહાયાન બૌદ્ધ ધર્મ પાળતા. આ શૈલેન્દ્રનો



બોરોબુદુરના શિખર પરથી દૃશ્ય, જ્યાંથી એક પદ્માસનસ્થ ભવ્ય બુદ્ધમૂર્તિ જાવાનાં વિશાળ મેદાન પર થઈને ક્ષિતિજ પરના જ્વાલામુખી પર્વત પ્રતિ નિહાળી રહી છે; નીચે : બોરોબુદુરની અગાશી પર નાના સ્તૂપોની રચના દાખવતું દૃશ્ય.

યુગ તથા તે પછીનો હિંદુ મંજપહિત-યુગ એ જાવી સંસ્કૃતિના સુવર્ણયુગો હતા. શૈલેન્દ્ર રાજાઓના શાસન નીચે તો શિલ્પ તથા સ્થાપત્યની પ્રવૃત્તિઓનો જાણે કે એક પ્રચંડ જુવાળ જ આવ્યો. સાતમી તથા આઠમી સદીમાં મધ્ય-જાવાના ડીએંગ નામે મેદાન-પ્રદેશમાં સંખ્યાબંધ બૌદ્ધધર્મી તેમજ બ્રાહ્મણધર્મી સ્તૂપો તથા મંદિરો ઊભાં થયાં. એમાં આર્યધર્મની એ બંને શાખાઓનું અજબ મિશ્રણ થયું.

ડીએંગ વિસ્તારમાં ચાર મંદિરો 'અર્જુન' જૂથનાં ગણાય છે : ચંડી-અર્જુન; ચંડી-શ્રીખંડી; ચંડી-પુંતદેવ તથા ચંડી સોમભદ્ર. (જાવામાં મંદિરને 'ચંડી' કહે છે.) આ બધાંના મૂળ અધિષ્ઠાતા દેવો તો શિવ કે વિષ્ણુ હશે, પરંતુ પાછળથી પુરાણપ્રેમી પ્રજામાં રામાયણ-મહાભારતનાં વિવિધ લોકપ્રિય પાત્રોને નામે આમાંનાં ઘણાં મંદિરો જાણીતાં થયાં. દક્ષિણ ભારતમાં મહાબલિપુરમનાં મંદિરો 'પાંચ પાંડવો તથા દ્રૌપદીના રથ' તરીકે ઓળખાય છે, તેમની જ પ્રતિકૃતિ અહીં મધ્ય જાવામાં ઊભી કરવા જાણે કે સ્થપતિઓ તથા શિલ્પકારોએ પ્રયત્ન કર્યો લાગે છે. પલ્લવ શૈલીનું સ્થાપત્ય એમાં સ્પષ્ટ તરી આવે છે. 'અર્જુન' જૂથનાં આ મંદિરો ઉપરાંત બીજાં ચંડી-ઘટોત્કચ તથા ચંડી-સેમરનાં મંદિરો પણ આ પ્રદેશમાં છે. પરંતુ ડીએંગ વિસ્તારનું શ્રેષ્ઠ મંદિર તો ચંડી-ભીમ ગણાય છે, જેનું શિખર સૂચ્યાકાર (પીરામીડ પદ્ધતિનું) છે, તથા તેને આમલકવાળા છ માળ ઉપરાઉપરી છે. આ શિખર આપણા ઉત્કલ (ઓરિસ્સા)ના ભુવનેશ્વર જૂથના પરશુરામેશ્વર મંદિરની જ શૈલીનું છે.




પરંતુ તે પછી થોડા જ સમયમાં પાસેના કેદૂ પ્રદેશમાં જાવાનું શ્રેષ્ઠ સ્થાપત્યરત્ન વર-બુદ્ધ : (બોરોબુદુર) બંધાયું. બોરોબુદુરના બાંધકામ કે પ્રતિષ્ઠાપન અંગે કોઈ શિલાલેખ મળી આવ્યો નથી, પરંતુ ઈ.સ.ના આઠમા સૈકાના પાછલા ભાગમાં તે બંધાવો શરૂ થયો હશે અને નવમાની શરૂઆતમાં બંધાઈ રહ્યો હશે એમ પુરાતત્ત્વવેત્તાઓ માને છે.

બોરોબુદુરના નિર્માણ વિષે શ્રી ચક્રશીષ્વએ બે રસિક જાવી દંતકથાઓ સંભળાવી. એક કથા અનુસાર પ્રાચીન કાળમાં મધ્ય જાવાનો આ પ્રદેશ વેણુવન કહેવાતો. ત્યાં રાજા દેવકુસુમ રાજ્ય કરતો. તેની બે વર્ષની નાની રાજકન્યાને કોઈ દ્વેષભાવે ઉપાડી ગયું. વર્ષો પછી તે બાલિકા એક સ્વરૂપવાન સુંદરી બની. દૈવવશાત્ રાજા દેવકુસુમે તેને ન ઓળખી શકવાથી તેની સાથે લગ્ન કર્યું અને તેમને એક બાળક પણ થયું! પાછળથી રાજાને સાચી ઓળખ થતાં તેણે પ્રાયશ્ચિત્ત રૂપે આ મહા-સ્તૂપ બાંધ્યો! બીજી દંતકથા કહે છે કે પ્રાચીન કાળમાં બોરોબુદુરનો સ્તૂપ જ નહિ પરંતુ પાસેના પ્રંબનમ્ તથા ચંડી-સેવુનાં મંદિરો પણ ત્યાંના રાજકુમારોએ કોઈ દૂર દેશના રાજાની રાજકુંવરીઓને આકર્ષવા તથા તેમને આપેલું વચન પરિપૂર્ણ કરવા બંધાવ્યાં હતાં, પરંતુ બોરોબુદુરનું મંદિર સંપૂર્ણ નહિ લાગવાથી રાજકુંવરીઓ પરણ્યા વિના જ પાછી ગઈ! જે સ્તૂપ-મંદિરનાં દર્શન માત્રથી યાત્રી કે પ્રવાસીનાં અંતરમાં તથાગત બુદ્ધનાં ચરણો વિષે ભક્તિભાવનો જુવાળ આવે છે અને કોઈ અજબ આધ્યાત્મિક શાન્તિ, પ્રસન્નતા તથા આનંદનો રોમાંચ તે અનુભવે છે તે બોરોબુદુર આવા ક્ષુલ્લક હેતુઓ માટે કેમ જ બંધાયો હોઈ શકે? આ દંતકથાઓનું કશું જ ઐતિહાસિક મહત્ત્વ નથી;—માત્ર વરસાદમાં પલળતા અમે બોરોબુદુર આસપાસ ફર્યા ત્યારે અમને ટીખળ તથા વિનોદની કાંઈક મઝા મળી એટલું જ.

કુ. સુદર્શનોએ વાતચીત દરમ્યાન જણાવ્યું કે અજંતાની ગુફાઓ તથા કમ્બોજના અંકોર-વાટ પેઠે બોરોબુદુરનો સ્તૂપ પણ મધ્યયુગમાં સૈંકડો વર્ષો સુધી અજાણ્યો રહ્યો હતો ને છેક ઈ. ૧૮૧૪માં મળી આવેલો. તે પછી વર્ષો સુધી તો તેના પર ઊગી નીકળેલાં વૃક્ષો, તથા બીજી વનરાજિની સાફસૂફી થતી રહી અને છેવટે ૧૯૦૭ થી ૧૯૧૧ દરમ્યાન જાવાની ડચ સરકાર તરફથી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

ચંડી-બોરોબુદુર સૂચ્યાકાર સ્તૂપ છે. તેનો નીચલો તેમજ વચલો ભાગ સમ ચોરસ આકારનો છે, જ્યારે ટોચનો ભાગ ગોળાકાર કરી લેવામાં આવ્યો છે. નીચલા ચોરસ ભાગોમાં એક ઉપર એક પાળવાળી છ અગાસીઓ છે, ને ઉપલા ગોળ ભાગમાં મધ્યના મુખ્ય સ્તૂપને ફરતી ત્રણ ગોળાકાર અગાસીઓ છે. નીચલી છયે અગાસીઓની દીવાલો તેમજ તેમની સામેની પાળ ઉપર બધે બૌદ્ધ સાહિત્ય તથા પ્રણાલિકાઓ પ્રમાણેનાં અસંખ્ય, અદ્ભુત પ્રલંબ શિલ્પોનાં ભાસ્કર્ય (bas-reliefs) કોરેલાં છે; જ્યારે ઉપલી ત્રણ ગોળાકાર અગાસીઓમાં ૭૨ નાના સ્તૂપોની અંદર ભગવાન બુદ્ધની સુંદર પ્રતિમાઓ ગોઠવેલી છે. આ બોતેરે સ્તૂપો પોલા છે અને તેના બહારના પથ્થરના પડમાં સમચોરસ બાકોરાં રાખેલાં છે—જાણે કે પથ્થરની જાળી જ સમજી લ્યો! આ જાળીને લીધે અંદરની પ્રતિમાનું વરસાદ તથા આબોહવાથી કાંઈક રક્ષણ થવા સાથે ભાવિક યાત્રીને તેનું દર્શન પણ થાય છે.

અસલ જ્યારે આ ચંડી-બોરોબુદુર બંધાયો ત્યારે આ ઉપરની અગાસીઓની નીચે, સ્તૂપની તળેટીની દીવાલ ઉપર પણ સુંદર પ્રલંબ-શિલ્પો હતાં. પરંતુ એવી માન્યતા છે કે જેમજેમ સ્તૂપ બંધાતો ગયો તેમતેમ તેની ઇમારતનું વજન ખૂબ ભારે થતું જવાથી આખો સ્તૂપ નીચે બેસી જવાનો ભય ઊભો થયો. આ અણધારી આપત્તિ સામે



બોરોબુદુરની તળેટીની દીવાલ પરના ૧૬૦ તકતીઓમાં તે કાળના લોકોની દિનચર્યા, સંસારમાં સામાન્ય માનવીને હાથે થતાં પાપકર્મ તથા તેની સજારૂપ નર્કનાં દૃશ્યો, અને સત્કર્મીને મળતાં સ્વર્ગસુખ, એમ ત્રિવિધ આલેખનો છે, જેનો એકએક નમૂનો ઉપર આપ્યો છે. પ્રદક્ષિણામાર્ગમાં જમણો ખભો ભીંત તરફ રહે એ રીતે (ઘડિયાળના કાંટાની ઢબે ડાબેથી જમણે) ચાલવાનું હોઇ, આ તકતીઓ પણ આપણે એ જ ઢબે, જમણા છેડાથી જોતા જઇશું. મથાળાની તકતીમાં સૌપ્રથમ જમણે છેડે શિકારવાર્તા છે; વચ્ચે, ઉપરના ભાગમાં વૃક્ષની છાયામાં વિશ્રંભવાર્તા ચાલે છે જ્યારે બીજી બાજુ (નીચે) રસોઈ થતી દર્શાવી છે, જેમાં એક વ્યક્તિ અગ્નિ ફૂંકે છે, ને બીજી માછલી સાફ કરે છે; ડાબી બાજુ માતાના ખોળામાંના માંદા કે મૃત બાળક પર ગ્લાનિયુક્ત કુટુંબીઓ છે. વચ્ચેની તકતીમાં જમણે છેડે બે વ્યક્તિઓ કાચબા ઉકાળતી દર્શાવી છે, જે હિંસાની સજારૂપ (તેના પછી) એક મોટા તાવડામાં યમદૂતો એવાં પાપ કરનારને ઉકાળતા દર્શાવ્યા છે. બૌદ્ધ પરિભાષામાં એ 'પ્રતાપન' નામનું નર્ક છે. તેની પછી એક મનુષ્ય તલવારથી સ્ત્રીની હત્યા કરે છે, જેની સજા તરીકે યમદૂતો એવા પાપાચારીઓને પ્રજ્વલતા અગ્નિની ભઠ્ઠીમાં નાખે છે. એ 'અવીચિ' નામનું નર્ક છે. નીચેની તકતી સત્કર્મીઓને મળતાં સ્વર્ગસુખની છે, જેમાં સુખચેન ને આનંદપ્રમોદ દર્શાવ્યાં છે.

તેનું રક્ષણ કરવા તેના સ્થપતિઓને તેની તળેટીની દીવાલ ઉતાવળમાં માટી તથા પથ્થરોથી પૂરી દેવી પડી, ને છેક ઈ. ૧૮૮૫માં અચાનક ખોદકામ કરતાં એ દીવાલ તથા તેના પરનાં પ્રલંબ-શિલ્પો મળી આવ્યાં!

શ્રી અકશીન્વચ તથા કુ. સુદર્શનો આગળ ચાલ્યાં અને સૌ પ્રથમ તો અમને તળેટીની આ દીવાલની આસપાસ ફેરવ્યાં. બોરોબુદુરની ટોચ પરની બુદ્ધની પ્રતિમાની પૂજા કરવા માટે કુ. પવીરહજે અમારે માટે પાસેનાં ગ્રામજનો પાસેથી થોડાંક પુષ્પો ખરીદી લાવ્યાં. મારા હાથમાંની થેલીમાં ચાર કૅમેરા ઉપરાંત મુંબાઈથી આણેલી મ્હૈસુરની બનાવટની અગરબત્તી, ચંદન, કપૂર વગેરે પૂજાનાં સાધનો હતાં જ.

આ તળેટીની દીવાલ પર પ્રલંબ-શિલ્પોનાં એકસો ને સાઠ ફલક છે. આ બધાં પ્રાચીન કાળના લોકોની દિનચર્યા, તેમની લાગણી તથા ભાવના દર્શાવે છે. સંસારમાં સામાન્ય માનવી અનેક પાપકર્મો કરે

છે, તેના પરિણામ રૂપ નર્કમાં વિવિધ સજાની યાતના તે ભોગવે છે, સત્કર્મ કરનાર મનુષ્યને સ્વર્ગનું સુખ પણ મળે છે, પરંતુ તે સુખ પણ પરિમિત હોઈ તે ફરી પાછો સંસારની ભવાટવીમાં અટવાય છે, વગેરેનું તેમાં નિદર્શન છે. કર્મની ગતિ—કર્મનું બંધન આવું અનિવાર્ય, આવું દુ:ખકર છે. તેમાંથી માનવી કેમ છૂટી શકે? અનંત અખંડ શાંતિ તે કેમ પામી શકે? સર્વ મનુષ્યોને સર્વ કાળે સ્પર્શતા આ મહાપ્રશ્નનો ઉત્તર આપણને બોરોબુદુરની ઉપરની અગાસીઓમાંનાં પ્રલંબ-શિલ્પો આપે છે. તળેટીની દીવાલ પરનાં સંસાર-ચક્રનાં તથા નર્ક-સ્વર્ગનાં દૃશ્યો જોઇ ગ્લાનિ પામેલો પથિક સ્તૂપ પર ચડે છે ને પહેલી અગાસી પર ભગવાન બુદ્ધનું જીવન-ચરિત્ર આલેખેલું જુએ છે; તેથી ઊંચે જતાં તે ગંડ-વ્યૂહ નાં દૃશ્યો, બોધિસત્ત્વ સુધનની તપસ્યા ને નિર્વાણપ્રાપ્તિનાં દૃશ્યો જુએ છે; અને છેક ઉપરની વીથિકા (અગાસી) પરનાં ધ્યાની બુદ્ધોનાં દર્શનથી કૃતાર્થ બને છે. આ રીતે બોરોબુદુર ચડતાં ભાવિક યાત્રી શરીર રૂપે જ નહિ પરંતુ આધ્યાત્મિક રીતે પણ ઊર્ધ્વ-ગતિને પામે છે!

તળેટીની દીવાલ પરનાં પ્રલંબ-શિલ્પોને મથાળે કેટલાક લેખ મળી આવ્યા છે. આ શિલાલેખ મુખ્ય સ્થપતિઓએ ત્યાંના શિલ્પકારોને તેમના કાર્ય અંગે સૂચના રૂપે લખેલા મનાય છે. સામાન્યરીતે આવી સૂચનાઓ શિલ્પકામ પૂરું થતાં પાછળથી ઘસી નાખવામાં આવતી, પરંતુ તળેટીની આ દીવાલ ઉતાવળમાં પૂરી દેવી પડી હોઈ સૂચના-લેખો ભૂંસવા રહી ગયા. ઉપરની કોઈ અગાસીમાં આવા લેખ મળ્યા નથી.

તળેટીની દીવાલ પર સૌપ્રથમ અમે સુવર્ણવર્ણની કથાનો પ્રસંગ જોયો. પ્રાચીન કાળમાં આ વેણુવન પ્રદેશમાં દિવાકર નામે રાજા રાજ્ય કરતો હતો. તેના પુત્ર સુવર્ણ-વર્ણ અને તેની પ્રિયતમા કાશી-સુંદરી વચ્ચેનો પ્રણય-સંબંધ, તથા તેમણે વેઠેલાં કષ્ટો આ પ્રલંબ-શિલ્પ દર્શાવતું હતું. ત્યાંથી આગળ જતાં અમે લોકો વચ્ચેના કલહનાં દૃશ્યો, ખૂનામરકી, તથા વિવિધ પશુઓની હત્યાનાં દૃશ્યો જોયાં. ત્યાંથી આગળ વિવિધ પ્રકારનાં પાપ-કર્મો તથા તેમને અનુરૂપ વિવિધ પ્રકારનાં નર્ક-લોકનાં દૃશ્યો આવ્યાં. એક દૃશ્યમાં બે માણસો લડતા અને તેની બાજુમાં આ પાપની સજારૂપે યમદૂતો તેમને લાઠી વડે મારતા દર્શાવ્યા હતા. શ્રી ચક્રશીષ્વર્યે સમજાવ્યું કે આ 'સંજીવ' નામનું નર્ક છે.

બીજા એક દૃશ્યમાં બે માણસોને એક ચેટાની ચામડી ઉતારતા બતાવ્યા હતા અને તેની સજા રૂપે યમદૂતો તેમાંના એક પાપીનું મસ્તક કરવત વડે વહેરતા દર્શાવ્યા હતા. આ 'કાલ-સૂત્ર' પ્રકારનું નર્ક હતું. વળી એક પ્રલંબ-શિલ્પ-માં પાપી લોકો ઉપર એક મોટો પહાડ તૂટી પડતો બતાવ્યો હતો ને તેની બાજુના શિલ્પ-માં એક દુષ્ટાત્મા હાથીને પગે છૂંદાતો નિરૂપ્યો હતો. આ બંને 'સંઘાત' પ્રકારના નર્ક-લોકનાં દૃશ્યો હતાં. એથી આગળના એક શિલ્પમાં એક માણસ બીજાને તલવારથી મારતો બતા-વીને તેની સજારૂપે બે યમદૂતો તે પાપીને મોટા કાંટાળા વૃક્ષ વડે તાડન કરતા દર્શાવ્યા હતા. તેની પડખેના દૃશ્યમાં એક માનવીને જુઠ્ઠું બોલીને છેતરપિંડી કરતો દર્શાવી તેની સજારૂપે તેની જીભ કાપીને એક દીવાલ પર ખીલી વડે લટકાવેલી બતાવી હતી. ચક્રશીષ્વર્યે જણાવ્યું કે આ બંને 'મહા-રૌરવ' નર્કનાં દૃશ્યો હતાં.

આગળ જતાં 'પ્રતાપન-નર્ક'નું દૃશ્ય આવ્યું, જેમાં બે માણસો માછલીઓ તથા કાચબા-ઓ ઉકાળીને ખાતા હતા અને તેની સજારૂપે એક મોટા તાવડામાં યમદૂતો તેમને ઉકાળતા બતાવ્યા હતા. ત્યાંથી આગળ 'અવીચિ' નર્ક આવ્યું. કુ. સુદર્શનાએ સમજાવ્યું કે આ સૌથી યાતનાપૂર્ણ નર્ક ગણાય છે. તેમાં એક મનુષ્ય એક સ્ત્રીને માથે તલવાર તોળીને ઊભો હતો. આ માતૃ-હત્યાનું પાતક હશે? તેની સજા રૂપે યમદૂતો આ પાપાચારીને ઘસડીને પ્રજ્વલતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવા લઇ જતા બતાવ્યા હતા. એક શિલ્પમાં વૈતરણી નદી દર્શાવી હતી, જે પણ બૌદ્ધ માન્યતા પ્રમાણે એક પ્રકારનું નર્ક છે. તેના જળમાંથી સતત વિષમય વાયુ નીકળે છે અને તેને તળિયે લોઢાના ખીલા જડ્યા છે.

તળેટીની દીવાલ ઉપર જે લોકજીવનનાં દૃશ્યો છે તેમાં જાળ નાખતા માછીમારો, જંગલમાં વિહરતા શિકારીઓ, ઘર આંગણે બેસીને વાતો કરતા લોકો, બાળક સાથેની માતા, પાઘડી પહેરેલા પુરુષો, તો વળી ન્યાય-મંદિરમાંના ન્યાયાધીશ તેમજ અપરાધી પણ જોવા મળ્યા. એક દૃશ્યમાં એક કુટુંબ જમવા બેઠું છે તેના પાત્રમાં ભાતનો ઢગલો તથા માછલી જોવા મળે છે અને પાસે પાણીનો લોટો પણ છે. બીજા એક દૃશ્યમાં એક જટાધારી ઋષિ બીજા બ્રાહ્મણો સાથે બ્રહ્મ-જિજ્ઞાસાની ચર્ચા કરતા નજરે ચડે છે, તો બીજા એક દૃશ્યમાં નગરજનો દેશાધિપતિ રાજવીને નમન કરતા દેખાય છે. એક દૃશ્યમાં સ્મશાન-ભૂમિ પર મૃત દેહ તથા ખોપરી પડયાં છે અને વાતાવરણની અસર સંપૂર્ણ બનાવવા શિલ્પકારે તેમાં એક નાનકડું શિયાળ પણ કોરી કાઢ્યું છે! યાત્રીની ગ્લાનિ તથા વિહ્વળતા હળવી કરવા બીજા દૃશ્યમાં લોક-સંગીત રેલાવતા વાદ્યકારો તથા નૃત્યકારો બતાવ્યા છે, તો વળી બીજા એક શિલ્પમાં એક મંદિર તથા તેના આંગણામાંના સ્તંભ પાસે લોકો નમન કરતા તથા પાત્રમાંથી ફૂલો વર્ષાવતા દર્શાવ્યા છે.

સ્વર્ગ-લોકનાં દૃશ્યો બતાવતાં શિલ્પોમાં સત્કર્મ કરનાર મનુષ્યો અનેક પ્રકારની ક્રીડાઓ કરતા દેખાય છે. શિલ્પકારે સ્વર્ગનો ખયાલ આપવા માટે કલ્પ-વૃક્ષ તથા આકાશમાં વિહરતા કિન્નરો બતાવ્યા છે. કુ. સુદર્શનાએ સમજાવ્યું કે આ શિલ્પોમાં વિશેષે કરીને ત્રણ પ્રકારનાં સ્વર્ગ દર્શાવ્યાં છે: કામ-ધાતુ સ્વર્ગ સૌથી નીચલા પ્રકારનું સ્વર્ગ છે, જે મેરુ પર્વતની અધવચ્ચે આવેલું છે. ત્યાં તેત્રીસ દેવો તથા ભવિષ્ય બુદ્ધ વસે છે. રૂપ-ધાતુ સ્વર્ગ મધ્યમ પ્રકારનું છે જેમાં બ્રહ્મકાયિક, બ્રહ્મ-પુરોહિત તથા મહા બ્રાહ્મણ પ્રકારનાં ધ્યાન-સ્વર્ગ આવેલાં છે. શ્રેષ્ઠ સ્વર્ગ અરૂપ-ધાતુ છે જ્યાં નિરાકાર શૂન્યતાનો આનંદ તથા પરમ શાન્તિ મળે છે.



ઝરમર ઝરમર વર્ષા નીચે અમે તળેટીની ચારે દીવાલો જોઇ વળ્યા. માનવ-હૃદયમાં રહેલી વાસના તેની પાસે કેવાં કેવાં કર્મો કરાવે છે અને તેને કર્મના પાશમાં તથા સંસાર-ચક્રમાં જકડી લે છે! ભગવાન શંકરાચાર્યે સાચું જ ગાયું છે કે:

'पुनरपि जननं, पुनरपि मरणं,
पुनरपि जननीजठरे शयनम्।
इह संसारे खलु दुस्तारे
कृपया पाहि कृष्णमुरारे ॥'

આ દુસ્તર ભવ-સાગરમાંથી એક કૃષ્ણ-મુરારિ કે તથાગત-બુદ્ધ જ આપણને ઉગારી શકે. વૈરાગ્યનો કાંઈક અનુભવ કરતાં આર્ત હૃદયે અમે ઝડપથી પહેલા માળની અગાસી પર ચડયાં. (ચાલુ)

માણસના નેવું ટકા રોગો જેમાંથી જન્મે છે તે સર્વ જીર્ણ રોગોની જનેતા કબજીઆત

લોકપ્રિય લેખમાળા 'માંદગીનાં મૂળ'નો ચાળીસમો હપતો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આંતરડાંમાંથી વ્યય-દ્રવ્યો (કચરો) બરાબર બહાર ન નીકળી જાય એ કબજિયત છે. આ વ્યય-દ્રવ્યોમાં નહિ પચેલો ખોરાક, શરીરનો શ્લેષ્મ, કલેજામાંથી આવેલા જીવાણુઓ, મેલ, ઝેરી દ્રવ્યો અને પિત્ત હોય છે. શરીરનો આ કચરો ચોવીસ કલાકમાં એક વાર દસ્ત વાટે બહાર આવે છે. જોકે આમાં યથોચિત ફેરફાર રહે છે. ભર્યા શરીરવાળાને દિવસમાં બે વાર મળત્યાગ સાધારણ છે, તો પાતળા માણસને ઘણી વાર બે દિવસે એક વખત થતી આ ક્રિયા સાધારણ (normal) બની રહે છે.

હોજરીમાં ખોરાક જાય એટલે આખા પેટમાં તાલબદ્ધ સંકોચનની પરંપરા શરૂ થાય છે, જે હોજરીથી શરૂ થઈ આંતરડાંમાંથી પસાર થઈ છેક ગુદામાં શમે છે. આને આકુંચન-લહરી (peristalsis) કહે છે. આકુંચન-લહરીને લીધે હોજરીમાંથી ખોરાક આંતરડાંમાં જાય છે. આમ, મોંમાં શરૂ થએલી પાચનક્રિયા હોજરીમાં કાયમ રહી આંતરડાંમાં પૂરી થાય છે. નાનાં આંતરડાંનો શરૂનો ભાગ જે 'ગ્રહણી' તેમાં પ્રોટિન અને ચરબી પચે છે. કલેજામાંથી આવેલું પિત્ત પચેલો ખોરાક શોષવામા મદદ કરે છે, અને આંતરડાંના પાચક રસથી શર્કરા પચે છે. આમ, પાચનક્રિયા પૂરી થયા બાદ એ પચેલો ખોરાક નાના આંતરડાના છેવટના ભાગમાં થોડો વખત રહે છે, જે દરમ્યાન તેનું સત્ત્વ આંતરડાની દીવાલોમાં શોષાય છે. તે પછી તે આગળ વધે છે, અને મોટા આંતરડામાં પાણી સહિત ખોરાકના સત્ત્વના શોષણની ક્રિયા થાય છે. આ બે શોષણ-ક્રિયા બાદ નહિ પચેલો ખોરાક, મોટા આંતરડાના ઊતરતા નળમાં મળત્યાગ થતા સુધી પડી રહે છે. અ-પચેલા ખોરાકમાં ન જ પચી શકે એવો ખોરાકનો સખત ભાગ, ખોરાકના રેષાઓ, બરાબર ચવાયા વિના રહેલો ખોરાક અને શોષાતાં વધેલા ખોરાકના કૂચા હોય છે.

આંતરડાંના હલનથી બે બાબતો બને છે: એક તો બધા ખોરાકનું બરાબર મિશ્રણ થાય છે જેથી એમાં પાચક રસો સારી રીતે ભળે છે; અને બીજું તે આગળ ધકેલાય છે. આંતરડાંની આ હલનચલનની ક્રિયા (આકુંચન-લહરી)માં બગાડો થતાં કેટલીક રોગાવસ્થાઓ આવી પડે છે. એમાં કબજિયત અને અતિસાર (ઝાડા) મુખ્ય છે.

હોજરીમાં જ્યારે નવો ખોરાક જાય ત્યારે શરૂ થએલી સંકોચનની પરંપરાને લીધે આતરડાંના અંત ભાગમાં રહેલો ખોરાકનો શેષ ભાગ બહાર નીકળી જવો જોઇએ. આનો અર્થ એ થયો કે દરેક ભોજન પછી મળોત્સર્ગ થવો જોઇએ. આ દૃષ્ટિએ બે ટંક ખાનારને બે વખત અને ત્રણ ટંક ખાનારને ત્રણ વખત મળોત્સર્ગની ક્રિયા સ્વાભાવિક લેખાય.

સવારે કરેલો નાસ્તો ચાર કે પાંચ કલાક બાદ નાના આંતરડાના નીચલા ભાગમાં જઈ પહોંચે છે; બપોરે લીધેલા જમણે ઉપજાવેલી સંકોચન-લહરીને લીધે એ નાસ્તાનો રહેલો અવશેષ (નવ કલાકના સમય બાદ) મોટા આંતરડાના આડા નળમાં પહોંચી જાય છે; અને સાંજના વાળુના સમય પહેલાં નાસ્તાનો એ અવશેષ ઊતરતા નળ ભણી ધીમી ગતિ કરે છે; એટલે, વાળુ કર્યા પછી શરૂ થએલી નવી આકુંચન-લહરીને લીધે દસ્તની હાજત થવાથી સફરામાં પડી રહેલો નાસ્તાનો કચરો શરીર બહાર ફેંકાઈ જાય છે.

આ જ રીતે, બપોરના જમણનો અપાચ્ય ભાગ રાતના સમયે ધીમેધીમે મોટા આંતરડામાંથી પસાર થઈ એના છેવટના ભાગમાં આવી રહે છે, જ્યારે વાળુનો નહિ પચેલો ભાગ મોટા આંતરડાંમાં આવી પહોંચે છે. સવારમાં ઊંઘમાંથી જાગવાની અને ઊઠવાની ઉત્તેજના તથા રાતભરના આરામ બાદ નાસ્તા પછી પેટમાં શરૂ થએલી જોસદાર આકુંચન-લહરીથી માણસને દસ્તની હાજત થાય છે જે વખતે ભોજન તથા આગલી રાતના વાળુના અવશેષોનો નિકાલ થાય છે.


આમ, પેટની પ્રક્રિયા અનુસાર, માણસને સ્વાભાવિકરીતે તો દિવસમાં બેએક વાર મળત્યાગ થવો જોઈએ; પણ જિંદગીના ઢાળા તથા સામાજિક રીતરીવાજોને અનુકૂળ રહી ચોવીસ કલાકમાં એક વાર મળત્યાગ કરવાની ટેવ આપણે પાડી છે. મળત્યાગની ક્રિયામાં માંસપેશીઓના બે 'સેટ' (સમૂહ) અને જ્ઞાનતંતુઓના ત્રણ સેટ કામે જોડાય છે. માંસપેશીઓમાં (૧) આંતરડાંની અનૈચ્છિક માંસપેશીઓ અને (૨) પેટની ઐચ્છિક માંસપેશીઓ છે. આમ જુદીજુદી માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓના સમૂહકાર્યથી મળત્યાગની ક્રિયા થાય છે. આ ક્રિયામાં અંતરાય પાડનારી કેટલીક બાબતો છે: માંસપેશીઓની તાકાત કે સંકોચન શક્તિ ઘટે, માંસપેશીઓની અતિશય ઉત્તેજના થાય અથવા તો પેટની આકુંચન-લહરીમા અંતરાય પડે. આ ત્રણ બાબતો બનવાથી બંધકોશની સ્થિતિ આવી પડે છે.

કારણો

બંધકોશ થવાનાં કારણો આ રહ્યાં: ખામીભર્યો આહાર, અપૂરતું પ્રવાહી, અપૂરતી કસરત, ખામીભરી ટેવો, માનસિક કારણો, થાક, વધારેપડતું કામ, જુલાબ અને એનીમા, પથારીવશ થવું પડે એવી માંદગી, સગર્ભાવસ્થા, સફરાના રોગો અને બીજા પ્રકીર્ણ કારણો.

ખામીભર્યો આહાર

સુધારાના આ જમાનામાં પૉલિશ કરેલા ચોખા, ફોતરાં કાઢેલી તથા પોલિશ કરેલી દાળ, થૂલું કાઢી લીધેલો ઘઉંનો લોટ તથા મેંદો, અને છાલ છોલી નાખેલાં શાક ખાવામાં આપણે પ્રતિષ્ઠા અને ગૌરવ



←અન્નમાર્ગમાં ખોરાકના પ્રવાસનો ક્રમ તથા સ્થાન દર્શાવતો આલેખ: કાળો કરીને બતાવેલો ખોરાક (૧) પહેલાં હોજરીમાં આવે છે. ચારપાંચ કલાક બાદ તે (૨) નાના આંતરડામાં પહોંચે છે, જ્યાંથી બીજા ચારેક કલાકે (૩) મોટા આંતરડામાં ઊંચો ચડે છે ને છેવટે (૪) ઊતરતા નળમાં નીચે ઊતરે છે. માણસે માણસે ને સંજોગો પ્રમાણે તેનો સમય જુદોજુદો હોય છે.

સમજીએ છીએ; પણ એ સમજતા નથી કે રેષાવાળાં તત્ત્વો વગરનો અને ખનીજ ક્ષારોના અભાવવાળો આ આહાર ઘણો જ ખામીભર્યો છે. ઘઉંના લોટના થૂલામાં, કઠોળનાં ફોતરાંમાં, ગામઠી દેખાતા હાથ છડના ચોખામાં અને શાકની છાલોમાં રેષાવાળાં તત્ત્વો આવેલાં છે. રેષાવાળાં આ તત્ત્વો જોકે આંતરડાંમાં શોષાતા નથી, પણ એનાથી મળ આગળ ધકેલાઇને દસ્ત સાફ લાવવાની ક્રિયા થાય છે. રેષાવાળાં તત્ત્વો આપણને ભાજીમાંથી મળે છે. આપણે શાક ખાઇએ છીએ ખરા, પણ તેની યે છાલ કાઢી નાખીએ છીએ. પરિણામે, એ છાલોમાં રહેલા ખનીજ ક્ષારો નહિ મળવાથી થોડાક રોગો ને કબજિયત થઈ આવે છે.

અપૂરતું પાણી

ખોરાક વિના માનવી મહિનો જીવી શકે, પણ પાણી વિના તો દસ દિવસમાં મૃત્યુ આવી પડે. શરીરની દરેક કામગીરીમાં પાણીનું ઘણું જ મહત્ત્વ છે. શરીરની દરેક રાસાયણિક ક્રિયા પાણી દ્વારા જ થાય છે. શરીરનાં બધાં વ્યયદ્રવ્યો (કચરો) પાણીના માધ્યમમાં રહીને જ શરીર બહાર ફેંકાય છે. મળમાં ઘણા ટકા પાણી હોય છે. કોઈ પણ કારણસર શરીરમાં પાણીની તાણ પડે તો મળના પાણીનું પ્રમાણ ઘટે છે.

શરીરમાં લેવાતા અને શરીરમાંથી બહાર નીકળતા પાણી વચ્ચે ચોક્કસ પ્રમાણ જળવાય છે. આને પાણીની સમતુલા કહે છે. વ્યક્તિના કામધંધા અનુસાર તેને પાણીની જરૂરત રહે છે. એમાં જો જોઈતા પ્રમાણ કરતાં ઓછું પાણી પિવાય તો પેશાબ, પસીનો અને મળમાંથી પાણી ઓછું થઇને પણ શરીરની પાણીની સમતુલા તો જળવાય છે. પણ આમ પાણી કમી થવાથી મળ કઠણ અને સૂકો બનતાં બંધકોશની સ્થિતિ આવી પડે છે. એવો અંદાજ છે કે તંદુરસ્ત પુખ્ત વયના માનવીએ રોજના છ થી આઠ રતલ પાણી પીવું જોઇએ.

અપૂરતી કસરત

શરીરની શક્તિ ને કાંટો (tone) જાળવવા માટે થોડીઘણી કસરત તો જરૂરી જ છે. માણસની વય, જાતિ, તંદુરસ્તી ને ધંધા અનુસાર તેને કસરત હોવી જ જોઇએ. એ જરૂરિયાત પ્રમાણે જો માનવી કસરત ન કરે તો શરીરની—અને પેટની સુદ્ધાં માંસપેશીઓ ઢીલી બને છે. પેટની માંસપેશીઓની એ ઢીલાશને લીધે પણ બંધકોશ આવી પડે છે. જોકે બધા જ પ્રકારના બંધકોશ માટે કસરત કાંઈ એકલો ઉપાય નથી. ઘણા યે માણસો કસરત કરતા નથી અને એમને બંધકોશ હોતો નથી. વળી સંવેદનશીલ માણસોની માંસપેશીઓ સદા તંગ રહે છે. એવાઓને તો કસરતને બદલે શિથિલતા(relaxation)ની જરૂર રહે છે.

ખોટી ટેવો

શરમ, સંકોચ–વ્રીડા, કે જાજરૂની અગવડને લીધે દસ્તની હાજતને મારવાથી બંધકોશની સ્થિતિ આવી પડે છે. આરોગ્ય જાળવવા માટે પોષણદાતા ખોરાકની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર મળનો નિકાલ કરવાની પણ છે એ તરફ આપણો મોટો ભાગ બેદરકાર છે. ચોવીસ કલાકમાં એક વાર તો મળનો નિકાલ થવો જ જોઇએ. ગંદકી અને દુર્ગંધને લીધે પાયખાનામાંથી ઉતાવળ કરીને ભાગી આવવું એ પણ બંધકોશને આણનાર છે. દસ્તની શરૂઆતમાં શરૂનો સખત મળ નીકળ્યા બાદ બીજો નરમ મળ પણ નીકળવાની વાટ જોવી જોઇએ. બીજી બાજુ કેટલાક 'સુધરેલા' લોકો વળી પાયખાનામાં સાથે અખબાર લઈ જતા હોય છે! તેથી થતા સંવેદનોના ઉશ્કેરાટથી સંપૂર્ણ મળત્યાગની ક્રિયામાં વિલંબ કે અંતરાય થાય છે. આ બધાની સામટી અસરો એ પણ કબજિયતનું એક કારણ બને છે.

માનસિક કારણો

ઘણા માણસો ચિંતા કે નિરુત્સાહથી ઘેરાવાને કારણે કે અચાનક પલટાએલી પરિસ્થિતિમાં આવી પડવાથી પણ કબજિયતના ભોગ થઈ પડે છે, અને એ લાગણીનાં વાદળ જ્યારે હઠી જાય ત્યારે અગાઉની મળત્યાગની ટેવ તેમને પ્રાપ્ત થાય છે. પણ જે માણસો લાગણીના પછડાટ, ચિત્તક્ષોભના ખળભળાટ, માનસિક નિરાશા અને અન્ય ઉગ્ર સંવેદનોના વારંવાર ભોગ બનતા જ રહે છે તે કાયમી અપચા અને બંધકોશથી પીડાયા વિના નથી રહેતા. એ તો જાણીતી બીના છે કે મનની લાગણીના આધારે જ આપણું પાચનતંત્ર ઉત્તેજાય કે મંદ પડે છે. ભય, ક્રોધ, ચિંતા, ઈર્ષ્યા અને ધિક્કારની લાગણીઓ વખતે પાચનક્રિયામાં અને મળના નિકાલમાં મંદતા આવે છે, પણ પ્રસન્ન ચિત્તની અવસ્થામાં આ બન્ને ક્રિયાઓ સારી રીતે થાય છે.

થાક

શરીર થાકેલું હોય ત્યારે આપણને કમજોરી લાગે છે. થાકેલી માંસપેશીઓ સંકોચાય ત્યારે ખેંચ પેદા કરવાની તેમની તાકાત નાબૂદ થાય છે ને આરામ મળતાં એ થાક દૂર થઇને એમને દૃઢતા પ્રાપ્ત થાય છે. આમ, વચ્ચે આરામ વિના વધારે કલાકો સુધી સતત કામ કરનારને થાકને લીધે પણ બંધકોશ આવી પડે છે. રાત્રે કામ કરનાર, પૂરતી ઊંઘ નહિ પામનાર, અગર તો દિવસ અને રાત કામમાં જ મચ્યા રહેનારાઓ થાક તથા તેના પરિણામજન્ય બંધકોશ બંનેથી પીડાય છે.

જુલાબ અને એનીમા

બંધકોશનો સાચો ઉપાય જુલાબ કે રેચ નથી જ. ખાવાપીવાની ભૂલના કારણે કે વધારેપડતું ખાવાથી અપચો કે બંધકોશ થયો કે તેના નિવારણ માટે જુલાબ લેવાની રીત આપણામાં પ્રચલિત છે. તેને માટે ઘરગથ્થુ ઉપચાર-ઓસડિયાંથી માંડી જુલાબની પેટન્ટ ગોળીઓ અને એનીમા (આપમેળે) લેવાનો રિવાજ સામાન્ય છે. શરદી કે બીજી માંદગીના કારણે ક્વચિત્ લેવા પડતા જુલાબની આ ટીકા નથી, પણ જરાક અપચો કે પેટમાં સહેજ બગાડ જણાતાં વેંત વારંવાર લેવાતા રેચ અંગે તો ઘણું કહેવાનું છે. આવા લોકો જાણતા નથી હોતા કે જુલાબ લીધા બાદ તેને માટે પેટના રસો વધારે પ્રમાણમાં ખેંચાઈ આવેલા હોવાથી તરત પાછો બંધકોશ આવી પડે છે, કે જેમાંથી છૂટવા ફરી જુલાબ લેવો પડે છે! આમ જુલાબ અને બંધકોશનું દુષ્ચક્ર ઊભું થાય છે.

માંદગી અને સગર્ભાવસ્થા

ક્ષય, હૃદયરોગો, વા, ઑપરેશન પછીનો આરામ, પગની ઈજા વગેરે પથારીમાં પડી રહેવાની માંદગીના કારણે શરીરની બધી માંસપેશીઓ ઢીલી બને છે; અને ઢીલી પડેલી માંસપેશીઓની સંકોચનશક્તિ ઓછી થવાથી કે ગુમાવવાથી મળ આગળ ધકેલવાનું એમનું બળ કમી થાય છે. વળી સગર્ભાવસ્થામાં ગર્ભના વિકાસથી આંતરડાં સંકોચાઇને લોચો વળે છે તેને લીધે કામચલાઉ બંધકોશ આવી પડે છે. આવી સ્થિતિઓ દરમિયાન હળવો અને મંદ રેચ લેવાનો વાંધો નથી, કેમકે એમાંથી મુક્તિ મળ્યે હરતાફરતા થવાથી માંસપેશીઓની શક્તિ પાછી પ્રાપ્ત થાય છે અને બંધકોશ દૂર થાય છે.

સફરાના રોગો

હરસ-મસા, ગુદાના ચીરા અને ભગંદરમાં એ રોગોએ ઉપજાવેલા દાહથી જ્ઞાનતંતુઓ ઉશ્કેરાઇને આંતરડાં સંકોચ પામે છે, તેને પરિણામે પણ બંધકોશ રહેવો સ્વાભાવિક છે. આ વખતે બીજી દવાઓમાં પૈસા ખરચવા નિરર્થક છે, પણ એ રોગોની જ નાબૂદીના—શસ્ત્રક્રિયા વગેરે ઉપચારો વડે જ બંધકોશ પણ મટી શકે છે.

બીજાં કારણો

પિત્તનો એક ગુણ રેચક પણ છે, અને પિત્તનું એક કામ વાદળીની પેઠે પાણી સંઘરવાનું તથા આંતરડાંમાં તેને ચાલુ રાખવાનું છે. પિત્તના

રોગોમાં પિત્ત ઘટવાથી આંતરડાંમાં પૂરું પાણી નહિ રહેતું હોઈને મળ સુકાઈ જઇને કબજિયત આવી પડે છે. પ્રૌઢાવસ્થામાં આ પ્રકારનો બંધકોશ સામાન્ય છે. આવી સ્થિતિમાં વિટામિનો, કસરત, ખાસ ખોરાકો કે જુલાબો લેવાથી બંધકોશ દૂર થતો નથી, પણ પિત્તક્ષારો જ દવારૂપે લેવાથી ફાયદો થાય છે.

છીંકો, નાક સજ્જડ થઈ જવાં, આંખોમાંથી પાણી નીંગળવું વગેરે 'એલર્જી'ના કારણે થાય છે. કોઈ માણસને એલર્જીની અસર વધારે થાય છે તો કોઇને થોડી. પાચનમાર્ગના અવયવોની 'એલર્જી' થઈ આવે ત્યારે જે જાતજાતના બગાડા થઈ આવે છે એમાંનો એક બંધકોશ છે.

જીર્ણ (chronic) બંધકોશમાં મોટા આંતરડામાં અપાચ્ય ખોરાક લાંબા વખત સુધી પડી રહે છે. એ પડી રહેલો ખોરાક કહોવાય છે અને ઝેરી બને છે. આપણા દેશની ગરમીમાં, જલદી બગડી જાય એવાં ખાદ્ય ભરેલી ટ્રેન જ્યાં માલ ઉતારવાનો હોય ત્યાં ઘણા દિવસો પછી પહોંચે ત્યારે રવાના કરેલા માલની સ્થિતિનો ખયાલ કરવા જેવો છે. બંધકોશ પણ આવી એક સ્થિતિ છે. આંતરડાંમાં પડી રહેલો ખોરાક કહોવાય છે, સડે છે અને એમાં આથો ચડે છે. આમાંનું ઘણું ગંદું ઝેરી દ્રવ્ય નવા ખોરાકના તાજા શોષાતા પોષણ સાથે લોહીમાં શોષાય છે. આ સ્થિતિ જો લાંબો વખત ચાલે તો શરીરનાં ઝેરી દ્રવ્યોને શુદ્ધ બનાવનાર અવયવો (જેવાં કે કલેજું, થાઇરૉઈડ ગ્લૅન્ડ વગેરે) પર વધારે બોજો આવી પડતાં તે ભાંગી પડે છે. આમ, ઝેર-નિવારક એ ગ્રંથિઓની કાર્યક્ષમતા ઘટવા સાથે શરીરની રોગ-પ્રતિકાર-શક્તિ પણ ઘટે છે, જેથી રોગોત્પાદક જીવાણુઓનું આક્રમણ શરીર પર સહેલું બને છે.

બંધકોશને 'રોગોની માતા' તરીકે ઓળખવામાં આવે છે. સમર્થ બ્રિટિશ ડૉક્ટર સર વિલિયમ આરબુથનૉટે કહ્યું છે કે માણસના નેવું ટકા જીર્ણ રોગો બંધકોશના પરિણામે જ થાય છે. બંધકોશને લીધે આંતરડાંમા મળ સડે છે ને સડાનાં ઝેર લોહીમાં શોષાય છે. વિખ્યાત અમેરિકન આરોગ્યશાસ્ત્રી જે.એચ. કેલૉગ આને 'ઑટોઈન્ટૉક્સીકેશન' (આપઝેર) નામે ઓળખાવે છે. એને પરિણામે માનવીને કાયમી થાક લાગે છે, શરીરમાંથી સ્ફૂર્તિ અને તાજગી નાશ પામે છે, જીભ ઉપર ચીલો થર જામે છે, મોઢામાંથી દુર્ગંધ આવે છે, આધાશીશી અને માથાનો દુખાવો સતાવે છે, સાંધાઓનો વા (ગાઉટ) તથા રક્તક્ષય થઈ આવે છે, ન્યૂરાઇટિસ, ન્યૂરૅલ્જિયા અને અનિદ્રા પીડા આપે છે, અને મોટા આંતરડામાં પેદા થએલો એ ચેપ ઍપેન્ડિક્સ, નાનાં આંતરડાં, પિત્તાશય, કલેજું, હોજરી તથા ગુરદાને પણ લાગુ પડે છે.

ઉપચાર

પથારીવશપણું, સગર્ભાવસ્થા, ચેપીરોગ, અપચા ને થાક વખતે, તેમજ વૃદ્ધો તથા અશક્તોની બાબતમાં બંધકોશ નિવારવા માટે થોડા રેચ અને જુલાબની જરૂર ખરી. પણ રોજ ગોળી, ફાકી કે પ્રવાહી જુલાબ લેવા હાનિકારક છે. એવા અતિ ઉપયોગથી બંધકોશ હઠીલો બને છે ને પછી તો જુલાબ આણનારી દવાઓ પણ નકામી નીવડે છે.

ઢીલાં આંતરડાં કે બીજા કારણે જેમને મળના નિકાલ માટે અવારનવાર દવા લેવી પડતી હોય તેમના માટે બે ઉપયોગી ઔષધો હરડે અને ઇસપગુલ છે. આ 'સારક' દવાઓ છે; જ્યારે વિલાયતી મીઠું, જુલાબની ગોળીઓ વગેરે 'રેચક' દવાઓ છે. તે લેવાથી આંતરડાંમાંથી પાણી સ્રવે છે જે મળને આગળ ધકેલે છે; પણ આમાં મોટા ભાગે મળ પ્રવાહી થાય છે, જ્યારે સારક દવાઓ મળને ધીમેધીમે ધકેલી બહાર કાઢે છે. વળી આંતરડાંમાંથી આમ વારંવાર પાણીનો સ્રાવ થવાથી તે જરઠ થતાં જઇને પોતાની સ્વાભાવિક કાર્યશક્તિ પણ ગુમાવી બેસે છે. પરંતુ જરૂર પ્રમાણે બે આની કે પાવલીભાર હરડે રાત્રે સૂતા અગાઉ નવશેકા પાણી સાથે ફાકવાથી સવારે મળ એની મેળે સરી આવે છે. એમાં પણ મળ પ્રવાહી બને તેટલી માત્રા ન લેવી. ઈસપગુલની માત્રા એકથી બે ચમચાની છે. તેને દસપંદર મિનિટ દૂધ કે પાણીમાં પલાળી રાખવાથી સાબુદાણાની કાંજી કે તકમરિયાની માફક ફૂલે, એટલે પછી (જરૂર લાગે તો ખાંડ નાખી) પી જવું. ઈસપગુલનો ગુણ મળના જથ્થાને વધારીને તેને બહાર કાઢવાની આંતરડાંની ક્રિયાને વેગ આપવાનો છે. તે સાથે તેનો બીજો ગુણ આંતરડાંમાં જમા થએલા મળને પોતાની ચિકાશ વડે લીસો બનાવી સરળતાથી નીકળવા માટે પ્રવાહક પદાર્થની ગરજ સારવાનો છે. આવું મળવાહક બીજું સ્નિગ્ધ દ્રવ્ય પૅરેફીન છે. એ પણ મોટા આંતરડાના મળના જથાને લીસો બનાવી એને બહાર નીકળવામાં મદદ કરે છે. પણ પૅરેફીન ખનિજ તેલ હોવાથી તેના લાંબા વપરાશને લીધે આંતરડાંની આંતરત્વચા આળી બને છે અને પરિણામે આંતરડાંના અપઘાતક રોગો થઈ આવવાનું મનાય છે.

જીવવા માટે જેટલી અગત્ય ખોરાકની છે એટલી જ અનિવાર્યતા મળત્યાગની છે. આહાર અંગે માણસને થઈ આવતા બે સામાન્ય રોગ તે અપચો અને બંધકોશ. એમાં બંધકોશના ઉપચારમાં રેચ કરતાં પણ કંઈક વધારે તત્ત્વ જરૂરી છે. શરીરની જુદીજુદી સ્થિતિઓના કારણે બંધકોશ થાય છે, ને તેનું એ ખરું કારણ ઝીણવટભરી તપાસથી જ જાણવા મળે છે. એ પ્રમાણે જો ચિકિત્સા થાય તો ફાયદો પણ થાય એ ચોક્કસ છે. બંધકોષથી પીડાતા માણસોએ પોતાના ખોરાક, પાણીનું પ્રમાણ, કસરત, આરામ, મનની સ્થિતિ તથા જીવનની ટેવો વિષે ઝીણવટભરી તપાસ કરવી જરૂરી છે. એ અંગેના થોડા નિયમો આ રહ્યા :

ખોરાક : વિટામિન બી૧નો અભાવ એ બંધકોશ થવાનું એક કારણ છે. ઘઉંના લોટના થૂલામાં અને ચોખાના ઊપલા પડમાં એ પ્રકારનું વિટામિન હોય છે. થૂલું આપણે ફેંકી દઇએ છીએ ને ચોખા-દાળ પૉલિશ કરેલાં ખાઇએ છીએ. વળી છુટ્ટા ભાત કરવા માટે ભાતનું ઓસામણ પણ ફેંકી દઇએ છીએ! એટલે શરીરને ઉપયોગી વિટામિન બી૧ પૂરું પાડવા માટે હાથછડના ચોખા ને થૂલાવાળી (કરકરા લોટની) ભાખરી આહારમાં લેવાં જોઇએ. આવી બીજી જરૂરિયત પાંદડાંવાળી ભાજી અને લીલોતરી શાકની છે. બટાટા, રીંગણ, પરવળ, ટીંડોળાં વગેરે શાકોની છાલ કાઢી નહિ નાખવી, કેમકે એમાં જ શરીરને ઉપયોગી ક્ષારો સમાએલા છે, તદુપરાંત તે રેષાવાળાં તત્ત્વો પણ પૂરાં પાડે છે. કઠોળમાં પણ તુવેર સિવાય મગ, અડદ, ચોળા (તથા આખા ચણા) વગેરે ફોતરાંવાળાં જ ખાવાં જોઇએ. વળી બને એટલાં તાજાં ફળો ખાવાં. ફળો ખાવાથી વિટામિનો અને ક્ષારો મળે છે. ઉપરાંત એમાં રેષાવાળાં તત્ત્વો હોવાથી સારક તરીકે પણ તે કામ આપે છે. ગાજર, કાકડી, મૂળા, મોગરી, ટમેટા, કાંદા વગેરેનાં કાચાં કચૂંબર ખાવાં જોઇએ. થૂલાવાળી ભાખરી, છાલવાળાં શાક, પાંદડાંવાળી ભાજી અને કાચાં કચૂંબરથી ખોરાકમાં રેષાવાળાં તત્ત્વોનું પ્રમાણ આવવાથી મળ આગળ ધકેલાઇ દસ્તની હાજત નિયમિત બને છે.

પાણી : પુખ્ત વયના માનવીએ રોજ છથી આઠ રતલ પાણી પીવું જરૂરી છે. આયુર્વેદમાં ઉષઃપાનનું ઘણું મહત્ત્વ જણાયું છે. સૂર્ય ઊગતાં અગાઉ વહેલી સવારમાં ઊઠી, ખૂબ કોગળા વતી મોં સાફ કર્યા બાદ, તાંબાના લોટામાં ભરી મૂકેલું અરધા શેરથી એક શેર સુધીનું (રુચિ પ્રમાણે) પાણી પીવું. જો આ ન બની શકે તો સવારમાં દાતણ કર્યા બાદ કાચના એક ગ્લાસ (હૂંફાળા કે ઠંડા) પાણીમાં થોડું લીંબુ નીચોવી પીવું. ત્યાર બાદ પંદર મિનિટની જલદ ચાલ ચાલવી. આથી આંતરડાંનું હલનચલન થઇ મળત્યાગની હાજત થઈ આવે છે.

વળી પાણી પીવાનો પણ ચોક્કસ ક્રમ હોવો જરૂરી છે. સામા-

ન્યરીતે ખાવા અગાઉના એક કલાકના ગાળામાં ને ખાધા પછી અરધો કલાક પાણી ન પીવું. ભોજન દરમિયાન પાણી પીવામાં વાંધો નથી, પણ તે એટલું બધું નહિ કે પાચક જઠરાગ્નિને મંદ પાડે. જેઓ ભોજન દરમ્યાન બિલકુલ પાણી ન પીતા હોય તેમને ખાધા પછી ખૂબ તરસ લાગે છે. તેમણે પણ ભોજનાન્તે એકસામટું પાણી ન પીતાં થોડું જરૂરી પાણી પી લઇને પાંચ-દસ-પંદર મિનિટ બાદ પાણી પીવું.—સં. તે વખતે અને ત્યાર બાદ પિવાય એટલું પાણી પીવું.

પછી તો તરશ પ્રમાણે છૂટથી પાણી પીવું. કેટલાક માણસો ખોટી માન્યતાઓથી પ્રેરાઈ તરશ મારે છે. ઘણા માણસોને નાનપણથી જ થોડું પાણી પીવાની ટેવ હોય છે. તેમને જો બંધકોશની ફરિયાદ હોય તો વિશેષ પાણી પીવાની ટેવ પાડવી. ભૂખ અને ખાવું એ જેમ ટેવના વિષય છે તેમ પાણી પીવા માટે પણ ટેવ પાડવી પડે છે. અને પાણી પણ ધીમેધીમે પીવું, એકદમ ગટગટાવી ન જવું.

ટેવ : આપણા શરીરની દરેક કામગીરી ટેવને આધીન છે. બાળપણથી જ જો સવારમાં નિયમિત પાયખાને જવાની ટેવ પાડી હોય તો તે જિંદગી પર્યંત કાયમ રહે છે. બંધકોશ રહેતો હોય તોપણ રોજ સવારમાં નિયમ સમયે પાયખાનામાં તો જવું જ. વળી તે વખતે મળત્યાગ સિવાય બીજા કોઈ જ વિચાર ન કરવા. બીજા વિચારોને લીધે તેને લગતાં નાનામોટાં સંવેદનો થયા કરે છે, જે જ્ઞાનતંતુઓને ઉશ્કેરી મળાવરોધ કરે છે. સારા કામના કે આકાંક્ષાભરી યોજનાના વિચારોથી, ગાયને વાછરડાને જોવાથી દૂધનો પારસો છૂટે તેમ—મળ નીકળી આવે છે. પણ એ વિચારો પ્રસન્નતાપ્રેરક હોવા જોઇએ. વળી પેડુની બંને બાજુને હથેળી વડે પસવારવાથી કે ત્યાં હથેળી પોચેથી દાબીને તેને હૂંફ આપવાથી પણ મળ સરી આવવામાં સહાય થાય છે. પાયખાનામાં ઓછામાં ઓછું દસેક મિનિટ બેસવું, પણ કરાંઝવું નહિ. તેને અંતે મળ ન નીકળે તો નિરાશ થયા વિના પાછા ચાલ્યા આવવું, પણ કચવાવું નહિ. આ રીતે નિયમિત કરવાથી સવારના મળત્યાગની ટેવ પડી જાય છે.

બીજી ટેવ ખોરાકના સમય પરત્વે છે. બે ટંક ખાવા વચ્ચે ઓછામાં ઓછું ચારથી છ કલાકનું અંતર રાખવું. વચ્ચે ખાવાનું મન થાય તો પણ તેમ જ કેતાવળથી તો હરગીઝ ખાવું નહિ. બરાબર ચાવીને ધીરેથી ખાવું. ખૂબ ચાવવાથી મોંનો લાળરસ ખોરાક સાથે ભળીને પાચનમાં મદદ કરે છે.

કસરત : રોજ સવારે કોઈ પણ પ્રકારનો વ્યાયામ લેવો જરૂરી છે. એથી શરીરની માંસપેશીઓ શક્તિશાળી બને છે. હોજરી અને આંતરડાં પણ માંસપેશીઓનાં જ બનેલાં છે. કસરતથી તે ક્રિયાશીલ રહે છે. બાકી આજના બેઠાડુ જીવનમાં તો તે ઢીલાં રહે છે. આ માંસપેશીઓને બરાબર દૃઢતા ને સ્થિતિસ્થાપકતા આપવાની આપણી દંડબેઠકની, ટેનિસની વગેરે ઘણી કસરતો છે. જેમનાથી આ ન થઇ શકે એમના માટે આપણાં કેટલાંક યોગાસનો પણ ઉપયોગી છે. પેટના બીજા કેટલાક સાદા વ્યાયામો આ નીચે ચિત્રો સાથે આપ્યા છે :


(૧) પગ ઊંચકવા : ચત્તા સૂઓ અને બે પડખે હાથ રાખો. બન્ને પગ અક્કડ રાખી થાપામાંથી ઊંચા કરો. આ રીતે પાંચ સેકન્ડ ઊંચા રાખો ને પછી ધીમેથી ભોંય ઉપર મૂકો. શરૂઆતમાં દસ વખત આવું કરો ને પચ્ચીસ સુધી લઈ જાઓ. પગ ઊંચકતી વખતે શ્વાસ બહાર કાઢો ને પગ નીચા મૂકતી વખતે શ્વાસ અંદર લો. (જુઓ ચિત્ર)

(૨) પગ ગોળ ફેરવવા : ચત્તા સૂઓ. બન્ને પગ ઊંચા કરો. ઢીંચણમાંથી પગ અક્કડ રાખી બન્ને પગોને ગોળ ફેરવો. શરૂમાં દસ વખત કરો અને ક્રમશ પચ્ચીસ સુધી લઈ જાઓ. (જુઓ ચિત્ર)

(૩) પગ છટકારવા : ચત્તા સૂઈ પગ ઢીંચણથી વાળી છાતી પર લાવો. પેટ અંદરથી ખેંચો. વારાફરતી પગ સીધા કરી જોસભેર આગળ ફેંકો.

(૪) પેટથી બેઠા થવું : સીધા સૂઇ જાઓ. કબાટ કે ઘોડા જેવી ભારે વસ્તુ નીચે પગ ભરાવો. બન્ને હાથનાં આંગળાં એકબીજામાં પરોવી પહોળી બનેલી હથેળી માથા નીચે મૂકો. પેટ સંકોચો. ઢીંચણ અક્કડ રાખો ને કેડમાંથી બેઠા થાઓ. પાછા સૂઈ જાઓ ને બેઠા થાઓ. બેઠા થતાં શ્વાસ બહાર કાઢો અને સૂતાં અંદર લો. જોકે આ કસરત છે તો કઠણ પણ એનાથી પેટની ચરબી ઓછી થાય છે. (જુઓ ચિત્ર)

(૫) કલેજાનો નિચોડ : ટટ્ટાર ઊભા રહો. ડાબા હાથમાં દસ કે વીસ શેરી કે એવું જ કૈંક શક્તિને માફકસર વજન પકડો. ડાબા પડખે શરીર વાળો અને જેટલું બને તેટલું નીચું લઈ જાઓ. આ વખતે પગ અક્કડ રાખો. ડાબા પડખે શરીર વળે તેમ જમણો હાથ ધીમેધીમે ઊંચો થવા દો. પછી શરીર સીધું કરો. આવું પંદર વખત કરો. પછી જમણા હાથે વજન પકડી ઉપર પ્રમાણે કરો. આ કસરતથી કલેજાની ફરિયાદો દૂર થઈ મંદ પડેલું યકૃત તેજ બને છે. (જુઓ ચિત્ર)



શીર્ષાસન

એ લોકપ્રિય આસન વિષે એક અનુભવીની નવી વાત

લેખક · નટવરલાલ માળવી

છેલ્લાં સત્તાવીસ વરસ થયાં દેશભરમાં શીર્ષાસનનો પ્રચાર ખૂબ જ વધ્યો છે. એમ કેમ બન્યું? કયું કારણ શીર્ષાસનના પ્રચાર માટે કારણભૂત બન્યું?

સને ૧૯૩૦માં ગાંધીજીની અસહકારની પ્રવૃત્તિ જન્મી અને ખૂબ વેગવંત બની. મહાભિનિષ્ક્રમણ સમી ગાંધીજીની દાંડીકૂચે સમગ્ર ગુજરાતને, અને ભારતવર્ષને સચેતન બનાવી દીધું. સરકારે દમનશસ્ત્ર ઉગામ્યું અને દેશભરની જેલો ઊભરાવા લાગી.

પ્રાંતેપ્રાંતમાં, નગરેનગરમાં જુવાનો, વૃદ્ધો, પ્રૌઢો,–અરે નમૂછિયા કિશોરો પણ સંખ્યાબંધ કૃષ્ણજન્મનિવાસ પ્રત્યે કૂચ કરવા લાગ્યા: હસતા હસતા, ખુશ થતા થતા, વરણાગીભેર.

એમ જેલો બની ગઈ છાત્રાલય. ભણેલાગણેલા, વિચારવંત, દેશસેવાપ્રગશમંડિત, અભ્યાસશીલ, અનુભવપીઢ નેતાઓ, ઉપનેતાઓ અ-નેતાઓ(અને સ્ત્રીવિભાગમાં જનેતાઓ)નાં છમાસિક-નવમાસિક-વાર્ષિક સત્ર ગાળવાનાં સ્થાનકો બની ગઈ જેલો. ખરેખર જ આ જેલોએ શિક્ષણાલયનું સ્વરૂપ ધારણ કર્યું. પંડિતો, શિક્ષકો પણ પુષ્કળ ને શિષ્યભાવી. જિજ્ઞાસુ, શૌનકમુનિઅપેક્ષકોની પણ ન્યૂનતા નહિ જ.

અને ત્યાં જાતજાતના વર્ગો ચાલ્યા: હિન્દીનો, ઉર્દૂનો, બંગાળીનો, જર્મન ભાષાનો, ભગવદ્‌ગીતાનો, જાતીય શાસ્ત્રનો વગેરે. જ્ઞાનના અનેકાનેક વિષયો જ્ઞાતાઓએ શીખવ્યા ને જ્ઞાનેચ્છુએ તેનો લાભ લીધો.

એ જ રીતે યોગાસનના જાણકારોએ જાતજાતનાં આસનો શીખવ્યાં. તેમાં સૌથી વિશેષ શિખવાયું ને શિખાયું તે શીર્ષાસન.

એકેક જેલમાંથી કૂડી બે કૂડી પાંચ કૂડી માણસો શીર્ષાસન શીખી શીખીને બહાર પડ્યા, અને ઠેરઠેર તેનો પ્રચાર કરવા લાગ્યા. શીર્ષાસનની બોલબાલા ચાલી. સમગ્ર દેશમાં આસનોપચાર તરફ લક્ષ વધ્યું.

સને ૧૯૪૫ની વાત છે. એક વેળા સ્વ. શ્રી... એ મને કહ્યું: 'નટવરભાઈ, હવે આ જમાનામાં લોકોને કશી ફુરસદ હોતી નથી. સો દંડ કરો, બસો બેઠક કરો, અખાડે જાઓ, કલાક સુધી સૂર્યનમસ્કાર કરો: એવો બધો ઉપદેશ જ્ઞાનીઓ આપે તો ભલે આપે, પણ તેનો કોઈ ઉપયોગ થવાનો નથી, ને અમલ પણ નહિ જ; કેમકે આજના ધમાલિયા અને પ્રવૃત્તિસભર યુગમાં એવી બધી નિરાંત કોઈને હોય નહિ, એટલો વખત ગાળી શકે નહિ ને વાત બને નહિ. આજે તો કંઈ અર્ક રૂપી કસરત શોધી કાઢવી જોઇએ. દવાઓની સારભૂત ટીકડીઓ—concentrated tablets આવે છે (સો ટીકડીનું તત્વ એક ટીકડીમાં ગડબેલું), તેવી સારગર્ભ, ટૂંકી, જૂજ વખત લેનારી પાંચદસ મિનિટ જ માગે છતાં ગુણ સો મિનિટ જેવો આપે એવી કસરત,—જેને લોકો અપનાવી શકે, વાપરી શકે, રોજેરોજ જીવનમાં જાળવી શકે. આવી કોઈ કસરતનું સંશોધન થવું જોઇએ.'

મેં જવાબમાં કહ્યું: 'ભાઈ, એવી કસરત શોધાએલી જ છે, ને તે સેંકડો વરસ પૂર્વે. આપણા વડવાઓએ જ તે શોધેલી છે, તેને પદ્ધતિસર શાસ્ત્રીય પણ બનાવેલી છે. સર્વ કસરતોના સાર રૂપ એ કસરત તે શીર્ષાસન,—માથા ઉપર ઊભા રહેવું તે. એટલી એક કસરત માણસ પાંચથી દસ મિનિટ રોજ કરે તો બસ. બીજી કોઈ કસરતની બહુ જરૂર રહેતી નથી. એના શરીરને સરખે પાટે રાખવા માટે તે પૂરતી થશે.'

એ વાતચીત થઈ, ને બીજે જ દિવસે નવાઇ જેવી વાત બની. નરસિંહ મહેતાના મામેરા જેવી! બરાબર બીજે દિવસે, સવારે મારી ટપાલ આવી તેમાં 'સંજીવન' નામનું મુંબાઈ સરકાર સંચાલિત અંગ્રેજી માસિક આવ્યું. તેમાં શીર્ષાસન વિષેનો એક લેખ હતો. લેખકનું નામ ખ્યાલમાં રહ્યું નથી. તેનું પહેલું જ વાક્ય (અંગ્રેજીમાં) આમ હતું: 'સર્વ કસરતોના સાર રૂપ, સર્વ કસરતો જેવો એકત્રિત ગુણ આપનાર કસરત તે શીર્ષાસન છે—માથા ઉપર ઊભા રહેવું તે.'

મેં તુરત જ ટાંપ કરીને એ અંક પેલા જિજ્ઞાસુ ભાઇને, (તે પણ સૂરતના એક પીઢ રાષ્ટ્રીય નેતા જ હતા) મોકલી આપ્યો.

આ વાતને વરસ બારેક થયાં હશે, ને તે વેળા પંડિત જવાહરલાલ નેહરુ રોજ શીર્ષાસન કરે છે એ વાત મને માલૂમ ન હતી.

શીર્ષાસને ગયાં ૨૫-૩૦ વરસના ગાળામાં અનેક માનવીઓને સુદૃઢતાને માર્ગે ચડાવ્યા છે એમાં શંકાને સ્થાન નથી.

હું પોતે પણ શીર્ષાસન થાણાની જેલમાં શીખ્યો. શીખવનાર હતા સ્વ. ભાઈદાસ ધારશી ભૂતા,—મુંબાઈના એક સુપ્રસિદ્ધ કાપડિયા. બેચાર દિવસમાં તો હું અદ્ધર રહેતો થયો અને ધીમેધીમે ૫ થી ૧૦ મિનિટ અદ્ધર રહી શકું એટલી આવડત થઈ ગઈ.

સને ૧૯૩૧માં હું જેલમાંથી બહાર આવ્યો, પણ શીર્ષાસન કરવાનું ચાલુ રાખ્યું. મને બંધકોશની તકલીફ સારી પેઠે હતી, એટલે હું સવારે, તદ્દન ઠંડે પહોરે શીર્ષાસન કરી શકતો નહિ, પણ દસ-અગિયારેક વાગે કરતો. એનાથી મને સારીપેઠે લાભ થયો એ નિર્વિવાદ વાત છે.

મોટામાં મોટો લાભ એ થયો કે એને લીધે હું ટટ્ટાર બેસતો થયો. એટલી તાકાત કરોડરજ્જુમાં—પીઠમાં આવી કે તે સારો જેવો વખત ટટ્ટાર રહી શકે. આપણે ત્યાં સોમાંથી નવ્વાણું નહિ, પણ લાખમાંથી ૯૯,૯૯૯ માણસો જ્યારે બેસે ત્યારે ખૂંધલા જેવા બેસે છે, વળીને બેસે છે, ટટ્ટાર બેસતા નથી,—કેમકે બેસી શકતા નથી. તેમને ટટ્ટાર બેસવાનું કહો તો અરધીપોણી મિનિટમાં જ થાકી જશે. આ ક્ષતિ સુધારવાનો ઉપાય શીર્ષાસન છે. વળી શીર્ષાસનથી મને પેટની તકલીફમાં પણ સારો ફાયદો થયો, પાચનશક્તિ વધી, ભૂખ પણ વધી. લગભગ બે અઢી વરસ મેં શીર્ષાસન નિયમિત ભાવે કર્યું હશે.

પણ ત્રણચાર વરસ પછી મને, એ શીર્ષાસનને લીધે જ એક તકલીફ ઊભી થઈ. શીર્ષાસનને લગતા પુષ્કળ લેખો લખાયા છે ને અનેક પુસ્તકોનાં પ્રકરણ એમાં ખરચાયાં છે. એવા અનેક લેખો ને વિવરણો મેં વાચ્યાં છે. પણ શીર્ષાસનથી નુકસાન થાય છે,-અમુક સંજોગમાં અમુક નુકસાન થાય છે, એવો લગાર પણ ઇશારો ક્યાંય મારી નજરે ચડ્યો નથી. દરેક ચીજમાં લાભહાનિ હોય છે, તેમ શીર્ષાસનમાં પણ કંઈક હાનિ છે જ, અમુક સંજોગમાં હાનિ છે. અને તેના તરફ બહુજનસમાજનું ધ્યાન ખેંચવાનો આ લેખમાં મનસૂબો રાખ્યો છે.

મને ઊર્ધ્વ વાયુ થયો. ઊર્ધ્વ એટલે—ઊર્ધ્વકાર, ગુજરાતી સ્વરૂપે ઓડકાર. આખો દિવસ, બબ્બે પાંચપાંચ મિનિટને આંતરે મને ખૂબ મોટેથી ઓડકાર આવવા લાગ્યા.

મારું શરીર વાયુપ્રધાન છે. વાયુની તકલીફ મને લગભગ ચૌદેક વરસની ઉમરથી છે. હોજરી તો તે પૂર્વેથી જ મંદ; કારણ, મેં લગભગ પોણાબે વરસની અર્ભક ઉંમરે નાઇટ્રિક ઍસિડ પીધેલું—મારાથી પિવાઈ ગએલું, ને મરતોમરતો બચેલો. તેની ખટાશ શરીરમાંથી હજુ પણ તદ્દન નાબૂદ થઈ નથી. પણ એ વિષે અહીં વધુ લખવું જરૂરી નથી.

મારી એ વાયુ-તકલીફે ઉગ્ર સ્વરૂપ લીધું, ને વિપરીત ગતિ પણ લીધી.

શીર્ષાસનનું એક નામ 'વિપરીતકરણી' પણ છે. એ નામ સાર્થક થાય તે રીતે મારા શરીરે વાયુની અધોગતિને બદલે ઊર્ધ્વગતિ શરૂ કરી દીધી ને તે પણ ઉગ્ર રૂપે. લગભગ આખો દિવસ મને બહુ જ મોટા અવાજથી, બહુ ભયાનક કહી શકાય એવા,—નાનકડું બચ્ચું તે ખંડમાં હોય તો કદાચ બીને રડી ઊઠે તેવા, ઓડકાર આવવા માંડયા. બસો'ક ફૂટ દૂરથી સંભળાય એવા એ ઓડકાર હતા.

દવાદારૂ—દેશી, આયુર્વેદના ઘરગથ્થુ પ્રયોગો ચાલુ કર્યા. શા કારણે થાય છે કે થયું છે એનો ખયાલ મને હતો. કારણ જાણ્યા વિનાના ઉપચારો ઘણુંખરું નિષ્ફળ જાય છે. તે રીતે મારા ઘરગથ્થુ ઉપચારો પણ નિષ્ફળ નીવડયા. એટલે પછી કુટુંબના વડીલ સમા એક જૈફ વૈદ્યરાજની દવા મેં શરૂ કરી. તેમણે મને ઘણા સવાલો પૂછીપૂછીને શોધી કાઢયું, કે આ અસર શીર્ષાસનની જ હતી! શરીરમાં થોડું પણ મળતત્ત્વ હોય, વાયુ ઊપજતો હોય, એ દશામાં શીર્ષાસન કરવામાં આવે તો વાયુ પોતાની કુદરતી અનુલોમનની દિશા તજીને શીર્ષાસનકાળની ગુરુત્વાકર્ષણીય ગતિ,—એટલે કે ચાલુ પરિસ્થિતિથી ઊંધી, ઊર્ધ્વગતિ લે, એ વાત સમજાય તેવી છે. તેમણે મને શીર્ષાસન કરવાની સાફ મનાઈ કરી દીધી અને ઉપચાર શરૂ કર્યા. ધીમેધીમે, અતિ અતિ ધીમે તેની અસર થવા લાગી.

પરંતુ મારા શરીરમાં વાયુની ઉત્પત્તિ પણ ઘણી જ થતી હતી તેનું ખરું કારણ જરા મોડેથી લક્ષમાં આવ્યું. અમે સૂખવેલના ચોખા ખાતાં હતાં. તે જાત વાતુલ ગણાય છે. બચપણમાં કોઠો ઘડાએલો કોલમના ચોખા પર. સત્તાવીસેક વરસની ઉમરે કોઇકે સૂખવેલના ચોખા તરફ ધ્યાન ખેંચ્યું, ને તે વાપરતાં ખૂબ મીઠા ને સોડમયુક્ત, લહેજતદાર લાગ્યા. પરિણામે અમે સૂખવેલના ચોખા ઘરમાં ચાલુ કર્યા, ને એનાથી શરીરમાં વાયુ વધ્યો. એનાથી જ એ વધે છે, એવું લેશ પણ ભાન તે વખતે નહિ; ને જાતજાતના ઉપચારો એને માટે કરેલા ખરા,—વૈદકીય ને દાક્તરી; પણ કોઇને ય અવા પ્રકારની કલ્પના આવે નહિ, અને એવી ચકાસણી કરે નહિ, ને એવું વાતુલ ખાદ્ય વાપરતાં અટકવાનું પરિણામ આવે નહિ. એટલે સૂખવેલનો વપરાશ ચાલુ જ હતો. (આનો અર્થ એવો નથી કે સૂખવેલ વાપરનારા સૌને અતિવાયુ થાય જ. એનો આધાર પ્રકૃતિ પર છે. વાતપ્રધાન માણસોને થાય, થવા સંભવ. બીજાઓને ઓછો સંભવ, અગર ન જ થાય. હજારો, લાખો લોકો, પ્રકૃતિએ મજબૂત ને કુદરતી જીવન જીવનારા, આ પ્રકારના ચોખા વિનાતકલીફે ખાય જ છે. પણ વાતપ્રધાન કે નાજુક પ્રકૃતિવાળા પર જ અસર થવાની.

પેલા મુરબ્બી વૈદ્યરાજની દવા કરતા હતા, ધીમી અસર ચાલુ હતી, એવામાં, સમજપૂર્વક નહિ પણ આકસ્મિક રીતે, અમારા ઘરમાં સૂખવેલને બદલે કોલમ ચોખાની પધરામણી થઈ; અને તે પછી તુરત જ વાયુનું જોર ઘણું કમી થઈ ગયું. દવા પણ અસર કરવા લાગી, અને દોઢએ મહિના પછી ઊર્ધ્વવાયુનું પ્રમાણ એકદમ ઓછું થઈ ગયું. આમ છતાં હજુ મને થોડોઘણો ઊર્ધ્વવાયુ તો રહે છે જ.

અને આનું કારણ મુખ્યત્વે હું પેલા શીર્ષાસનને જ ગણું છું. જેઓ શીર્ષાસન કરતા હોય, કે કરવા ઇચ્છતા હોય, તેમણે એ કસરતનું આ ભયસ્થાન લક્ષમાં લેવું જરૂરી છે. વાતપ્રધાન માણસોએ તો ખાસ; કેમકે ઊર્ધ્વવાયુ વધે તો તે હૃદયને નિર્બળ બનાવી શકે છે. વાયુની કુદરતી ગતિ 'અધો'—નીચેની, અનુલોમનરૂપ જોઇએ; તેવી ગતિ વાયુ પકડે તો શીર્ષાસન બંધ રાખવું, ને કોઠાશુદ્ધિ વગર તે ન કરવું. શીર્ષાસન—કે કોઈ પણ આસન સ્વચ્છ ચોખ્ખી હવામાં, ને વહેલી સવારે જ કરવાં.

બાકી તો શીર્ષાસન દ્વારા ધોળા વાળ કાળા થાય છે એ વાત પણ બરાબર છે. મારા સ્વ. મિત્ર યુવાનસિંહ ચાવડાએ પોતે એ અનુભવ કર્યો હતો. એમના વાળ ધોળા થએલા પાંત્રીસે—ક વરસની જ ઉંમરમાં, તે કેવળ વરસેકના શીર્ષાસનથી કાળા થઈ ગયા હતા એનો હું સાક્ષી છું.

બીજા લાભ તો ઘણા છે જ, ને તે જાણીતા છે.

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓને સ્વસ્થ રાખતાં

યોગાસનો

લોકો પૂછે છે: 'આ વાળ વહેલાવહેલા ધોળા થઈ જાય છે, દાંત વહેલાવહેલા પડી જાય છે અને શરીરમાં અકાળે ઢીલાશ આવી જાય છે એનું શું? એને માટે છે કોઈ દવા કે ઉપાય?' હું કહું છું: ભાઇઓ, અમે દવા-ખવામાં તો ના સમજીએ; પણ જડીબુટ્ટી જેવો એક સાદો ને સરળ ઉપાય અમે જાણીએ છીએ: અને તે આપણાં યોગાસનો. રોજની ફક્ત વીસ મિનિટ જ આપવાની. ખાવાપીવા ને મોજમજામાં મધ્યમમાર્ગી રહેવાનું ને સાંજે કે સવારે અનુકૂળતા પ્રમાણે આસનો કરવાનાં. લાંબા સમય સુધી વાળ કાળા ભમ્મર જેવા રહેશે, દાંત કાચી સોપારીના કકડા કરે તેવા રહેશે ને આંતરિક સ્વાસ્થ્ય બીજાઓને અદેખાઈ આવે તેવું થશે.'

'—અને એક બીજો પણ ફાયદો થશે.' અમારાથી બોલી જવાય છે. લોકો પૂછે છે, 'શો?'

અમે કહીએ છીએ: 'દીર્ઘ જીવનનો. Three score years and ten એમ એક કવિ કહી ગયો, એટલે ઓછામાં ઓછું એટલું તો જીવી શકાય, (જો કે અત્યારે તો અનેક માણસો એટલે પણ નથી પહોંચતા!) ખાસ્સાં ૮૦-૮૫ કે એથી ય વધારે વર્ષો સુધી જીવી શકાય. અને તે ભૂંડા હાલે નહિ, પથારીમા પડયાપડયા કુટુંબીજનોને ભારરૂપ થવાય એવી રીતે કે જાણે મરવાને અભાવે જીવતા હોઇએ એવી રીતે નહિ. પૂરી તંદુરસ્તી સાથે, સંસારના ડહાપણની મૂડી સાથે, ભૂલેલાઓને માર્ગદર્શક થઈ શકાય એવી રીતે, ઉપયોગી અને જીવન્ત વૃદ્ધત્વનો આનંદ માણી શકાય એવી રીતે. થાય છે મન? જીવવું છે સુખી, તંદુરસ્ત અને ઉપયોગી જીવન? તદ્દન સામાન્ય કિંમત આપવી પડશે: રોજની ૨૦ મિનિટ, પસંદ કરેલાં અને ફાવટ આવી ગયાં હોય એવાં આસનો પાછળ.

—દામુભાઈ શુક્લ

૬ : લોલાસન




આમાં શરીરને બંને હાથ ઉપર ઊંચકીને હલાવી શકાય છે તેથી આ આસનને લોલાસન કે દોલાસન કહે છે. હાથ ઉપર ઊંચકી શકાય છે એટલે એનું નામ તોલાસન પણ છે.

પગ લાંબા કરીને સ્થિર બેસો. પછી ધીમેધીમે પદ્માસન કરો. હવે ડાબા પડખા તરફ ડાબા હાથનો પંજો ને જમણા પડખા તરફ જમણા હાથનો પંજો જમીન ઉપર ગોઠવો. શ્વાસ સ્થિર રાખીને હવે પંજા ઉપર આખા શરીરને ઉપાડો એટલે લોલાસન થશે. ઊભડક બેસીને આવી રીતે શરીરને ઊંચકવાથી પણ આ આસન થઈ શકે છે.

આ આસન રોજ બેત્રણ વખત કરવાથી હાથ અને બાવડાં ખૂબ મજબૂત થાય છે.

ભૂમધ્ય સમુદ્રથી પાસિફિક સુધીના લાખો ચોરસ માઇલોમાં એક કાળે ભારતીય સંસ્કૃતિનો ધ્વજ ફરકાવનારાઓનો જ ઇતિહાસ આજે સાગરસૂનો છે



સાગર અને સાગરવીરો

લેખક - **નાનાલાલ વસા**

ભારતે અનેક વીર પુરુષો ઉત્પન્ન કર્યાં છે, અનેક સેનાપતિઓનાં નામ ઇતિહાસને પાને ચડયાં છે, પરંતુ આપણા મહાન અને શૂરવીર દરિયાસારંગોથી આપણી જનતા બહુ પરિચિત નથી.

પ્રાગૈતિહાસિક કાળથી ભારતની પ્રજાએ મહાસાગરો ખેડયા છે. ઇતિહાસમાં કદી યે ન લોપાય એવી અદ્‌ભુત એની સાગરકથાઓ છે. સમુદ્રને પેલે પાર, છેક પૅસિફિકના કાંઠા સુધી જગતનાં મોટામાં મોટાં સામ્રાજ્યો ભારતીય પ્રજાએ સ્થાપ્યાં છે. રોમના સમયથી લંડનના સમય સુધીનું એકે યુરોપી સામ્રાજ્ય પૂરાં પાંચસો વરસ પણ ટક્યું નથી, જ્યારે લંકા જાવા સુમાત્રા સિયામ હિંદી ચીન વગેરેની વિશાળ ભૂમિ પર સ્થપાએલાં હિંદુ સામ્રાજ્યો પંદરસોથી વધારે વર્ષો પર્યંત પોતાની આણ ટકાવી ગયાં છે, અને એ આણ દરમ્યાન તે તે પ્રજાઓએ પોતાનો સુવર્ણકાળ નીરખ્યો છે. આ બધું સમુદ્રની પીઠ પર થયું છે. સમુદ્રોનું ખમીર જો પ્રજાના લોહીમાં ન હોત, તો આવી અનન્ય પ્રણાલિકા સ્થાપી ન શકાઈ હોત. ...અને છતાં ઇતિહાસે આપણી કેટલી સાગરકથાઓ જનહૃદય સુધી પહોંચાડી છે?

અર્જુન અને બાજીરાવ, હેમુ અને પ્રતાપ, દુર્ગાદાસ અને તાત્યાસાહેબ, કુમારપાળ અને શિવાજી મહારાજ—નામો લખ્યે પાર આવે તેમ નથી—એવાએવા અસંખ્ય વીર સેનાપતિઓનાં નામથી જનતા પરિચિત છે, પરંતુ કેટલા સાગરવીરોનાં નામો તેને આવડે છે? ભૂમધ્ય સમુદ્રથી પૅસિફિક સુધીના લાખો ચોરસ માઈલમાં ભારતીય સંસ્કૃતિ પથરાઈ, તેની પાછળ કેટકેટલાં ભવ્ય સાગરપરાક્રમો છુપાએલાં હશે?

દૂરના સમયની વાત બાજુએ મૂકીએ, પરંતુ ઇતિહાસમાં તાજો એવો ગઈકાલનો સમય તપાસીએ; ભારતના ત્રણ હજાર માઈલના સમગ્ર કિનારાને બદલે માત્ર તેનો પશ્ચિમ કાંઠો જ લઇએ. જેનાં વીર નામોથી પ્રત્યેક યુરોપી ઇતિહાસકાર સુપરિચિત છે, જેનાં નામો બોલતાં જગતના સાગરી સરખેલો ટોપી ઊંચકી લે છે, એવા એકએ મહાપરાક્રમી નૌકાસેનાપતિઓની બહુ જ આછી ઓળખ આજે કરીએ. જેમના કૃત્યોથી આપણો પ્રત્યેક વિદ્યાર્થી પરિચિત હોવો જોઇએ, તેને બદલે આજે તો તે વાસ્કો દ ગામા ને ડ્રેક વિષે વધુ જાણતો હોય છે. આપણા શિક્ષણશાસ્ત્રીઓ આ બાબત પર લક્ષ્ય આપે તો કેવું સારું?

બીજાની ફિકર ન કરીએ, પણ ગુજરાતને તો એ કેમ પાલવશે? આપણી અને દરિયાપાર વસતા આપણા બાંધવોની રિદ્ધિસિદ્ધિ જેને આભારી છે તે દરિયાલાલને વિસારવાનું આપણને કેમ પરવડશે? આપણને-ગુજરાત-સૌરાષ્ટ્રને આશરે અગિયારસો માઈલનો કાંઠો છે. મહાસાગર ખેડનારાં દેશી જહાજોનું વધુમાં વધુ પ્રમાણ આપણી પાસે છે. વૈજ્ઞાનિક નૌશાસ્ત્ર ભણ્યા સિવાય પરંપરાગત ઘરેલુ નૌશાસ્ત્રથી હિંદી મહાસાગર ખૂંદી વળતા અનેક ખારવા ભડાલા વગેરે નાવિકો આપણે ત્યાં મોજૂદ છે. હજુ યે મહાસાગરની પીઠ પર તેમની પરાક્રમગાથાઓ રચાયે જાય છે. વહાણો દ્વારા લશ્કરની મોટી લાવલઈજા કરનાર ફતેહમામદ જમાદાર લઇએ, કે સાગરપાર વીસ હજારની વસાહત સ્થાપનારા શેઠ લધા દામજી લઇએ; ગુલામી સામે સૌપ્રથમ લડનાર રામજીભાને સંભારીએ કે ઉત્તર યુરોપથી કાચ ઘડિયાળ ને મીનાનો હુન્નર લાવનાર રામસિંહ માલમને યાદ કરીએ. આ સૌ આપણી ધરતીની પેદાશ છે.

ભરુચ, વેરાવળ કે કચ્છ માંડવી જેવાં જૂનાં બંદરોએ આ નામાંકિત નરવીરોના અવશેષો પર સ્મારકો રચી આપણે શાંત નથી થઈ જવું, પરંતુ આપણી આવતી પેઢીમાંથી સવાયાં સાગરરત્નો આપણે નિપજાવવાં છે. ગુજરાતના લોહીમાં દરિયાલાલની જે અહાલેક છે, તેને ચેતનવંતી કરવી છે, તેની પ્રણાલિકા ઊભી કરવી છે. ભારતના સર્જનમાં ગુજરાતે આ રીતે અનોખો ફાળો આપવાનો છે. આપણે ગુજરાતમાં અને ભારતમાં સમુદ્રની નવી હવા ઊભી કરવી છે. ભારતની રાજધાની દિલ્હી ઘણાં વરસો સુધી મધ્ય એશિયામાંથી આવનારી પ્રજાઓને હાથ રહ્યું હતું, તેને લઇને જમીનની વાતોને ઇતિહાસે મહત્ત્વ આપ્યું છે, પણ સમુદ્ર વીસરાયો છે. ખૈબર ઘાટમાંથી આવેલી પ્રજાઓને સાગરનો ખાસ ખયાલ જ ન હતો. તેમને મન મહાસાગર એ પ્રદેશ ન હતો; તેમને મન એ પોતાના પ્રદેશની મર્યાદા હતી. પરંતુ દેશને તેથી જ શોષવું પડ્યું. મહાસાગર ખેડનારા લોકોના હલ્લા સામે ન ટકાયું. પરદેશી શાસનની સ્થાપનાનાં ઘણાં કારણોમાં આ પણ એક કહી શકાય.

આમ, રાષ્ટ્રીય રાજ્યાશ્રય મળ્યો ન હોવા છતાં ભારતની જુદીજુદી પ્રાદેશિક જાતોએ સાગરપરંપરા જાળવી રાખી એ ન ભુલાવું જોઇએ. એ પરંપરામાંથી નિપજેલા બે મહાપુરુષોની યાદ સ્મૃતિપટ સમક્ષ તરે છે.

એક હતા શ્રી કુંજાલી—કલીકટના ઝામોરિનના નૌકાસેનાપતિ.

પોર્ટુગીઝો પૂર્વમાં યુરોપી સામ્રાજ્યનો પાયો નાખી ચૂકયા હતા. કોચીનમાં તેમનું એક મોટું થાણું હતું. તેઓ વિશ્વાસઘાતી અને જંગલી હતા. સમુદ્રો પર તેમનું પ્રભુત્વ હતું. તેમની પાછળ મહત્ત્વાકાંક્ષી મહાસત્તા હતી. ભારતમાં વિસ્તૃત સામ્રાજ્ય સ્થાપવાની તેમની ઇચ્છા હતી. તેમાં સફળતા મેળવે તે પહેલાં તેમના દુર્ભાગ્યે મલબાર કિનારાના મહાન સેનાપતિ કુંજાલી તેમની સામે આવ્યા; અને સને ૧૫૯૫માં એ અવસાન પામ્યા ત્યાં સુધી —એટલેકે બરાબર અર્ધી સદી સુધી તેમણે ફિરંગી સાગરસત્તાને હંફાવ્યા કરી. સીલોનમાં આવેલાં તેમનાં લશ્કરી મથકોથી માંડીને સૌરાષ્ટ્રના દીવ સુધીના સમુદ્રમાં તેમની એવી તો હાક વાગતી કે ઠરી ઠામ બેસીને વેપાર કરવાની કે જમીન-વિસ્તારો કબજે કરવાની ફિરંગીઓની ઇચ્છા મનમાં જ રહી ગઈ.

એ સમયનાં યુદ્ધોમાં વિજય એ જ મહત્ત્વની બાબત હતી. અત્યાચાર ને ક્રૂરતા સામાન્ય ગણાતાં. છતાં સેનાપતિ કુંજાલી સંસ્કારી ને દાક્ષિણ્યભર્યા હતા. તેમના દુશ્મનો પણ તેમને ઉમરાવ દિલના ગણતા. તેમણે નિરાળી જ યુદ્ધપદ્ધતિ વિકસાવી હતી. અચાનક છાપો મારવાની તેમની કુનેહથી દુશ્મનો મુગ્ધ બનતા. નેપોલિયનના જન્મથી યે બસો વર્ષ પહેલાં યુદ્ધની અનોખી રીતો એમણે અજમાવેલી છે.

મજબૂત કિલ્લાઓની ઓથે તેઓ નાનાં જહાજો તૈયાર કરતા.

મીનુ

ગુરુદેવ રવીન્દ્રનાથની 'લિપિકા'માંની એક લઘુકથા

અનુવાદક · વિનોદ કોઠારી



મીનુ પશ્ચિમમાં ઊછરેલી છે. તે નાની હતી ત્યારે કૂવાની પાર પર સંતાઇને શેતૂર પાડવા જતી અને તુવેરના ખેતરમાં જે બુઢ્ઢો માળી ઘાસ નીંદતો તેના પર એને ભાવ હતો.

મોટી થઈ એટલે જૌનપુરમાં એનું લગ્ન થયું. એક છોકરું જન્મીને મરી ગયું, ત્યાર પછી દાક્તરે કહ્યું : 'આ યે હવે બચે કે ન બચે.'

ત્યારે એને કલકત્તા લઈ આવ્યા.

તેની ઉમ્મરે નાની હતી. કાચું ફળ જેમ ડાળીને વળગી રહે તેમ એનો કાચો પ્રાણ પૃથ્વીને જકડીને વળગી રહ્યો હતો. જે કંઈ કાચું હતું, જે કંઈ લીલું હતું, જે કાંઈ સજીવ હતું, ને ગજબ આકર્ષણ હતું.

તેના આંગણામાં આઠ-દસ હાથ જમીન છે, તેમાં જ તેનો બગીચો હતો. તેની વાડ પર જે લતા લાગી હતી તેને કળીઓ બેસવા માંડતાં જ તે ચાલી આવી હતી.

મહોલ્લાનાં પાળેલાં અને અણપાળેલાં બધાં ય કૂતરાંઓનાં સ્વાગત અને ભોજન એને ઘેર જ થતાં. એ સૌમાં તેને બધાં કરતાં જે વધારે ગમતો તેનું નાક ચીબું હતું, અને તેનું નામ હતું 'ભોંતો'.

તેના ગળામાં પહેરાવવા માટે મીનુ રંગીન મણકાની માળા ગૂંથવા બેઠી હતી. તે પૂરી ન થઈ. જેનો કૂતરો હતો તે કહે, 'ભાભી એને તમે જ લઈ જાઓ.'

મીનુનો વર કહે, 'બહુ પંચાત થાય, અમારે કામ નથી.'

૨

કલકત્તાના ઘરમાં બીજે મજલે મીનુ સૂઈ રહે છે. હિન્દુસ્તાની ચાકરડી તેની પાસે બેસી કંઇનું કંઇ બકચા કરતી. તે થોડુંક સાંભળતી અને થોડુંક નહિ.

એક દિવસ આખી રાત મીનુને ઊંઘ ન આવી. સવારનું અંધારું જરાક ઝાંખું થતાં એને માલૂમ પડ્યું કે એની બારીની નીચે જે ચંપાનું ઝાડ છે તે ફૂલોથી ભરાઇ ગયું છે. તેની જરાક મૃદુ ગંધ મીનુની બારી પાસે આવી જાણે પૂછવા લાગી, 'તું કેમ છે?'

તેના ઘર અને પાસેના ઘર વચ્ચે થોડી જગ્યા હતી. તેમાં તડકાને ઝંખતું એ ઝાડ–વિશ્વપ્રકૃતિનું એ મૂગું બાળક–કોણ જાણે શી રીતે આવી પડ્યું હતું. અને જાણે ભૂલું પડ્યું હોય એમ ઊભું હતું.

થાકેલી મીનુ મોડી ઊઠતી. ઊઠતાંવેંત જ તે ઝાડ તરફ નિહાળીને જોતી તો પહેલાંનાં જેવાં ફૂલ હવે દેખાતાં નહોતાં. બાઇને કહેતી, 'અરે બાઈ, મારા સમ, આ ઝાડની નીચે ખોદીને રોજ જરા પાણી રેડતી જા.'

આ ઝાડને થોડા દિવસ થયાં કેમ ફૂલો દેખાતાં નહોતાં એ વાત થોડી વારમાં જ સમજાઇ ગઇ. પ્રભાતનો પ્રકાશ અધખૂલ્યા પદ્મની પેઠે હજી તો હમણાં જ ખીલતો હતો, તેવામાં છાબ હાથમાં લઇ એક પૂજારી બ્રાહ્મણ ઝાડને હલાવવા લાગ્યો,—જાણે કે કર વસૂલ કરતો ન હોય!

મીનુએ બાઇને કહ્યું, 'જા, ઝટ જા; પેલા મહારાજને અહીં બોલાવી લાવ.' બ્રાહ્મણ આવ્યો કે મીનુએ તેને પ્રણામ કરીને કહ્યું, 'મહારાજ, ફૂલો કોને માટે લઈ જાઓ છો?'

બ્રાહ્મણ કહે, 'દેવને માટે.'

મીનુએ કહ્યું, 'દેવતાએ જાતે જ આ ફૂલો મને મોકલ્યાં છે.'

'તને?'

'હા, મને તેમણે જે આપ્યું છે તે કાંઈ પાછું લેવા માટે આપ્યું નથી.'

બ્રાહ્મણ ચિડાઇને ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારમાં ફરી એણે જ્યારે ઝાડ ખંખેરવાનું શરૂ કરી દીધું ત્યારે મીનુએ તેની ચાકરડીને કહ્યું, 'અરે બાઇ, આ તો મારાથી દેખ્યું નહિ સંખાય. બાજુના ઓરડામાં બારી પાસે મારી પથારી કરી દે.'

૩

બાજુના ઓરડાની બારી સામે રાયચૌધરીનું ચાર મજલાનું મકાન છે. મીનુએ પોતાના પતિને બોલાવીને કહ્યું, 'પેલો જુઓ જુઓ, એમને કેવો સુંદર છોકરો છે! એને જરા મારે ખોળે રમવા તેડી લાવો ને?'

પતિ કહે, 'ગરીબને ઘેર એ પોતાના છોકરાને શું કરવા મોકલે?'

મીનુએ કહ્યું, 'જુઓ, જરા સાંભળો; નાના છોકરાને વળી ગરીબ ને તવંગરના ભેદ શા? ગમે તેનો ખોળો એને મન રાજસિંહાસન જ છે.'

પતિએ પાછા આવી કહ્યું, 'દરવાને કહી દીધું કે, શેઠ મળશે નહિ.'

બીજે દિવસે સાંજે મીનુએ બાઇને કહ્યું, 'પણે બરાબર જો, બાગમાં એકલો રમે છે; જા દોડ, એના હાથમાં આ પેંડો આપી આવ.'

સાંજે પતિએ આવીને કહ્યું, 'તેઓ આપણા પર ખૂબ ગુસ્સે થયા છે.'

'કેમ, શું થયું છે?'

'તેમણે કહ્યું છે કે બાઈ જો એના બાગમાં હવે જશે તો પોલીસને સોંપી દેશે.'

એક પળમાં મીનુની આંખો ઊભરાઈ ગઈ. તેણે કહ્યું, 'હું જોતી 'તી ને કે, તેના હાથમાંથી એ લોકે મારો પેંડો છીનવી લીધો હતો અને તેને માર્યો હતો. મારાથી અહીં નહિ જિવાય. મને લઈ જાઓ.'

આ નાનાં જહાજો હંકારવામાં અને પીછો પકડવામાં ખૂબ ઉપયોગી નીવડતાં. વળી બને ત્યાં સુધી સીધાં યુદ્ધો આપવાને બદલે બંદરી થાણાંઓ પર છાપો મારીને તેનો નાશ કરવાનું તેઓ વધુ પસંદ કરતા. જ્યારે સમગ્ર કાફલા સામે યુદ્ધ કરવું પડતું, ત્યારે તેઓ કાફલાના એકાદ મોટા જહાજને ઘેરી લેતા, અને આમ એક પછી એક ખુરદો વાળતા.

ઈ. ૧૫૬૪માં કાનાનોરના ફિરંગી કાફલાનો તેમણે સર્વનાશ કર્યો. આથી ફિરંગીઓએ હવે ઝામોરીનને જડમૂળથી ઉખેડી નાખવાનું નક્કી કર્યું. ગોન્કાલો માર્મેનેકની સરદારી હેઠળ પોર્ટુગીઝોએ એક જબરદસ્ત નૌકાસૈન્ય તૈયાર કર્યું અને ઝામોરીનની સત્તાનો નાશ કરવા એકસામટો એકત્ર હુમલો કર્યો. કાફલાના એક વિભાગે આવ-જાના માર્ગો પર સખત ચોકીપહેરો બેસાડ્યો અને કુંજલીને ઘેરી લેવામાં આવ્યા. પરંતુ આ યુદ્ધમાં પણ ફિરંગીઓની હાર થઈ અને તેમનો એક સેનાપતિ ઘવાયો.

સામુદ્ર-માનસની જાગૃતિ

દક્ષિણ ધ્રુવના જે વિશાળ ભૂમિખંડ પથરાએલા પડ્યા છે તેને લોકોએ નામ આપ્યું છે ઍન્ટાર્કટિકા. આપણે તેને યામખંડ કેયામ્યખંડ પણ કહી શકીએ. જ્યાં દક્ષિણ દિશા પૂરી થાય તે સ્થાનને યામખંડ જ કહેવું જોઇએ.

એ આખો પ્રદેશ બરફથી ઢંકાએલો છે. બહુ મોટો ખંડ છે એ. ત્યાં ખોદવાથી તરેહતરેહના ખનિજ નીકળે એમ છે. જેવું ઉત્તર-ધ્રુવ-પ્રદેશનું મહત્ત્વ છે એવું જ આ યામખંડનું છે,–કદાચ ભવિષ્યમાં ઉત્તર ધ્રુવથી પણ વિશેષ થશે.

એ યામખંડમાં જઇને તેને વિષે માહિતી મેળવવાનું કામ આજે બસો વરસથી ચાલી રહ્યું છે. હવે સવાલ એ ઊભો થયો છે કે આ ખંડ પર માલિકી કોની? એના નિરાકરણ માટે અમેરિકાએ અગિયાર રાષ્ટ્રોના પ્રતિનિધિને બોલાવ્યા છે. કહેવાની જરૂર નથી કે ભારતને એમાં આમંત્રણ નથી મળ્યું. જોકે ભારત સરકારે પોતાની તરફથી સાફ જણાવી દીધું છે કે એ યામખડ પર કોઈ રાષ્ટ્રના અધિકારનોદાવો હોય તો એની સાથે અમારે ઝગડો કરવો નથી, અમે તો માત્ર તટસ્થ ભાવે થોડી સૂચનાઓ કરીએ છીએ વગેરે.

પણ વિચારવાની વાત તો એ છે કે ભારતને આમંત્રણ કેમ ન મળ્યું? અને આવો વિરક્ત કે તટસ્થ જવાબ તેણે કેમ આપવો પડયો? જવાબ સ્પષ્ટ છે. ભારત આજ સુધી ગુલામ રાષ્ટ્ર હતું. તેની હસ્તીનો બધો લાભ બ્રિટનને મળતો. આપણી આઝાદી તો હજી ગઈ કાલની વાત છે. નૌકા-સમર્થ રાષ્ટ્રોમાં ભારતને સ્થાન જ નથી. ભારતની પાસે નૌકાસૈન્ય છે પણ કેટલું!

પણ મુખ્ય સવાલ ભારતની નૌ-સેનાનો નથી. દર્દ તો એ વાતનું છે કે એક પરિશ્રમી, બુદ્ધિમાન, ઉત્સાહી ને સાહસિક રાષ્ટ્ર તરીકેની જે કીર્તિ ભારતની એક વાર દરિયાના ક્ષેત્રમાં હતી તે આજે નથી રહી. એક કાળે ભારતના નાવિકો એશિયા અને આફ્રિકાના કિનારાનાં સર્વ સ્થળો ઘૂમી વળતા હતા. ત્યાં આપણો ધૂમ વેપાર ચાલતો અને ભારતીય સંસ્કૃતિ, ધર્મ વિચાર, સ્થાપત્ય તથા આહાર-વિહારની અસર આપણે દૂરદૂર સુધી લઈ જતા હતા. આપણે પ્રસરહાશીલ હતા. પછી આપણો પુરુષાર્થ ઘટી ગયો. અને આપણા ધાર્મિક નેતાઓએ પણ સમુદ્રયાત્રાનો નિષેધ કરીને આખા ભારતરાષ્ટ્રને એક રીતે પરદાનશીન બનાવી દીધું. પરિણામે પશ્ચિમનાં નાવિક રાષ્ટ્રો પૈકી પોર્ટુગલ, બ્રિટન, હૉલંડ વગેરે દેશોના નાવિક લોકોએ આપણી આસપાસના સમુદ્ર પર અધિકાર જમાવ્યો, અને ભારતની સ્વેચ્છાસ્વીકૃત હાલત પર મહોર મારી દીધી.

સમુદ્રનું આકર્ષણ જેમને આજ સુધી કાયમ રહ્યું હોય એવી બહુ થોડી જાતિઓ જ હવે ભારતમાં રહી છે. ભારત જે કાંઈ માલ આજે દુનિયા પાસેથી ખરીદે છે તે કૈં પોતાના જહાજોમાં બેસી તે તે દેશોએ જઇને નથી ભરી લાવતું. સૌ દેશો પોતપોતાનો માલ પોતાનાં જ વહાણોમાં ભરીને ભારતને કિનારે ઉતારે છે અને પોતાના દલાલો દ્વારા આપણી દુકાનો સુધી પહોંચાડી દે છે, અથવા તો પોતાની જ દુકાનો ભારતમાં ઠેરઠેર ખોલે છે. પુરુષાર્થ એમનો, નફો એમનો; આપણે તો કેવળ દામ આપીને—પૂરેપૂરા દામ આપીને પરદેશી ચીજો વાપરવાની મઝા માણીએ છીએ!

સ્વરાજ થયા પછી આ સ્થિતિ બદલાવી જોઇએ. સરકાર પોતા તરફથી થોડાઘણા પ્રયત્નો કરે છે. પરંતુ આ સવાલ મુખ્યત્વે સરકારના પ્રયત્નનો નથી. રાષ્ટ્રના સ્વભાવમાં ને પુરુષાર્થમાં દરિયાને સ્થાન હોવું જોઇએ.

ભારતના પશ્ચિમ, દક્ષિણ ને પૂર્વ કિનારાને સતત પખાળી રહેલાં દરિયાનાં મોજાં દિવસરાત ઘુઘવાટ કરીકરીને ભારતીયોને પુરુષાર્થ માટે સાદ દઈ રહ્યાં છે. આજ મોટે ભાગે મુસલમાન અને ખ્રિસ્તી લોકો ખલાસીનું કામ કરે છે. ગુજરાતની ઘણીખરી દરિયાખેડુ જાતિઓ દરિયો છોડીને કૉન્ટ્રાકટનું કામ કરવા લાગી છે, અથવા બીજાઓનાં વહાણમાં ઘેટાંબકરાંની હાલતમાં મુસાફરી કરીને આફ્રિકામાં જઇને દુકાનો ચલાવે છે કે ધંધોરોજગાર કરે છે. આપણા કાન બહેરા થઈ ગયા છે. સમુદ્રનો સાદ આપણે સાભળી શકતા નથી. સમુદ્રકિનારાનો આપણો પરિચય સુદ્ધાં ઘટી ગયો છે. આપણો પ્રાચીન પુરુષાર્થ આપણે ભૂલી ગયા છીએ. અને હવે કહેવા લાગ્યા છીએ કે 'આ તો હવાઈ જહાજનો જમાનો છે. દરિયાઇ જહાજની વાતો ક્યાં સુધી કર્યા કરીશું?!'

આ લોકો ભૂલે છે કે હવાઇ જહાજનો જમાનો શરૂ થયા છતાં દુનિયાના કોઇ પણ સમર્થ રાષ્ટ્રે પોતાની નૌકાશક્તિ ખૂટવા દીધી નથી. આસમાન કદાચ આપણે માટે ખુલ્લું થયું હશે; પણ પૃથ્વી પર હજી સમુદ્ર છે જ, ને તે રહેવાનો છે. તેનો ઉપયોગ કરવો જ પડશે. આપણું સામુદ્ર-માનસ જે એક વખતે પ્રથમ પક્તિનું હતું તે હવે ફરીથી ધારણ કરવું પડશે.

યામખંડનું ભવિષ્ય નક્કી કરવા મટે ભારતને આમંત્રણ ન મળ્યું તેની લજ્જાનો આપણે અનુભવ કરવો જોઇએ અને સમજવું જોઇએ કે યામખંડ (યાને લંકાથી થોડો આગળનો પ્રદેશ) સાથે તો જેટલો આપણો સંબંધ હોઈ શકે એટલો જાપાન કે બ્રિટનનો ન હોઈ શકે. પરંતુ આજે આપણે પંગુરાષ્ટ્ર છીએ, સમુદ્રનું ઉલ્લંઘને નથી કરી શકતા. થોડા જ દિવસોમાં યામખંડ તરફથી આપણે માટે ભય ઊભો થઈ શકે છે. આપણા વડવાઓએ કહી રાખ્યું છે કે દક્ષિણ તો યમરાજની દિશા છે.

ગમે તેમ હો, આપણે આપણું સામુદ્ર–માનસ ફરીથી જાગૃત કરવું જોઇએ. ફરી આપણે વહાણો પલાણવાં જોઇએ; સમુદ્રનાં ઘૂઘવતા મોજાં સાથે દોસ્તી વધારવી જોઇએ; દૂરદૂરના દેશોની સાથે પરિચય અને મૈત્રી કરવી જોઇએ; અને ઍન્ટાર્કટિકાના ભવિષ્યના નિર્ણયમાં પોતાનો અવાજ ઉઠાવવો જોઇએ.

(મંગલ પ્રભાત) —કાકા કાલેલકર

ત્યાર બાદ બરાબર પાંચ વરસ પછી છત્રીસ મોટાં જહાજોના કાફલા સાથે ડોમ માર્ટીનો દ મીરાંડાએ કુંજાલીને ખતમ કરવા બીડું ઝડપ્યું. તેમાં યે અનેક યુદ્ધો થયાં, અને આખરે ફિરંગી સેનાપતિ યુદ્ધમાં માર્યો ગયો. ઉપરાછાપરી મળેલા આ પરાજયોને પરિણામે ફિરંગીઓનું કોચીનનું થાણું બિનસલામત બની ગયું, અને નિરુપાયે તેમને ઝામોરીનની સાગરસત્તાથી દૂર ગોવામાં પોતાનું વડું મથક સ્થાપવું પડ્યું.

આ મહાન સેનાપતિની આવી કેટલીયે ગાથાઓ ફિરંગી, અંગ્રેજી અને હિંદી દસ્તાવેજોમાં મોજૂદ છે. આજે પણ ભારતીય નૌકાસૈન્યની એક તાલીમશાળાનું નામ તેમની યાદમાં 'કુંજાલી' રાખવામાં આવ્યું છે. છતાં આપણા કેટલા યુવાનો એમની શૌર્યગાથાઓથી પરિચિત છે!

આપણા નૌકાસૈન્યના એક બીજા તાલીમ કેન્દ્રનું નામ છે 'આંગ્રે'. શ્રી કાન્હોજી આંગ્રે ભારતીય સમુદ્રોના એક બીજા મહાન વીર હતા.

રત્નાગિરિથી થોડે દૂર આવેલા વિજયદુર્ગમાં તેમણે વિશાળ નૌકામથક સ્થાપેલું. પશ્ચિમ કિનારાનો સમુદ્ર જાણે આજે યે એ મહાન નૌકાપતિની ગાથા સદૈવ ગુંજ્યા કરે છે.

સાગરયુદ્ધમાં તેમનો વિજય કોઇ સ્થાનિક નહોતો; કોઇ જમીન-



જગતની સર્વશ્રેષ્ઠ નિશાનબાજ તરીકે પંકાએલી આ અત્યંત સોહામણી સ્ત્રી ઍની ઓકલી, રાઈફલ શૉટગન કે પિસ્તોલ વાપરવામાં એટલી તો કુશળ હતી કે એની અમુક સિદ્ધિઓને તો આજે પણ કોઇ વટાવી જઇ શકયું નથી.



અમેરિકાના ઓહાયો રાજ્યમાં ઈ. ૧૮૬૦માં એક કુટિરમાં જન્મેલી ઍનીનો સ્વભાવ એટલો આનંદી હતો કે કપરી ગરીબીમાં વીતેલા બાળપણની મુશ્કેલીઓ પાર કરી તે પોતાનાં સાત ભાઈબહેનોને પણ આનંદમાં રાખતી.



કિશોર વયે ઍનીએ પિતાની જૂની રાઈફલ ફોડી. એના પ્રત્યાઘાતથી એ પડી ગઈ ને નાકે ઇજા થઇ; પણ તેથી ન ગભરાતાં તે પર એટલું પ્રભુત્વ મેળવ્યું કે થોડા વખતમાં તો તેણે શિકાર વડે કુટુંબના ભોજનમાં ઉમેરો કરવા માંડ્યો.



૧૬મે વર્ષે તેને એક હોટેલને શિકાર પૂરા પાડવાની વરદી મળી. હવે તો તે નિશાનબાજીમાં એટલી કુશળ બની ગઈ હતી કે હોટેલવાળાએ પંખીના શરીરમાં ગોળીનાં કાણાં હોવાની ફરિયાદ કરી ત્યારે તેણે એક જ ગોળી પંખીના માથાની આરપાર કાઢી પાંખ પર મારવા માંડી.



તરુણ વયે પોતાની બહેનને મળવા પ્રવાસે ગએલી ઍની દેશના શ્રેષ્ઠ નિશાનબાજ ગણાતા એક ફ્રૅન્ક બટલર સાથે સ્પર્ધામાં ઊતરી અને તેને સહેલાઇથી હરાવી દીધો. બટલર આ નાનકડી કન્યાની કુશળતાથી પ્રભાવિત થયો. બંનેને પ્રેમ થયો, અને એક વર્ષ બાદ તેઓ પરણ્યાં.



હવે ઍની અને ફ્રૅન્કે એક થઇને કામ કરવા માંડ્યું ને આખા દેશમાં ફરીફરીને અદ્ભુત કાર્યક્રમો બતાવવા માંડ્યા. નિશાનબાજીના જે અનેક પ્રયોગો તેણે સંપૂર્ણતાએ પહોંચાડ્યા તેમાં શ્રેષ્ઠ એ હતો કે ઍની ફ્રૅન્કના મોંમાં રહેલી સિગારને પચાસ ફૂટ દૂરથી વીંધી નાખતી!

દાર કે વેપારી પેઢી સામે નહોતો; હમેશાં અંદરોઅંદર લડતા રહેતા દેશી રજવાડાના એકાદ વીર રાજા જેવો નહોતો. તેમનો વિજય તો આંતરરાષ્ટ્રીય મહાસત્તાઓ સામે હતો. એમની પરાક્રમગાથાઓ તો નવલકથાઓની કલ્પનાને યે ટપી જાય એવી અદ્ભુત છે!

તેમણે મુઘલોની, સીદીઓના, ફિરંગીઓની, અંગ્રેજોની ને વલંદાઓની નૌકાસેનાને જબ્બર હાર આપી હતી. હિંદી જનતા કેવા સાગરવિજેતા સર્જી શકે છે તેનું કાન્હોજી આંગ્રે એક ઉદાહરણ છે.

કાન્હોજીએ સૌ પ્રથમ સીદીઓને હરાવ્યા અને સાથોસાથ મુઘલ કાફલાનો નાશ કર્યો. પછી કોલાબા કબજે કર્યું. તેમણે જોયું કે સાગરસત્તા જમાવવા માટે એક વિશાળ અને કૌશલ્યપૂર્ણ નૌકામથક સ્થાપવાની જરૂર છે. આથી નદીના મુખની ડુપલાણે બાંધેલો કિલ્લો વિજયદુર્ગ તેમણે વિકસાવ્યો. કિલ્લાની તોપો બારાનું રક્ષણ કરતી, અને એના ગઢની પાછળ કાન્હોજીની વિશાળ ગોદીઓ રાતદિવસ ગાજતી રહેતી. ઝડપથી તરી શકે એવાં નાનાં વહાણો, ચાતુર્યભરેલી પૂરવઠા-વ્યવસ્થા અને અજબ સેનાપતિત્વ એ આંગ્રેની વિશિષ્ટતા હતાં. કિલ્લો તૈયાર થયો કે તેમણે વિદેશી સત્તાઓ સામે બાથ ભીડવી શરૂ કરી, અને પહેલો ફટકો માર્યો ફિરંગીઓ પર. ફિરંગીઓની સત્તા નબળી તો પડી જ હતી. તેથી તેઓ આ પ્રચંડ ઘા ઝીલી શક્યા નહિ ને તદ્દન બેસી ગયા.

પરંતુ અંગ્રેજોની તો ઊગતી સત્તા હતી. તેમને કોંકણના કિનારાનો આ ભય વધુ ખૂંચ્યો. અધૂરામાં પૂરું એક વખત કાન્હોજીએ મુંબાઈના



૧૮૮૫માં બંને બફેલો બિલના 'વાઇલ્ડ વેસ્ટ શો'માં જોડાયાં. તરત જ ઍની એ વિખ્યાત મંડળીની તારિકા બની ગઇ. બટલર દોરીએ બાંધેલો એક કાચનો ગોળો પોતાના માથાની આસપાસ ફેરવતો, તે ઍની વીંધી નાખતી!



બફેલો બિલ પોતાના 'શો'ને યુરોપ લઇ ગયો ત્યારે ઍની ઓકલી ત્યાં તેના એક રોમાંચક ખેલથી તો એક સનસનાટીરૂપ બની ગઈ. એ ખેલમાં એક વાડ કૂદી, બંદૂક ઉઠાવી, હવામાં છોડેલા છ દડાને તે એક પછી એક વીંધી નાખતી!



ત્યાં ઈંગ્લંડની રાણી વિક્ટોરિયા જેવાં યુરોપનાં મુકુટધારીઓએ પણ ઍનીના કાર્યક્રમો જોવા ટોળે વળવા માંડ્યું. પારીસમાં તો એક આફ્રિકન રાજાએ પોતાના દેશમાં રંજાડ કરતા સિંહો-ને મારવાનો કરાર તેની સાથે કરવા ચાહ્યું!



અમેરિકામાં પોતાના કાર્યક્રમની આગોતરી જાહેરાત માટે તે આકાશમાં ટિકિટો ઉછળા-વતી ને તેને અદ્ધર જ વીંધી નાખતી. ગોળીનાં કાણાંવાળી એ ટિકિટો લાવનાર મફત દાખલ કરાતા. એ પરથી આજે અમેરિકામાં 'ઍની ઓકલીઝ' શબ્દનો અર્થ 'ફ્રી પાસ' થઈ ગયો છે!



ઈ. ૧૯૦૧ના છેલ્લા કાર્યક્રમ પછી એક રેલવે અકસ્માતમાં એને પક્ષાઘાત થઇ ગયો. દર્દથી ભરેલાં બે વર્ષ અને પાંચ શસ્ત્રક્રિયાઓ દર-મિયાન માત્ર પ્રબળ જિજીવિષાને જોરે જ એ ટકી રહી, ને એ અગ્નિપરીક્ષાને અંતે તે ફરી વાર પોતાના જૂના ખેલ કરવા શક્તિમાન બની.



ગરીબીમાં મોટી થઇને એ દુનિયાની સૌથી પ્ર-ખ્યાત વ્યક્તિ બની. ૧૯૨૬માં એનું અવસાન થયું ત્યારે તે પોતાની પાછળ જગતની સર્વશ્રેષ્ઠ નિશાનબાજ સ્ત્રી તરીકેની ખ્યાતિ મૂકતી ગઇ. આજે તેની જીવનકથા એ અમેરિકાના લોકો-ની એક અત્યંત પ્રિય લોકવાયકા બની ગઇ છે.

ગવર્નરને પકડી લીધો. બ્રિટિશ સત્તા સળવળી ઉઠી. તેણે આ પડકાર ઝીલી લીધો. કૅપ્ટન બાર્લોની સરદારી હેઠળ ઈ. ૧૭૧૭માં વિજયદુર્ગ પર મોટે પાયે આક્રમણ થયું. બ્રિટિશ સૈન્યે દુર્ગના કિનારાની જમીન પર ઉતરાણ પણ કર્યું. પરંતુ આ આક્રમકોમાંથી ગણ્યાગાંઠ્યા જ માણસો અને થોડાંક જ વહાણો પાછાં છટકી જઈ શક્યાં.

પછી તો ત્રણ યુદ્ધજહાજો ઈંગ્લંડથી ખાસ મંગાવાયાં. તેમાં ત્રણસો કસાએલા સૈનિકો હતા. મુંબાઈના ટાપુ પરથી બીજું અઢી હજારનું લશ્કર તેમાં ઉમેરાયું. ભારે તોપો ને અનેક જહાજો સાથે આ કાફલાએ ઈ. ૧૭૧૮માં બીજો હુમલો કર્યો. મરાઠી તોપો શાંત પડી ગઈ. વિજય હાથ-વતમાં સમજી બીજે દિવસે કાફલો ને સૈન્ય કિલ્લાનો કબજો સંભાળવા તદ્દન નજીક આવ્યાં. ત્યાં તો એકાએક શાંત તોપો ફરી એકસામટી ગાજી ઊઠી ને બહુ જ થોડા દુશ્મનો પાછા જીવતા ઘેર જઈ શક્યા.

યુદ્ધની આ જીતથી સમુદ્ર પર કાન્હોજીનું સ્વામિત્વ વધ્યું. કોઈ પણ અંગ્રેજી વહાણની તાકાત નહોતી કે એકલદોકલ તે અરબી સમુદ્રમાં ફરી શકે. પછી તો તેણે એક ડગલું વધીને જગતની તમામ સત્તાઓ પાસેથી દરિયા પર ચોથ ઉઘરાવવા માંડી. 'વોળાવીઆ કાફલા'ની રસમ જે છેલ્લાં બે મહાયુદ્ધોમાં પ્રખ્યાત થઈ, તેનું મૂળ પણ કાન્હોજી છે. એની સામે રક્ષણ મેળવવા બ્રિટિશ કાફલાએ ત્યારે વોળાવીઆની પદ્ધતિ પહેલવહેલી અપનાવી,—કહો કે તેમને અપનાવવી પડી. અને એ વોળાવિયા નિભાવવા પાછળ ત્યારના સસ્તા જમાનામાં પણ

અંગ્રેજોને દર વર્ષે પચાસ લાખ પૌંડથી યે વધારે ખર્ચ થતું!

આખરે બ્રિટિશરોએ મોટી તૈયારી કરવા માંડી. ચારચાર વર્ષો સુધી શસ્ત્રસરંજામ અને જહાજો એકઠાં કર્યાં. યુદ્ધોની અને ઉતરાણની અનેક કવાયતો કરી. લંડનથી રૉયલ નેવીની ચાર મનવારો મંગાવી. ૫૦૦૦નું તાલીમી લશ્કર તૈયાર કર્યું, ને ૨૪ તોપોના રક્ષણ હેઠળ આ મહાન હુમલાની શરૂઆત થઈ. ગોવાના વાઈસરૉયે પોતાની પાસેનાં તમામ સાધન-સરંજામ અને જહાજો અંગ્રેજોની કુમકે મોકલી આપ્યાં. કાન્હોજી આંગ્રે પાસે તો આઠદસ મોટાં ગરાબ વહાણો ને ૪૦થી ૫૦ ગાલીવાટ મછવાઓ હતા. આ યુદ્ધમાં તો વિજયદુર્ગ ને કાન્હોજીનું કાસળ જ કાઢી નાખવાની સંપૂર્ણ હોંશ અંગ્રેજી અને ફિરંગી કાફલાઓને હતી. હુમલો શરૂ થયો... અને—પછી જે યુદ્ધ થયું તેમાં, આપણા ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાય એવો મહાન વિજય કાન્હોજીએ પ્રાપ્ત કર્યો. તેમણે દુશ્મનોના તમામ કાફલાઓ અને સૈન્યોનો સર્વનાશ કરી નાખ્યો! આંગ્રેના આ વિજય પછી એમના જીવનકાળ દરમ્યાન તો એમાંની એકે મહાસત્તા તેમના પર ફરી પાછો હુમલો કરી ન શકી.

એ અરસામાં ડચ લોકોનું સામ્રાજ્ય પૂર્વમાં ઠેરઠેર પથરાએલું હતું. જાવા-સુમાત્રા તેના હાથમાં હતાં. સીલોનથી અરબસ્તાન સુધીના સાગરમાં તેમનું વર્ચસ્વ હતું. કાન્હોજીએ ડચનાં વહાણો પણ પકડયાં. એ પકડાએલાં જહાજોને છોડાવવા વલંદાઓએ મોટું સૈન્ય મોકલ્યું. દારૂગોળા ભરેલી બે યુદ્ધનૌકાઓ ને સાત સાત યુરોપી મનવારો સાથે એ કાફલાએ વિજયદુર્ગ પર હલ્લો કર્યો. પણ કાન્હોજી આંગ્રેએ એ હુમલાનો પણ ભારે રકાસ કર્યો. ઈ. ૧૭૨૯માં કાન્હોજીનું અવસાન થયું. ભારતીયઇતિહાસમાં આવા તો અનેક સાગરરંગો સરજાયા જ કર્યા છે.

હવે ભારતની ધરતી અને સાગર મુક્ત બન્યાં છે. એ ધરતી અને એ સાગર આપણા યુવાનોની વીરતાને સાદ પાડે છે. હજારો પેઢીઓની એ જ્વલંત સમુદ્ર-કારકિર્દીની પરંપરા આપણે ચાલુ રાખવી જોઇશે અને આપણા સાગર પર ફરીથી નફાખોરો કે જુલ્મીઓનું આધિપત્ય કદી ન સ્થપાય તે માટે સતત જાગૃત અને ક્રિયાશીલ રહેવું પડશે.



પાનાંની રમત


લેખક · **સાધુરામ દવે**

બુદ્ધિગમ્ય બે ઈનામી કોયડા

ડિસેમ્બર '૫૭ના અંક (૪૦૮)માં રજૂ કરેલા કોયડામાં ૨૫૨ વાચકોએ રસપૂર્વક ભાગ લીધેલો. તેથી આ વખતે અહીં ખૂબ જ રસવાળા તથા બુદ્ધિને કસે તેવા બીજા બે કોયડા આપ્યા છે. વાચકો ઝીણવટથી જોઈ-વિચારી તેનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે. જેટલા વાચકોના **બંને કોયડાના** ખરા જવાબ આવશે તે દરેકને, ક્રમવાર નંબર આપી, છેવટે ત્રણ નંબરો ઉપાડવામાં (draw કરવામાં) આવશે, ને તે ત્રણેય વાચકોને 'ગુજરાત કલાકલાપ'ના આલ્બમનું ઈનામ મોકલાશે. બાકીના સર્વ ખરા જવાબ મોકલનારનાં નામ છપાશે. હિંદમાં વસતા વાચકોને માટે, ઉકેલ **પહોંચાડવાની છેલ્લી તારીખ** ૫-૭-૫૮, ને હિંદ બહાર વસતા વાચકોને માટે તા. ૨૦-૭-૫૮ રાખી છે. ઉકેલ કુમાર કાર્યાલયમાં નહિ પણ સીધા લેખકને જ—નીચેને સરનામે મોકલવા. Sadhuram Dave, 33 Ritherdom Road, Vepery, Madras 7, શિરનામું અંગ્રેજીમાં જ કરવું. પરિણામ ઑગસ્ટ માસના અંકમાં જાહેર કરાશે. હવે કોયડાની શરતો વાંચીને, પ્રયત્ન કરો.

કોયડો નં. ૧

♠ A K 2
♥ A 6 5 4 3
♦ Q 4 2
♣ A 3

◆J 


♠ Q 10 8 6
♥ 2
♦ A 10 8 6 3
♣ 6 4 2

ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓ છે. પૂર્વ-પશ્ચિમ સામાવાળાઓ છે. આ ઉઘાડી સરબાજી છે. **પશ્ચિમની પહેલી ઊતર છે.** સર કાળીના છે. પાનાં વહેંચાઈ ગયા બાદ પશ્ચિમ ♦J પ્રથમ રમવા જાય છે, તેવામાં જ તેનાં બાકીનાં પાનાં ટેબલ ઉપર ચત્તાં થઈ જાય છે. પાનાં પકડી લેવા જતાં પૂર્વનાં પત્તાં પણ ચત્તાં થઈ જાય છે. આમ, પૂર્વ-પશ્ચિમનાં પાનાં ભેગાં થઈ જાય છે. આ ઉઘાડી સરબાજી હોઈ, બાજી રદ કરવાની જરૂર ન જણાતાં, દક્ષિણનો ખેલાડી કહે છે, અમારાં પાનાં વહેંચાએલાં છે તેમ ભલે રહે, ને હું ♦J સાથે મને ગમે તે ૧૨ પાનાં પશ્ચિમને અને બાકીનાં ૧૩ પાનાં પૂર્વને વહેંચી આપું. પહેલી ઊતર તો ♦Jની થએલી જ છે. પછી તમે બંને તમારી પૂરી આવડત મુજબ તમારો બચાવ કરો. છતાં હું તેરે તેર હાથ સર કાળીના જ રાખી કરી બતાવું. તો દક્ષિણનો ખેલાડી, પશ્ચિમને ♦J સાથે (કારણ તે પહેલું ઊતરાએલું પાનું છે) કયાં તેર પાન, અને પૂર્વને બાકીનાં કયાં તેર પાન આપે તે શોધી કાઢો. પાનાં અપાઈ ગયા બાદ, પૂર્વ-પશ્ચિમ સંપૂર્ણ હોશિયારીથી તમારા ૧૩ હાથ નહિ થવા દેવા પ્રયત્ન કરશે, તે પણ કલ્પના કરો. આમ તેર તેર પાન પૂર્વ-પશ્ચિમનાં બતાવીને, એ તેરે હાથ શી રીતે થાય તે તમારે રમી બતાવવાનું છે. ફરી ધ્યાન રાખો કે: (૧) સર કાળીના છે. (૨) પહેલી ઊતર પશ્ચિમની ♦Jની છે. ઘડિયાળના આંકડાનો ક્રમ ભૂલશો નહિ. (૩) પૂર્વ-પશ્ચિમને કયાં પાનાં આપવાં તે તમારી મરજીની વાત છે; પરંતુ પાનાં અપાઇ ગયા બાદ, **તે બંને પોતાની પૂરી આવડતથી રમશે.** (૪) આ ઉઘાડી સરબાજી છે અને સરબાજીના સર્વ નિયમો પાળવા જોઇએ. જ્યાં હાથ જાય ત્યાંથી જ ઊતર શરૂ થાય. (૫) ઉત્તર-દક્ષિણે તેરે ય હાથ કરવાના છે. (૬) પૂર્વ-પશ્ચિમનાં તેર તેર પાન બતાવી, રમતનો ક્રમ જણાવવાનો છે. પશ્ચિમ ♦J રમે છે, તે સિવાય તેને ૧૨ પાન અને પૂર્વને ૧૩ પાન આપવાનાં છે. (૭) ઉત્તર-દક્ષિણનાં તેર તેર પાન ઉપર દર્શાવેલાં જ છે; એટલે બાકીનાંમાંથી જ પૂર્વ-પશ્ચિમને પાનાં આપવાનાં રહે છે. (૮) જવાબ સ્પષ્ટ લખવો.

કોયડો નં. ૨

♠ A K Q J
♥ A Q 2
♦ Q J 10 9 8 7
♣ —

♠ 5 4 3 2
♥ K J 10 9 8 7
♦ —
♣ K Q J



♠ —
♥ 6 5 4 3
♦ 6 5 4 3 2
♣ 10 9 8 7

♠ 10 9 8 7 6
♥ —
♦ A K
♣ A 6 5 4 3 2

આમાં ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓ અને પૂર્વ-પશ્ચિમ સામાવાળા છે. આ પણ ઉઘાડી સરબાજી છે. ચારેનાં પાનાં બતાવેલાં છે. સર કાળીના છે. પશ્ચિમે પહેલી ઊતર ♣Kની કરી છે. હવે ઉત્તર-દક્ષિણે સરબાજીના સર્વ નિયમો પાળી તેરેતેર હાથ કરવાના છે. તે શી રીતે થાય?





ગોંડળમાં અભ્યાસકાળે કરેલાં બે ચિત્રો
મથાળે : ↑ નીલકંઠ મહાદેવ–સામાપાદર; નીચે : બકુભાઈના ઘરના બિલાડાનું જળરંગી ચિત્ર

રવિશંકર પંડિત (અનુસંધાન પાછળના પૃષ્ઠ ૨૨૧/બથી)

ચિત્રકળાની જન્મજાત નૈસર્ગિક પ્રતિભા ધરાવનાર શ્રી પંડિતના જીવનમાં, વિકાસના ખરા તબક્કાઓ અને તકોને ટાંકણે જ પ્રતિકૂળ સંજોગોએ આવી પડીને એમની કોળતી કારકિર્દીમાં રૂકાવટ અને રૂંધામણ ઊભી કર્યાં કરી છે. છેક કિશોર ને કુમાર વયે—જીવનની વીસીનાં વર્ષોમાં તો એ પ્રશંસાપાત્ર ચિત્રસર્જનની સાથોસાથ પશ્ચિમના સમર્થ કલાસ્વામીઓની ચિત્રશૈલીઓની સમજદારીપૂર્વક ચર્ચા કરતા. એમનાં આંગળાંમાંથી જે કાળે સાચી કળાની સરવાણીઓ ફૂટતી હતી ત્યારે એમને કલાશિક્ષણની તક ન મળતાં અન્ય દિશામાં જ એમનું જીવન-નાવ ધસડાયું. અને ત્યાર પછી પણ કૌટુંબિક પરિસ્થિતિ તથા અન્ય સંજોગોએ એમની પાસે પ્રતિકૂળ નિર્ણયો જ લેવડાવ્યા, જે કલાકારકિર્દીની દૃષ્ટિએ જોતાં તો એક કરુણતા જ છે. છતાં આવા અનેક ઘૂંટડા ગળનાર ને જીવનની લીલીસૂકી જોનાર શ્રી પંડિતે જાણે કોઈ અગમ્ય શ્રદ્ધાના દોર પર જે અજબ સમાધાનવૃત્તિથી પોતાનું જીવન જોગવ્યા કર્યું છે તે પ્રશંસાના ઉદ્ગાર કઢાવે એવું છે. ધરપત અને ધીટતાથી એમણે પ્રાપ્ત પરિસ્થિતિમાં સદા સંતોષ લીધો છે. નાનપણથી જ આનંદી સ્વભાવ અને સારી તંદુરસ્તી ધરાવતા હોઈ આજ એકસઠમે વર્ષે પણ એમનું શરીર ખડતલ અને ઉત્સાહ અદમ્ય છે, ને આ ઉમરે પણ, તક મળે તો, સૌરાષ્ટ્રની તળપદી સંસ્કારિતાનો ઉછેર પામેલી એમની કળાદૃષ્ટિને, સૌરાષ્ટ્રની પ્રજા તથા પ્રકૃતિને (એમના આદર્શરૂપ કલાકાર એફ. મટાનિયાની પેઠે) હૂબહૂ ઉતારવાના કોડ છે.

યુરોપના કલાપ્રવાસે શાંતિલાલ શાહ

'કુમાર'ના વાચકોને સુપરિચિત કલાકાર ભાઈ શાન્તિલાલ શાહને પશ્ચિમ જર્મની તથા હૉલૅન્ડની સરકારો તરફથી ચિત્રકળાની શિષ્યવૃત્તિઓ મળવાથી યુરોપનો કલાપ્રવાસ કરવાની તક મળી (અને એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં તેઓ ઊપડી ગયા) એ નિષ્ઠાભરી ઉપાસનાનું યોગ્ય ફળ મળ્યાનું ઉદાહરણ છે. તંગીમાં જીવન વીતાવતાં મધ્યમ સ્થિતિનાં માબાપને ત્યાં જન્મી, ચી.ન. વિદ્યાવિહારમાં શાળાશિક્ષણ લેતાંલેતાં ત્યાં શ્રી રસિકલાલ પરીખ પાસે તથા ત્યાર બાદ ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં શ્રી રવિશંકર રાવળ પાસે ચિત્રકલાની તાલીમ લઈ, તેઓ વધુ અભ્યાસ માટે મદ્રાસ ગયા અને ત્યાંની સરકારી કલાશાળામાં દેવીપ્રસાદ રાયચૌધરીના હાથ નીચે ચિત્ર અને શિલ્પનો છ વર્ષનો અભ્યાસક્રમ ચાર જ વર્ષમાં પૂરો કરી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. ત્યાર



બાદ ચિત્રકળાના વધુ અભ્યાસ માટેની ભારત સરકારની શિષ્યવૃત્તિ પણ એમને મળી.

અભ્યાસકાળ દરમ્યાન તથા તે પછી તેમણે મ્હૈસુર, હૈદરાબાદ, મદ્રાસ આદિનાં પ્રદર્શનોમાંથી પારિતોષિકો મેળવેલાં અને તેમની કૃતિઓ મદ્રાસ, મ્હૈસુર તથા દિલ્હીનાં ચિત્રાલયોમાં ખરીદાઇને સ્થાન પામી છે. દક્ષિણ ભારત, સીલોન તથા બંગાળના પ્રવાસો કરીને તેમણે સંખ્યાબંધ ચિત્રો કરવા ઉપરાંત દાર્જિલિંગ, કલકત્તા, મદ્રાસ, ઉતાકામંડ, કોડાઈ કેનાલ, કોલંબો આદિ વિવિધ સ્થળે પોતાનાં નિજી પ્રદર્શનો (વન-મૅન શો) યોજ્યાં છે.

યુરોપમાં તેઓ પશ્ચિમ જર્મની અને હૉલૅન્ડ ઉપરાંત ફ્રાન્સ, ઈંગ્લંડ, સ્પેન, ઈટલી વગેરે દેશોનો પણ કલાપ્રવાસ કરવાના છે અને ત્યાંનાં ચિત્રાલયો તથા સંસ્થાઓની મુલાકાતો ઉપરાંત પોતાની ચિત્રણા ચાલુ રાખીને વિવિધ ચિત્રશૈલીઓનો અભ્યાસ પણ કરવાના છે.

જે પુરુષાર્થ અને સાધનાસાતત્યથી વિષમ સંજોગોને પણ પાર કરીને તેઓ જીવનની આકાંક્ષાઓને ધીરજ તથા પરિશ્રમપૂર્વક એક પછી એક સાકાર કરતા આવ્યા છે તેના અમે : છીએ, એટલે તેમની આ પ્રગતિથી અમે : એ છીએ અને તેમને સફળતા ઇચ્છીએ છીએ.

સૌરાષ્ટ્રના બે તરુણ કલાકારો

ગયા માર્ચ માસમાં મુંબાઈ સરકાર તરફથી સમસ્ત મુંબાઈ રાજ્યનું ત્રીજું વાર્ષિક કલાપ્રદર્શન યોજાયું હતું. તેને માટે આવેલી કુલ ૫૩૦૦ જેટલી કૃતિઓમાંથી ૧૨૦૦ પ્રદર્શનયોગ્ય ગણવામાં આવેલી. તેમાં વિવિધ વિભાગ તથા કક્ષા માટે રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦ અને ૫૦૦નાં ચાર ઇનામો ઉપરાંત ૨૦૦ જેટલા નાના પુરસ્કારો હતા. તે પૈકીનું ત્રીજું અને ચોથું ઇનામ સૌરાષ્ટ્રના બે તરુણ કલાકારોને અપાયાં છે. ભાઈ મનહર મકવાણાના 'જન્મોત્સવ'ના ચિત્રને 'ભારતીય જીવનના શ્રેષ્ઠ નિરૂપણ' માટેનું રૂ. ૧૦૦૦નું ઇનામ તથા ભાઈ ભૂપત લાડવાના સૌરાષ્ટ્રના ગ્રામજીવનનું નિરૂપણ કરતા 'રાંદલ માતા'ના ચિત્રને રૂ. ૫૦૦નું ઇનામ મળ્યું છે.

ભાઈ લાડવાનો પરિચય તો અમે અગાઉ (અંક ૪૧૦માં) આપી ગયા છીએ. ભાઈ મકવાણા પણ હજી વીસ જ વર્ષની વયના છે એ પ્રશંસનીય છે. નાનપણથી જ ચિત્રકળાનું વલણ ધરાવતા ભાઈ મનહરે શાળાશિક્ષણની સાથોસાથ કલાની ઉપાસના ચાલુ રાખીને ગુજરાતી દૈનિકમાં કાર્ટૂનો, ચિત્રો વગેરે કરવા માંડેલાં, પરંતુ તેથી સતોષ ન થયો. ઉચ્ચ કલાસર્જનની લગનીએ તેમની રંગ અને રેખાની સાધનાને વધારે ઉગ્ર બનાવી અને શ્રી સનતકુમાર ઠાકર(જે સિંધ હૈદરાબાદની કલાશાળામાં આચાર્ય હતા તેઓ)ના માર્ગદર્શન નીચે અભ્યાસ કરીને પેઇન્ટિંગનો ડિપ્લોમા મેળવ્યો. એમની એ સાધના અંતે ફળી છે.

સૌરાષ્ટ્રના તળપદા જીવનને નિરૂપતાં એ બંને ચિત્રો(આ સાથે પ્રકટ કર્યાં છે)માં અંતર્દેશીય ચિત્રશૈલીની પરંપરા ભાઈ મકવાણાએ વધુ સારીરીતે ઉતારી છે. મૂળના રંગદર્શન વિનાની આ સાદી છાપમાંથી પણ બંનેની સંયોજના ને રેખાશક્તિનો પરિચય મળી રહેશે.



મથાળે: 'જન્મોત્સવ' મુંબાઈ રાજ્ય પ્રદર્શનમાં રૂ. ૧૦૦૦નું પારિતોષિક મેળવનાર ચિત્ર ભાઈ મનહર મકવાણાનું; નીચે: એ જ પ્રદર્શનમાં રૂ. ૫૦૦નું ઇનામ જીતનાર ભાઈ ભૂપત લાડવાનું ચિત્ર 'રાંદલ'

સાહિત્યસંપર્ક

શબ્દકથા : આવો–પધારો

કોઈ ઓળખીતા કે સાધારણ મહેમાનને આવકાર આપતાં આપણે 'આવો, આવો' એમ કહીએ છીએ. પણ કોઈ મોટા મહેમાનનું—અતિથિવિશેષનું સ્વાગત કરતાં કહીએ છીએ 'પધારો, પધારો'. અર્થ એકનો એક, પણ એક શબ્દ સાદાસીધા ભાવનો વાચક અને બીજો આદરભાવનો વાચક. એવી જોડીઓની એક આખી જમાત છે. 'બેસવું' ને 'બિરાજવું', 'ખાવું' ને 'આરોગવું', 'ઊંઘવું' ને 'પોઢવું', 'તું' ને 'તમે', 'તમે' ને 'આપ', 'કપડાં' ને 'વાઘા', 'મૂકવું' ને 'ધરાવવું' વગેરે.

આદરણીય કે પૂજ્ય વ્યક્તિ—અસાધારણ ગુણ ધરાવતી વ્યક્તિને વિષે વાત કરતાં ચાલુ શબ્દો ને પ્રયોગો આપણને મોળા લાગે છે. તેમના સંબંધમાં ખાસ અલગ ભાષા વાપરીએ તો જ આપણને સંતોષ થાય છે. વૈષ્ણવોમાં ઠાકોરજીને વિષે બોલવા માટે ચાલુથી જુદી ખાસ માનવાચક શબ્દાવલિ વપરાય છે તે આ જ કારણે. અગાઉ જેમની ઓળખાણ કરી તેવા નિષિદ્ધ શબ્દોની જેમ, આ આદરવાચક શબ્દો પણ ભાષાની અંદર રહેલી ભાષાના દાખલા છે.

પણ 'પધારો'ની વાત કરતાં આપણે ઘણા દૂર નીકળી ગયા! આ 'પધારો'નું મૂળ શું છે? 'પધર્યાં'નાં જૂનાં સ્વરૂપ 'પધારિયા' ને 'પાઉ ધારિયા' છે. ને 'પાઉ ધારિયા' એટલે पादौ धारितौ-'પગ ધાર્યા', 'પગ ધર્યા', 'પગલાં કર્યાં'. એકરૂપ શબ્દ 'પધારવું' મૂળ पाद અને धृ એવા બે અંશોમાંથી બન્યો છે.

—હરિવલ્લભ ભાયાણી


ફોટોગ્રાફીની હાથપોથીઓ

કૅમેરાની એક જરા શી ધ્રુજારી પણ સારા ફોટોગ્રાફરને બદનામ કરવાને પૂરતી છે. અલબત્ત, વધતુંઓછું એક્સ્પોઝર, ખોટો કોણ કે ખરાબ રીતે ધોવાએલી નેગેટિવ વગેરે ભૂલો પણ ફોટોગ્રાફને બરબાદ કરી દે છે, પરંતુ તે બધી ક્ષતિઓ પૂરતા અનુભવની ખામીમાંથી પરિણમે છે અને અનુભવે તે તુરત સુધારી પણ લેવાય છે. પણ કૅમેરા હલી જતાં બગડેલા ચિત્ર માટે તો કોઇ બચાવ ન હોઈ શકે. આ સ્થિતિ ટાળવા લગભગ $\frac{૧}{૨૫}$ સેકંડ જેટલી શટર-સ્પીડથી ફોટો લેવા જેટલો તમારો હાથ સ્થિર થવો જ જોઇએ. જો તેમ ન થઇ શકે તો પછી તમારે કોઈ પણ પ્રકારના સ્થિર ટેકાની જરૂરત અનિવાર્ય ગણવી જોઇએ.

કૅમેરા ટેકવવા માટે હાલ તો અનેક સાધનો મળે છે ને કોઈ પણ સ્થિતિમાં તેમજ સ્થળે તેનો ઉપયોગ કરી શકવા જેટલી તેમાં વિવિધતા પણ હોય છે. ફોટોગ્રાફીનાં તૈયાર મળતાં આવાં ઘણાં સાધનોની રચના ક્યારેક તો એટલી સરળ હોય છે કે નવરાશની વેળાએ જૂના ભંગારમાંથી તે ઘેર બેઠાં પણ બનાવી લેવાય. પોતાનાં આવાં સાધનો હાથે જ બનાવી લેવાનો વ્યાસંગ પણ કેળવવા જેવો તો ખરો જ. લંડનની 'ફોકલ પ્રેસ' તરફથી ફોટોગ્રાફીને લગતી 'ધ ફોકલ ફોટો ગાઈડ્સ' નામની હાથપોથીની એક માળામાં હમણાં આવી બે પુસ્તિકાઓ પ્રકટ થઈ છે. તેનાં નામ છે All about making your own camara-supports અને All about building your own projector.

પહેલી પુસ્તિકામાં કૅમેરા ટેકવવા માટે લગભગ પચ્ચીસેક પ્રકારનાં સાધનો હાથે બનાવી લેવા માટેનાં સૂચનો ને માહિતીઓ આપી છે. વિષયને વધુ સરળ બનાવવા તેમાં સંખ્યાબંધ ફોટોગ્રાફો અને આલેખનો આપ્યાં છે. તેમાંની સરળ એવી કેટલીક યુક્તિઓ આ સાથે આપી છે. ઉપરાંત, ત્રિપરિમાણ ચિત્રો લેવા માટેની ખાસ ઘોડી બનાવવાની રચના પણ સરળ આકૃતિઓ સાથે તેમાં સમજાવી છે.

બીજી પુસ્તિકા સ્લાઈડ્ઝ અને ટ્રાન્સપરન્સીઓ જોવા માટેનું પ્રોજેક્ટર બનાવવા વિષેની છે. તેમાં પણ સરળતા ખાતર કામની પ્રગતિના ક્રમાનુસાર ફોટોગ્રાફો અને આલેખનોથી વધુ સ્પષ્ટતા આપી છે. દરેક પુસ્તિકા કિંમત રૂ. ૧·૮૭ છે અને મુંબાઈમાંથી કૉન્ટીનેન્ટલ ફોટોસ્ટોર્સ, દાદાભાઈ નવરોજી રોડ, કોટ, મુંબાઈ-૧ એ સરનામેથી મળે છે.



કૅમેરા ટેકવવા માટેની વિવિધ ઘોડીઓના પ્રકારો

તમે કદાચ જાણતા નહિ હો કે વિસ્તાર ને કદની દૃષ્ટિએ તો જગતના દેશોમાં બ્રિટનનો ક્રમ છેક ૭૫મો આવે છે; અને પૃથ્વી પરની જમીનનો માત્ર ૦·૧૮મો ભાગ જ તે ધરાવે છે. વળી તેની વસતિ જગતની વસતિના માત્ર બે જ ટકા જેટલી હોઇ એમાં યે એનો ક્રમ નવમો છે. પણ વસતિની ગીચતામાં જાપાન, બેલ્જિયમ અને નેધરલૅન્ડ પછી ચોથો નંબર બ્રિટનનો આવે છે, ને આમ, યુનાઇટેડ સ્ટેટ્સ કરતાં દર ચોરસ માઈલે બ્રિટનની વસતિનું પ્રમાણ અગિયાર ગણું છે! એમાંથી યે ૮૦ ટકા જેટલી વસતિ તો શહેરોમાં જ રહે છે; તેમાંથી યે ૪૦ ટકા જેટલા લોકો તો લંડન, માંચેસ્ટર, બર્મિંગહામ, લીડ્સ, લીવરપુલ, ન્યૂ કૅસલ અપૉન ટાઇન અને ગ્લાસગોમાં જ સમાઇ જાય છે, અને હજી આમાંથી યે ગ્રેટર લંડનની વસતિ ૮૦ લાખ ઉપરની છે.

આ તો થઈ માત્ર બ્રિટનનાં કદવિસ્તારની વાત. પરંતુ તેને વિષે જાણવા સમજવા માટે બીજી સેંકડો માહિતીઓ છે. એ માહિતીઓ તથા બ્રિટન ને તેની સાથે સંકળાએલાં ક્ષેત્રોનો પરિચય આપતી ત્રણ પુસ્તિકાઓ પ્રકટ થઈ છે. તેનાં નામ છે The Commonwealth in Brief, The U.K. Dependenciecs in Brief ને Britain in Brief.

પરંતુ આથી યે વધુ ઉપયોગી પ્રકાશન તો છે



Britain: Official Handbook (1958) નું. છેલ્લાં દસ વર્ષથી આ સંદર્ભગ્રંથ પ્રકટ થાય છે. શરૂઆતમાં તો તે વિના મૂલ્યે ને પરિમિત વહેંચણી પૂરતો જ પ્રકટ થયો હતો, પણ ૧૯૫૪માં તે પહેલી વાર વેચાણ માટે મુકાતાં તેને જે આવકાર મળ્યો તેનાથી પ્રેરાઈને હવે દર વર્ષે નિયમિત તેનું પ્રકાશન કરવામાં આવે છે. બ્રિટનની ભૌગોલિકપરિસ્થિતિથી માંડીને તેની રાષ્ટ્રીય અર્થસંપત્તિ, ઉદ્યોગ, વ્યાપાર, વાહનવ્યવહાર, સમાજકલ્યાણ, સંરક્ષણ, બાંધકામ, નિયોજન, ત્યાંની પાર્લામેન્ટ અને તેનો વહીવટ, કામગાર વર્ગ, ધર્મ, વિજ્ઞાન, કળા, આકાશવાણી ને ટેલિવિઝન સુધીની તલસ્પર્શી ને સર્વાંગી માહિતી તેમાં આપવામાં આવી છે. આ ઉપરાંત, બ્રિટનની વિવિધ પ્રવૃત્તિઓના પ્રતિબિંબરૂપ ૫૦ ફોટોગ્રાફો, ૧૦ વિગતપૂર્ણ નકશાઓ (જેમાંના બે તો મોટા કદના અને રંગીન છે) ને ૧૫ જેટલા અન્ય આલેખો વગેરેથી ગ્રંથને વધુ ઉઠાવદાર અને આકર્ષક બનાવાયો છે, એટલું જ નહિ પણ બ્રિટનને લગતી હજી વધુ માહિતીઓ મેળવવામાં મહત્વની એવી ૩૭ પાનાંની અન્ય સંદર્ભસામગ્રીની સૂચિ અને વિષયાનુક્રમણી સાથે કુલ ૫૩૦ પાનાંમાં પથરાએલા આ ગ્રંથની કિંમત રૂા. ૭-૮૭ છે, તે તેની ઉપયોગિતાની દૃષ્ટિએ વધારે તો ન જ ગણાય. આ અને 'હર મૅજેસ્ટીઝ સ્ટેશનરી ઑફિસ (લંડન)'નાં અન્ય પ્રકાશનો મેળવવાનું સ્થળ: British Information Services, Eastern House, Mansingh Rd., New Delhi-2.

ગુજરાતી લોકસાહિત્યમાળા: મુંબાઈ રાજ્યે ૧૯૫૬માં નીમેલી ગુજરાત લોકસાહિત્યસમિતિ (શ્રી ઉમાશંકર જોષી–અધ્યક્ષ, ડૉ. મંજુલાલ ર. મજમુદાર, પ્રો. પુષ્કર ચંદરવાકર, ડૉ. સુધા દેસાઈ, લાલચંદ ધુળાભાઈ નીનામા, મધુભાઇ પટેલ) સંપાદિત ગુજરાતી લોકસાહિત્યમાળાના આ પ્રથમ મણકામાં (ગુજરાતને મોટો વૈવિધ્યમય દરિયાકિનારો છે એની પ્રતીતિ કરાવતી) સૂરતના અને સૌરાષ્ટ્રના સાગરકાંઠાની અબાવણી, મેવાસ રાજપીપળા ચરોતર ઉત્તર ગુજરાત અને નળકાંઠાનાં લોકગીતો, પંચમહાલના ભીલોનાં ગીતો તથા કહેવત-ઉખાણાં, ઐતિહાસિક પ્રસંગોના રાસડા, કચ્છ કાઠિયાવાડની લોકકથા, પહોર-વાર-તિથિ-મહિનાના વિપુલ સાહિત્યમાંથી વાનગીઓ અને ભવાઇનો વેશ વગેરે સંગ્રહી આપવામાં આવ્યાં છે. લોપાતા જતા લોકસાહિત્યના મૂલ્યવાન સાંસ્કૃતિક વારસાને ગ્રંથસ્થ કરી લેવાનો મુંબાઈ સરકારનો આ પ્રશસ્ય પ્રયત્ન ભવિષ્યના મણકામાં ઉત્તરોત્તર વધુ સંગીન અને સફળ બનતો જાય એમ ઇચ્છીએ. ગુજરાત લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ તરફથી પ્રકાશિત ૪૭૮ પૃષ્ઠોનો આ દળદાર ગ્રંથ માત્ર બે રૂપિયામાં સૌ સાહિત્યરસિકે વસાવવો જોઇએ.

ગુજરાત સાહિત્ય સભા–કાર્યવહી ૧૯૫૩-'૫૪: અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના ગુજરાતી સાહિત્યોત્થાન તથા સાહિત્યપ્રગતિ માટેના પ્રયત્નો પ્રથમથી પાયાના અને ઐતિહાસિક છે.

પ્રસ્તુત ગ્રંથમાં ઈ. ૧૯૫૩ના ગ્રંથસ્થ વાઙ્મયની શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીએ કરેલી સમીક્ષા આપવામાં આવી છે. સમીક્ષાની તટસ્થ વિવેચક કલમ સહૃદય પણ છે. સમીક્ષાની સાથોસાથ ઈ. ૧૯૫૨-'૫૩-'૫૪નાં વર્ષોના શ્રી રણજિતરામ સુવર્ણચન્દ્રક ધારકો અનુક્રમે પં. કેશવરામ કા. શાસ્ત્રી, ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા ને શ્રી ચંદ્રુલાલ બહેચરલાલ પટેલનાં ચન્દ્રક-પ્રદાન સમયનાં ભાષણો બીજા વિભાગમાં આપવામાં આવ્યાં છે. પ્રકાશક: મંત્રીઓ, ગુજરાત સાહિત્ય સભા, વૅલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ. રૂ. ૪.



અર્ઘ્યાંજલિ

આ જિંદગીના રથને સમાલજો,
જોજો, ન એ ઊતરી જાય માર્ગથી;
આદર્શ ને વાસ્તવના તુરગમો
(શ્રદ્ધા) જોજો, ન ખેંચે ઊલટી દિશામાં. દેવજી રા. મોઢા

સ્વ. સર યદુનાથ સરકાર

આપણા દેશનો ઇતિહાસ અત્યાર સુધી વિદેશીઓની કલમે આલેખાએલો હોઇને ભારતીય પ્રજાને તેનાં ગૌરવ અને સામર્થ્યનું ભાન ભાગ્યે જ થવા પામેલું. આ દિશામાં સૌપહેલો પ્રયત્ન કોઇએ કર્યો હોય તો તે શ્રી યદુનાથ સરકારે. એમણે વૈજ્ઞાનિક પદ્ધતિએ હિંદનો મુઘલકાલીન ઇતિહાસ લખીને જગતભરના વિદ્વાનોની પ્રશંસા પ્રાપ્ત કરી. ભારતીય ગૌરવ એમના દેહના કણેકણમાં વ્યાપ્ત હોઈને, અંગ્રેજોએ ઇતિહાસની પ્રામાણિકતાનો લોપ કરી ઇતિહાસને નામે જે કલ્પનાસૃષ્ટિ સરજેલી તેને તેમણે પાયામાંથી તોડી પાડી. આ રીતે તેઓ હિંદના એક મહાન ઈતિહાસકાર જ નહિ, પરંતુ એક ઇતિહાસ-સંપ્રદાયના પ્રવર્તક છે, જે માને છે કે 'જે વાતનું પ્રમાણ રજૂ ન કરી શકાય એવી એકે વાત ઇતિહાસમાં આવવી જોઇએ નહિ.' ઇતિહાસલેખકના પૂર્વગ્રહો હકીકતની આડે ન આવવા જોઈએ, તેમ કશી રંગદર્શી આભા પણ એને ન અપાવી જોઈએ. આવા, ભારતની પ્રજાને તેના ગૌરવ અને સામર્થ્યનું ભાન કરાવતા સૌપ્રથમ શુદ્ધ ને તેજસ્વી ઇતિહાસગ્રંથો આપનાર એ સમર્થ ને પ્રતિભાવંત ઈતિહાસકારનું ગયા માસ (મે)ની ૧૯મી તારીખે ૮૮ વર્ષની વયે અવસાન થતાં ભારતીય ઇતિહાસને ક્ષેત્રે ન પુરાય એવી ખોટ પડી છે. અગાઉ ૩૫૩મા અંકમાં એમનું વિસ્તૃત ચરિત્ર આવી ગયું છે.

બંગાળના રાજશાહી જિલ્લામાં, નાટોરના સ્ટેશનથી દસ માઈલ દૂર આવેલા કરચમડિયા ગામના એક કાયસ્થ જાગીરદાર કુટુંબમાં ઈ. ૧૮૭૦ની ૧૦મી એપ્રિલે એમનો જન્મ થએલો. એમના પિતા શ્રી રાજકુમાર સરકાર ભારતીય કલા અને ઇતિહાસ પ્રત્યે અનન્ય પ્રીતિ ધરાવતા હોઈ એ વિષયનાં અનેક પુસ્તકો મેળવીને એમણે વસાવેલાં. રાજશાહીમાંથી ૧૬મે વર્ષે માન સાથે, ને પ્રમથનાથ સ્કૉલરશિપ લઈ, મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને એ કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા; અને ઈ. ૧૮૯૧માં અંગ્રેજી તથા ઇતિહાસનો 'ડબલ ઑનર્સ'નો કોર્સ લઇને એમણે બી.એ.ની પરીક્ષા પસાર કરી માસિક રૂ. ૫૦ની શિષ્યવૃત્તિ મેળવી. બીજે જ વર્ષે અંગ્રેજી સાહિત્યનો વિષય લઇને એમ.એ.માં પહેલા વર્ગમાં પહેલા આવી રૂ. ૧૦૦નું ઈનામ તથા સોનાનો ચાંદ મેળવ્યાં. આ પરીક્ષામાં એમણે મેળવેલા ૯૫ ટકા માર્ક આજ સુધી કલકત્તા યુનિવર્સિટીમાં 'રેકૉર્ડ માર્ક' ગણાય છે. એમનો બાંધો જન્મથી બહુ મજબૂત નહોતો અને અવારનવાર મલેરિયાનો ભોગ બનતા; પરંતુ સુરેશચન્દ્ર ચક્રવર્તી નામના-હૉસ્ટેલના સાથીએ એમને ફૂટબૉલનો નાદ લગાડયો. આ રમતથી એમનું શરીર ઠીકઠીક કસાયું.

એમ. એ. પાસ થઇને ઈ. ૧૮૯૩માં પહેલવહેલા રિપન કૉલેજમાં અને ૧૮૯૬ થી '૯૮ સુધી ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર કૉલેજમાં અધ્યાપક રહ્યા. સાથોસાથ અધ્યયન પણ ચાલુ રાખ્યું અને અત્યંત મુશ્કેલ ગણાતી 'લાયબ્રેરી એક્ઝામિનેશન' પસાર કરીને રૂ. ૧૦ હજારની પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મેળવી, ને એ 'પ્રેમચંદ રાયચંદ સ્કૉલર' તરીકે 'ઔરંગઝેબના સમયનું ભારત' લખીને કલકત્તા યુનિવર્સિટીમાં એક સંશોધક ઇતિહાસકાર તરીકે નામના પણ મેળવી.

ઈ. ૧૯૦૨ના જાન્યુઆરીમાં એમની નિમણૂક પટણા કૉલેજમાં થઈ. ત્યારથી જે પંદર વર્ષ એમણે એ કૉલેજમાં ઇતિહાસના અધ્યાપક તરીકે ગાળ્યાં તે એમના જીવનનાં ખરેખરા પરિશ્રમનાં વર્ષો હતાં. 'નેશન' પત્રમાં રણજિતસિંહ, ટિપુ વગેરે પર છૂટક લેખો લખીને એમણે પોતાની ભારતીય તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિનો પુરાવો તો આપેલો જ હતો. હવે પછીથી તો ભારતીય ઇતિહાસ એ જ એમનું એકમાત્ર ધ્યેય બની રહ્યું. મોડી રાત સુધી તેઓ વિવિધ

આપણાં જંતુઓ : ૬
કીડી




કીડીનો નર · કામગાર કીડી



માદા કીડી

કીડી કોણે નહિ જોઇ હોય? પણ નિત્યના પરિચયમાં તે જેટલી સાધારણ લાગે છે એટલી જ અસાધારણ તે ઉદ્યમ અને ખંતના ગુણમાં છે. Hymenoptera વર્ગનું Formicoidea કુટુંબનું આ જંતુ સઘળાં જંતુઓમાં બુદ્ધિશાળી ગણાય છે. તેને સ્પર્શ, રસ અને ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયો હોય છે.

કીડીની લગભગ ૮૦૦૦ જાતો પૈકી મોટા ભાગની વિષુવવૃત્તીય પ્રદેશોમાં જ થાય છે. અંગ્રેજીનો 'ઍન્ટ' શબ્દ ઊધઈ, મંકોડા વગેરે સર્વ જંતુઓને માટે વપરાતો હોઈ તેને 'વ્હાઈટ ઍન્ટ,' 'બ્લૅક ઍન્ટ' આદિ નામ અપાયાં છે.

માણસની જેમ તે પણ સામાજિક જીવ હોઇ સંસ્થાન બાંધીને સમૂહમાં રહે છે. તેમનો સમાજ કામગાર (નપુંસક), માદાઓ અને પાંખાળા નરોનો બનેલો હોય છે. માદા ક્યારેક ૧૫ વર્ષ જીવે છે. માદા કરતાં નર કદમાં નાનો અને પાતળો હોય છે.

ખાસ કરીને મીઠી ચીજોની શોખીન કીડીઓ સામાન્યત: સર્વ પ્રકારનો ખોરાક તથા જીવડાં પણ ખાય છે, અને ઘણુંખરું જમીનમાં ને ક્વચિત લાકડામાં દર કરીને તેમાં પોતાનો ખોરાક સંગ્રહી રાખે છે. તેની કેટલીક ઉપજાતિઓ પિપીલિકામ્લ (ફૉર્મિક ઍસિડ)વાળું પ્રવાહી બહાર કાઢે છે, ને જીવડાંને મારી ખાય છે. કેટલીક જાતો છોડનાં બીજ માત્ર ખાય છે.

વર્ષમાં અમુક સમયે નર અને માદા મોટી સંખ્યામાં સહોડ્ડયન કરે છે. હવામાં સમાગમ થયા પછી તરત નર મરી જાય છે, ને માદા (હવે 'રાણી') પાંખો ગુમાવે છે અને કોઇ દર શોધી લે છે, અથવા નવું રચી શરીરમાં ઈંડાંનો વિકાસ થઈ રહે ત્યાં સુધી અંદર જ પુરાઇ રહે છે. ઈંડાં મુકાયે સૌ પહેલાં તેને 'કામગાર' કીડી સેવે છે; અને સોળ દિવસમાં તે સેવાઈ રહ્યે રાણી ઇયળોને તેમાંથી બચ્ચાં ન બની રહે ત્યાં સુધી પોતાની લાળથી પોષે છે. હવે કામગાર કીડી જ સંસ્થાનનો કબજો લે છે ને બધી જવાબદારીઓ સંભાળે છે. કેટલીક જાતોમાં બધી 'કામગાર' કીડીઓ એકસરખા કદની હોય છે, તો કેટલીક જાતોમાં મોટાં માથાંવાળી 'સૈનિક'(સૉલ્જર)ને નાનાં માથાંવાળી કામગાર કીડીથી અલગ પાડી શકાય છે.

ઇતિહાસ-સામગ્રીના અધ્યયનમાં લીન રહેતા. આ તિતિક્ષામાં સામાજિક જીવન જેવી કોઈ ચીજ તેમને માટે ન રહી. અહીં પહેલાં એમનાં 'ચૈતન્ય' તથા 'ઈકૉનૉમિક્સ ઑવ બ્રિટિશ ઇન્ડિયા' પુસ્તકો બહાર પડેલાં, જેમાંની બીજી કૃતિ તો બે દાયકા સુધી એ ક્ષેત્રના પ્રમાણભૂત ગ્રંથ તરીકે ગણાતી રહેલી. ત્યાર બાદ 'હિસ્ટરી ઑવ ઔરંગઝેબ' તથા તેના પૂરક ગ્રંથ તરીકે 'ઍનેક્ડોટસ ઑવ ઔરંગઝેબ' બહાર પાડયા.

ઈ. ૧૯૧૭માં પટણા છોડીને તે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ગયા. ત્યાંથી ઔરંગઝેબ પર બીજાં પુસ્તકો અને 'શિવાજી ઍન્ડ હિઝ ટાઈમ્સ' બહાર પાડયાં. ૧૯૧૯માં બનારસ છોડી કટકની રાવણેશ્વર કૉલેજમાં જોડાયા, જ્યાંથી ૧૯૨૩માં પટણા કૉલેજના પ્રિન્સિપલ નિમાઈને ગયા. એ જ સાલમાં ગ્રેટ બ્રિટન અને આયર્લેંડની રૉયલ એશિયાટિક સોસાએટીએ તેમને પોતાના માનાર્હ સભ્ય બનાવ્યા, જે પદે દુનિયા આખીમાંથી માત્ર ત્રીસ જ વિદ્વાનો ચૂંટાય છે. ઈ. ૧૯૨૨માં બ્રિટિશ સરકારે પણ એમની કદર કરી એમને સી.આઈ.ઈ. (કમ્પૅનિયન ઑવ ધી ઇન્ડિયન એમ્પાયર)ના ખિતાબથી નવાજ્યા અને એ જ સાલના જૂન માસમાં મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાએટીએ એમને સર જેમ્સ કૅમ્પબેલ સુવર્ણચન્દ્રક પ્રદાન કર્યો. ઉપરાંત 'રૉયલ હિસ્ટૉરિકલ સોસાએટી ઑવ ઇંગ્લંડ', 'અમેરિકન હિસ્ટૉરિકલ એસોસીએશન' (વૉશિંગ્ટન)ના પણ તેઓ માનાર્હ સભ્ય હતા. કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિમણૂકએ એમનું અધ્યાપક તરીકેનું સર્વોચ્ચ સંમાન.

શાહજહાંના શાસનકાળથી આરંભીને અંગ્રેજી અમલના પ્રારંભ સુધીનો હિંદના ઇતિહાસનો પટ એમણે લીધો છે, અને ઊંડા તથા સતત સંશોધનપૂર્વક એમણે તે સરળ અને સુંદર રીતે રજૂ કર્યો છે. તે માટે તે હિંદભરમાં રખડયા, અનેક ભાષાઓમાંથી દસ્તાવેજી પુરાવા એકઠા કર્યા અને અસંદિગ્ધપણે એ પુરાવાઓને ન્યાય આપી શકાય તે માટે હિંદી, ફારસી, ફ્રેન્ચ, ડચ, પોર્ટુગીઝ વગેરે ભાષાઓ પણ શીખ્યા! મુઘલકાલીન ઇતિહાસસામગ્રીનો એમની પાસે જેટલો સંચય છે એટલો ભાગ્યે જ બીજા કોઈ પાસે હશે. ઔરંગઝેબના સમયના કાગળપત્રોના એમના સંગ્રહમાંના કેટલાક તો ખુદ ઔરંગઝેબના હાથે લખેલા છે! એમનો પોતાનો ઉમંગ પણ એટલો બધો હતો કે કશીક ઐતિહાસિક સામગ્રી મળવાનું કહેવામાં આવે તો દેશના કોઈ પણ ખૂણે તે પહોંચી જતા. મહારાષ્ટ્રના એક બ્રાહ્મણને ત્યાં કેટલાંક અગત્યનાં ખતપત્રો હતાં, પણ કોઈ અબ્રાહ્મણને તે એ જોવા આપતો ન હોવાથી એમને તે માટે ખાસ બ્રાહ્મણનો વેશ લેવો પડેલો! ઝીણામાં ઝીણી ઐતિહાસિક વિગતોની ચોકસાઈ માટે તેઓ ખૂબ આગ્રહ રાખતા. દુર્ગાદાસ રાઠોડ વિષે વાત કરતા હોય ત્યારે આપણને એમ જ લાગે કે એ એમના જાની મિત્ર હશે! શિવાજીને આઠ રાણી હતી એ વાતની જાહેરાત એમણે કરી ત્યારે જ આપણને જાણ થઈ. કલકત્તાના કારાગ્રહ જેવો કોઈ પ્રસંગ બન્યો જ નથી એ પુરવાર કરનાર પણ એ જ.

ભારતીય ઇતિહાસના ક્ષેત્રમાં 'હિસ્ટૉરિકલ રેકૉર્ડ્સ કમિશન'નું મહત્ત્વ આજે સમજાવવાની જરૂર નથી રહેતી. એમની ઊભી કરેલી એ સંસ્થા પૈસાના અભાવે સરકાર બંધ કરી દેવા તૈયાર થએલી, ત્યારે એમણે જ જરૂરી નાણાં ઉઘરાવી આપીને તેને ચાલુ રખાવી. પોતે સતત કાર્યમગ્ન રહેતા હોવા છતાં વિદ્યાર્થીઓને પોતાને ગાંઠને ખર્ચે પોતાને ઘેર રાખી એ ક્ષેત્રમાં તૈયાર કરી તેમણે બહાર પાડયા છે. સ્વ. રાખાલદાસ બૅનરજી તથા શ્રી રાધાકુમુદ મુખર્જી તેમના જ શિષ્યો.

મુઘલ ઇતિહાસને લીધે એમને પછી મરાઠી ઇતિહાસમાં રસ જાગેલો. વળી ઔરંગઝેબનાં પહેલાં ચાળીસ અને છેલ્લાં પચ્ચીસ વર્ષ મોટે ભાગે મહારાષ્ટ્રમાં જ વીત્યાં હોઈ તેમને મરાઠી ભાષામાંની તદ્વિષયક

94th Birth Day,
17th May 1958

Since we deserved the name of
friends,
And Thine effect so lives
in me
A part of mine may live
in thee
And move Thee on to nobler
ends
(Tennyson: In Memoriam)

યદુનાથ સરકાર

15/5/58 Calcutta 29.

અવસાન પહેલાં થોડા જ દિવસ પર પોતાના ગાઢ મિત્ર, જાણીતા મરાઠી ઇતિહાસજ્ઞ ગોવિંદ સખારામ સરદેસાઈ (રિયાસતકાર) પર તેમના ૯૪મા જન્મદિન-નિમિત્તે અભિનંદન આપતો પત્ર, જેમાં ટેનિસનના વિખ્યાત કાવ્યની પંક્તિઓ છે.

ઐતિહાસિક સામગ્રી જાણવાની જરૂર જણાઈ. આથી જાણીતા મરાઠી ઇતિહાસકાર શ્રી સરદેસાઈ પાસેથી એમણે મરાઠી વ્યાકરણ તથા 'સભાસદાચી બખર' મંગાવ્યાં, અને પછી તો એમણે મરાઠી ભાષામાં પણ ઇતિહાસ-સામગ્રીનો વિપુલ સંચય કર્યો. શ્રી સરદેસાઈ સાથેનો તેમનો મૈત્રીસંબંધ આખર સુધી અવિભાજ્ય રહેલો અને શ્રી સરદેસાઈ તેમની વૃદ્ધાવસ્થાનો વિસામો બની રહેલા.

આહારવિહાર બંનેમાં એ ખૂબ સાદા હતા. ચા સુદ્ધાં એ લેતા નહોતા. વળી જ્યાં જાય ત્યાં એમનો વિદ્યાભ્યાસંગ ચાલુ રહેતો. દેશનાં તમામ પુસ્તકાલયો અને સંગ્રહાલયો તો એ ખૂંદી વળેલા, પરંતુ પરદેશનાં પણ પુસ્તકાલયો અને સંગ્રહાલયોમાં જ્યાં કશાં દુર્લભ ખતપત્રો કે પુસ્તકો હોવાનું જાણવામાં આવે ત્યાંથી તરત તેઓ પૈસા ખરચીને ફોટોગ્રાફ કે નકલ મેળવી લેતા. એક સમયે તો એમણે ફારસી પુસ્તકોની નકલો ઉતારવા માટે બે લહિયા દસ વરસ સુધી પોતાને ઘેર રોકેલા!

સ્વભાવે વિનમ્ર હોવા છતાં પોતાને જ્યાં કંઈ કહેવાયોગ્ય લાગે ત્યાં તેઓ બેધડકપણે કહી દેતા, અને પરિણામ ભોગવવા તૈયાર રહેતા. વસ્તુતઃ તો વિતંડાવાદ કરતાં તિતિક્ષાપૂર્વકના અધ્યયનમાં જ તેમને રસ હતો અને એમાં જ તેઓ ગળાબૂડ રહેતા. તેઓ બહુ ઓછું બોલતા, પરંતુ જે બોલતા તે નિશ્ચલ અને સ્પષ્ટ સત્ય બોલતા.

સમર્થ ઇતિહાસકાર ઉપરાંત તે સારા સાહિત્યકાર પણ હતા, એની ઘણાને જાણ નથી. ત્રણ વાર તેઓ બંગીય સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન શોભાવી ચૂકયા છે. સ્વ. રવીન્દ્રનાથના 'સોનાર તરી' કાવ્ય સામે શ્રી ડી. એલ. રૉય તથા બીજાઓએ શરૂ કરેલા વિરોધ સમયે એમણે જ રવિબાબુનો બચાવ કરેલો. રવીન્દ્રનાથ ઠાકુર પ્રત્યે એમને જબરું માન હતું, અને તેમનાં લખાણોનું અંગ્રેજી ભાષાંતર શરૂશરૂમાં એ જ કરતા એ હકીકત અત્યારે ભુલાઈ જવા આવી છે. આજને તબક્કે તો માત્ર આપણા ઇતિહાસના જ નહિ પરંતુ સમસ્ત વિદ્યાક્ષેત્રે તેમના જેવી તિતિક્ષાપૂર્વકની જ્ઞાનસેવાનો જોટો મળવો દોહ્યલો છે. તેમના જવાથી દેશ સાચે જ રંક બન્યો છે. (૩૫૩મા અંકમાં અશોક હર્ષ)

ચો-ઓયુનો વિજય અને તેના વિજેતા

મનુષ્યની એક આંખમાં આંસુ છે, બીજીમાં હાસ્ય. જે અઠવાડિયે હિમાલયના ૨૬,૮૬૭ ફૂટ ઊંચા શિખર ચો-ઓયુ પર આરોહણ કરવા જતી ભારતીય ટુકડીના નેતા મેજર જયલના અકાળ અવસાનની વર્તમાનપત્રોએ દુઃખપૂર્વક નોંધ લીધી હતી, ત્યાર પછીને અઠવાડિયે ટુકડીના બીજા નેતા શ્રી કેકી બનશાહની આગેવાની નીચે ગએલી ભારતીય ટુકડીમાંથી બે શેરપા યુવાનોએ ૨૫મી મેને દિવસે બપોરે એ શિખર પર સફળ આરોહણ કર્યાના આનંદના સમાચાર વર્તમાનપત્રોએ પ્રકટ કર્યા. તે બે પૈકીનો એક પાસંગ દાવા લામા હિમાલયનો નામાંકિત આરોહક છે. ચો-ઓયુ પર તે આ બીજી વાર ચડ્યો. તેનો સાથી સોનમ ગ્લાત્સેન સિક્કિમનો કુશળ પર્વતારોહક છે. હિમાલયના ઉચ્ચ શિખર પર આરોહણ કરવાનો આ પહેલો સંપૂર્ણ ભારતીય પ્રયાસ છે.

આ નવા સાહસ માટે શ્રી કેકી બનશાહને તેમના મિત્ર એવરેસ્ટ-વીર એડ્મન્ડ હિલારીના આશીર્વાદ મળેલા કે 'જો તમે જીતો તો એ જીત તમારી યશકલગી બની રહેશે.' ચો-ઓયુ પર સર્વાંશે ભારતીય ટુકડી લઈ જવાની આ યોજના તો તેમણે ગયે વર્ષે ઘડી રાખેલી અને સરકારે પણ તેમને સારું પ્રોત્સાહન આપેલું. પંડિત નેહરુએ તેમાં ખૂબ રસ લીધો અને આ સફળતાનો યશ તેમના પ્રોત્સાહનને પણ છે.

માત્ર ૨૮ વર્ષના યુવાન કેકીની પર્વતારોહણની કારકિર્દી જેટલી ઝળહળતી છે તેટલી જ તેમની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી હતી. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ અને કૉલેજ પોતાના આ ભૂતપૂર્વ વિદ્યાર્થીની ફતેહમાં ગૌરવ લે છે. કૉલેજમાં વિજ્ઞાન લઇને પછી તેઓ ધારાશાસ્ત્રી થયા અને પિતાની સૉલિસિટરોની પેઢીમાં જોડાયા.

પગપાળા પર્યટનના શૉખીન કેકી બનશાહ કાયદાના શુષ્ક ક્ષેત્રમાં પુરાઈ રહે તેવા નથી. સાહસ, પર્યટન અને પ્રકૃતિના શૉખીનોને હમેશાં હિમાલય બોલાવતો રહ્યો છે. ૧૯૫૧માં કેકી રાણીખેતમાં જે હોટેલમાં ઊતર્યા હતા, ત્યાં પાછળથી એવરેસ્ટ પર આરોહણ કરનાર હિલારી અને લોવ પણ આવ્યા. સમાન પ્રકૃતિના આ સાહસખેડુઓ પછી સાથે મળીને બદરીનાથ ગયા, ને વળતાં હિલારી અને લોવ મુંબાઈમાં કેકીના મહેમાન બન્યા. તેમના સહવાસમાંથી કેકીને હિમાલયનાં ઉચ્ચતર શિખરો ચડવાની પ્રેરણા મળી અને ૧૯૫૬માં જર્મન મિત્રો સાથે કેકી ગઢવાલી હિમાલયનું ૨૩,૩૬૩ ફૂટ ઊંચું પ્રખ્યાત શિખર ત્રિશૂલ ચડી આવ્યા! તેમની પર્વતારોહણની કારકિર્દીમાં આ મહત્ત્વનું સીમાચિહ્ન હતું.

જેઓ મુશ્કેલીઓથી વધુ દૃઢ નિશ્ચય કેળવે છે એવા બહાદુરોમાંના કેકી એક છે. નાણાં, સાધનો અને યોગ્ય સાથીઓ મેળવવાની મુશ્કેલીઓ પાર કર્યા પછી કાઠમંડુની વિમાની હોનારતમાં આ પર્વતારોહકોનાં કેટલાંક કીમતી સાધનો ને ખોરાકની વસ્તુઓ નાશ પામ્યાં. એ આઘાત જાણે ઓછો હોય તેમ ૧૮,૦૦૦ ફૂટ ઊંચે ટુકડીના પહેલા નેતા મેજર જયલનું ન્યૂમોનિયાથી અવસાન થયું. સામાન્ય માણસને હતાશ કરી નાખે એવા આ આઘાતો હતા. પરંતુ માત્ર ૨૮ વર્ષની યુવાન વયે કેકીએ જે નેતૃત્વશક્તિ, વ્યવસ્થાશક્તિ ને પર્વતારોહણની કળા દાખવી છે તે બતાવે છે કે આ ક્ષેત્રમાં કેકીનું ભાવિ ઊજળું છે.

સાથે ચો–ઓયુ-આરોહણનો પાછલો ઇતિહાસ પણ જોતા જઇએ. હિમાલયની પર્વતમાળાની જમણી તરફ આવી રહેલા, બીજા એવરેસ્ટ જેવા દુરારોહ્ય આ શિખર પર, ૧૯૫૪ના ઑક્ટોબરમાં ઑસ્ટ્રિયન સાહસ ટુકડીના ડૉ. હર્બર્ટ ટિચી અને હેર જૉસેફ જોશલરે પહેલીવાર પગ મૂકેલો. ત્યારે તેમની સાથે પાસંગ દાવા લામા હતો. ઇ. ૧૯૫૨માં આ શિખર પર ચડવા માટે એરિક શિપ્ટને નિષ્ફળ પ્રયાસ કરી જોએલો.

જગતના પર્વતારોહકોનું દૃષ્ટિકેન્દ્ર બનેલાં હિમાલયનાં હજી બીજાં બે શિખરો છે: ધવલગિરિ (હિમાલયનાં નહિ જિતાએલાં પૈકીનું સૌથી ઊંચું શિખર) ને રાકાપોશી. ધવલગિરિ પર ચડવાના બે પ્રયત્નો થયા છે: એક ૧૯૫૪માં આર્જેન્ટાઇન ટુકડીનો, ને બીજો હમણાં જ સ્વિસ ટુકડીનો, તે બંને નિષ્ફળ ગયા છે. રાકાપોશીને સર કરવાના પ્રયત્નો પૈકીનો પણ એકે હજુ સુધી સફળ થયો નથી. (સંકલિત)

કોડાઈકનાલ

(આ અંકમાંની આર્ટપ્લેટો પરનાં ચાર ચિત્રોના અનુસંધાનમાં)

પ્રકૃતિએ જ્યાં છૂટે હાથે પોતાનું માધુર્ય રેલાવ્યું છે એવું, હિંદભરમાં કદાચ શ્રેષ્ઠ આબોહવાવાળું આ હવા ખાવાનું સ્થળ, મદ્રાસ રાજ્યના મદુરા જિલ્લામાં પાલનીની ટેકરીઓના પહાડી પ્રદેશમાં આવેલું છે. ગિરિનિવાસોમાં રાણી રૂપ ગણાતા 'ઉતાકામંડ' કરતાં પણ આનું હવામાન ચડિયાતું–ઉનાળામાં વધુમાં વધુ નીચું અને શિયાળામાં ઓછામાં ઓછું ઊંચું–ગણાય છે.

કોડાઈકનાલરોડ સ્ટેશનથી ૫૦ માઈલ દૂર, સમુદ્ર-સપાટીથી ૭,૦૦૦ ફૂટ ઊંચે વસેલું આ નાનું ગામ શાંતિ અને આરામનું આદર્શ ધામ છે. ઉનાળા દરમ્યાન અહીંના પ્રવાસ માટે કન્સેશનલ રીટર્ન ટિકિટ અપાય છે. સ્ટેશનથી ગામ સુધી બસ-વ્યવહારની વ્યવસ્થા છે, જેના રસ્તાનો બે-તૃતીયાંશ ભાગ તો અનેક દૃશ્યમનોહર ટેકરીઓમાં થઇને જ પસાર થાય છે. પાણી-વીજળીની આધુનિક સગવડો સાથે હરિયાળી ટેકરીઓ ને આહ્‌લાદક નિસર્ગદૃશ્યોથી ભર્યુંભર્યું એ રમણીય ગ્રીષ્મધામ ત્યાંના વિશાળ સરોવરને લીધે વિશિષ્ટપણે આકર્ષક બને છે.

સર વીઅર લૅવેન્જે યોજેલું એક વહેળાને વાળીને બનાવવામાં આવેલું આ માનવ-સર્જિત સરોવર ગામની વચ્ચોવચ્ચ આવેલું છે. ૬૦૦ એકરના વિસ્તારમાં સેલારા લેતાં તેનાં નિર્મળ–પ્રસન્ન નીરમાં હોડીની સહેલગાહ માણવી એ અહીંના પ્રવાસની મુખ્ય મોજ છે. કોડાઈની ચોમેર ટેકરીઓ અને ખીણમાંથી પસાર થતો ૩૦ માઈલ લાંબો ગૉશેન રોડ નામનો રસ્તો ફરવા જવા માટેનું એક આકર્ષણ છે. તેની આજુબાજુની હરિયાળી ને પાણીના ધોધો બધી જ ચિંતા ભુલાવી દે તેવું માદક વાતાવરણ રચી રહે છે.

ઈ. ૧૮૭૦-૭૨માં આ જિલ્લામાં ફરજ પર આવી ગએલા લેફ્ટેનન્ટ કોકરના નામ પરથી ઓળખાતો 'કોકર્સ વૉક' ગામના દક્ષિણ ભાગની કિનાર પરનાં મેદાનો પાસેથી આગળ વધે છે, જ્યાંથી પેરૂમલ શિખરનું દર્શન સૌંદર્યની ભવ્યતાની સાક્ષાત પ્રતીતિ કરાવે છે. શહેરથી ત્રણ માઈલ દૂર આ પ્રદેશના સર્વોચ્ચ સ્થળે–૭૬૮૮ ફૂટની ઊંચાઇએ, સરકાર સ્થાપિત એક વેધશાળા છે, જેમાં પૃથ્વીનું ચુંબકત્વ, હવામાનશાસ્ત્ર તથા સમયને લગતાં આકાશી અવલોકનો અને ખગોળશાસ્ત્રીય નિરીક્ષણો કરવામાં આવે છે. મુખ્ય કામ સૂર્ય-વિજ્ઞાનને લગતાં નિરીક્ષણોનું છે.

'પિલર રૉક્સ' નામના ૪૦૦ ફૂટની ઊંચાઈવાળા ત્રણ પ્રખ્યાત સીધા ખડકો પણ અહીંના દૃશ્યમાં મધુર ભવ્યતા ઉમેરે છે. અહીંની સ્થાનિક વસતિ દેશી ખ્રિસ્તીઓની હોઈ ખ્રિસ્તી દેવળો તથા શિક્ષણ-સંસ્થાઓ અહીં ઘણી છે. ટેકરીની બાજુમાં લેડી રામનાથન્ નામની હિંદુ થએલી એક અમેરિકન બાઇએ બંધાવેલું સુબ્રહ્મણ્યનું સુંદર મંદિર છે. અહીંથી, અને પ્રૉસ્પેક્ટ પૉઈન્ટ પરથી, પહાડના ગાળામાંથી દૂર, પાલનીની ટેકરી પરનું વિખ્યાત જાત્રાધામ (મંદિર) તથા તેનું સરોવર જોઈ શકાય છે.

—શંકરલાલ દવે

કાંકચિયા

કાંકચ અથવા કાંચકા એ ગુજરાતની ઘરઘરની ઔષધિ છે. તે બધા પ્રાંતોમાં ખડીવેલરૂપે વાડોમાં થાય છે. એના તીક્ષ્ણ કાંટાને લઇને ખેતરોની વાડોમાં નાખવાથી જબ્બર ઝુંડ થાય છે. નડિયાદથી ડાકોર જતાં

તેની વાડોની વાડો દેખાય છે. ખેડૂત જો પોતાની વાડોમાં અષાડ માસમાં કાંચકા નાખી દે તો ખેતરની રક્ષા કરનાર કાંકચ એની ઝડપથી વાડ ઊભી કરી દે અને એની ઘાટી ઝાડી એક વરસમાં ઊભી કરે કે ખેતરમાં જનાવર કે માણસને પેસવું ભારે થઈ જાય.

સંસ્કૃતમાં એને લતાકરંજ કહે છે. એનું ફળ રાખોડી રંગના કોચલા વાળું હોય છે અને તેને ફોડવાથી ઝાંખી સફેદી લેતું ચપટા આકારનું મીંજ નીકળે છે. તેને કાચા કરતાં શેકીને વાપરવાથી ગુણમાં વધારો કરે છે. વર્ષો થયાં ઘરગથ્થુ ઔષધિ તરીકે કાંકચિયાનો મહિમા જાણીતો છે.

એનાં બીજ દીપન એટલે અગ્નિને પ્રદીપ્ત કરનાર, પથ્ય, શૂળ ગુલ્મ અને વ્યથાનો નાશ કરનાર છે. તેના રસમાં કૃમિઘ્ન ને વિષઘ્ન ગુણ છે. ચર્મરોગનાશક, જ્વરઘ્ન ને વૃષણવૃદ્ધિમાં તે ગુણકારી જણાયા છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ

વાંદા

આપણા જ ઘરમાં રહેલો આપણા દુશ્મનરૂપ વાંદો તેનાં રૂપ, ગંધ અને અપકૃત્યોના કારણે ખરેખર ક્રોધ અને જુગુપ્સા પ્રેરે એવો છે. કીટકશાસ્ત્રમાં 'પેરીપ્લાનેટા ઑસ્ટ્રેલેસી' અને 'પેરીપ્લાનેટા અમેરિકાના' જેવાં પ્રગલ્ભ નામો ધારણ કરનાર આ 'છીપાં' આપણા ઘરમાં છુપાઇને આપણા દુશ્મન બની આપણાં જાનમાલ માટે ભયજનક બની રહે છે. ચોર અને ખૂનીની જેમ એકાંત અને અંધારામાં રહેવાનું પસંદ કરતા આ વાંદા આપણા ખોરાકને અભડાવે છે અને રોગ ફેલાવે છે, આપણાં પુસ્તકોને અને બીજી વસ્તુઓને કરડી ખાય છે, કપડાંમાં ઈંડાં મૂકીને કપડાં બગાડે છે, અને ઈંડાં સાથે એનો જે રસ કપડાં પર પડે છે તે તેજાબ જેવો હોઈને કપડાંને નુકસાન પણ કરે છે. પુસ્તકોમાં થતા કાળા કથ્થાઈ રંગના ગોળ વાંદા એક એવા પ્રકારનો રસ છોડે છે કે જે પુસ્તકોમાં બ્લૂબ્લૅક શાહી જેવા પાકા કાળા રંગના ડાઘ પાડી દે છે. દક્ષિણ ભારતમાં તો એવા મોટા વાંદા પણ થાય છે જે રાતે નિદ્રાધીન માણસના વાળ અને આંગળાં કરડી ખાય છે, એટલું જ નહિ પણ તેના મોઢામાંથી થૂંક સુદ્ધાં ચૂસે છે! વાંદા પાયખાનામાં વિષ્ટા પણ ખાય છે. સંવનનમાં શ્વાન જેવાં આ જુગુપ્સાજનક જીવડાં જ્યારે ઋતુમાં આવે છે ત્યારે સર્વત્ર ઊડાઊડ કરી મૂકે છે. અંધારી ને ભેજવાળી જગ્યા તેને ગમે છે, ને માણસની જેમ તેને પણ સમતોલ પોષણ જોઇએ છે!

ખાંડની કડક ચાસણીમાં ઑર્રૅક્સ નાખીને તેની ગોળીઓ બનાવી વાંદા સંતાતા હોય ત્યાં રાખી મૂકવાથી વાંદા તે ખાઇને મરી જશે. નહિતર વાંદાની આયુષ્યમર્યાદા તો છ માસથી બે વર્ષની હોય છે, ને એક યુગલની વંશવૃદ્ધિ બરોબર થયા કરે ને બધાં જીવતાં રહે તો એક જોડીમાંથી એક વર્ષમાં છ લાખ વાંદા થાય! ('પ્રવાસી' પરથી)

ત્રાજવાં ત્રોફાવવાની અને ડામની સારવાર

માનવશરીરમાં એવી ૮૦૦ નાનીમોટી જગ્યાઓ છે કે જ્યાં ત્રાજવાં ત્રોફાવવાની સારવારથી લાભ મળે છે! આ માટે સોનારૂપાની સોયોનો ઉપયોગ કરવામાં આવે છે અને એ પણ દર્દ તથા સ્થાન પરત્વે જુદાંજુદાં બિંદુઓવાળી નક્કી કરવામાં આવી છે. આજે ભલે શહેરી સમાજમાંથી ત્રાજવાં ત્રોફાવવાનો આ પ્રચાર ગયો છે, પણ ગામડાઓમાં તો એ પ્રથા આજે ય ચાલે છે.


ભારતીય આયુર્વેદમા એક 'ક્ષૌરકર્મ ચિકિત્સાપદ્ધતિ'નો નિર્દેશ છે. આજે પેટના દુખાવામાં ડામ લેવાનો વિચાર ઘૃણાજનક લાગે છે, પરંતુ આ ઉપચારપદ્ધતિને પણ શાસ્ત્રીય આધાર છે જ. જેમ આજે વીજળીનાં સાધનોથી 'કૉટરાઈઝ' કરવાનો માર્ગ સ્વીકારાયો છે, તેવો જ શું તે કાળની ઉપયોગિતાની દૃષ્ટિએ આ એક માર્ગ ન ગણી શકાય? ત્રાજવાં ત્રોફાવવાની કે ડામ દેવાની પદ્ધતિઓ આ રીતે સ્વાસ્થ્યની

દૃષ્ટિએ જ વિચારવામાં આવી હતી અને આજે ય જ્યાં આજના દવાવાદનું સ્થાન હજી સ્વીકારાયું નથી એવાં લાખો ગામડાંમાં આ ઉપચાર-પદ્ધતિનો પ્રચાર ચાલે છે. (જન્મભૂમિ-પ્રવાસી)


સમૃદ્ધિનો સાગર


પૃથ્વીના ગોળાનો ૭૦ ટકા જેટલો ભાગ રોકતો દરિયો માનવી માટે બહુમૂલ્ય એવી કેટલીએ ચીજો સંઘરીને બેઠો છે. દાખલા તરીકે સાગરના પાણીમાં એટલું બધું સોનું છે કે જો તે સહેલાઇથી કાઢી શકાય તો પૃથ્વી પરની એકેએક વ્યક્તિ લાખોપતિ બની શકે! ચાંદી અને બીજી કીમતી ધાતુઓ, ઉપયોગી રસાયણો અને માછલી સિવાય બીજા ખોરાકનો પણ સમૃદ્ધ જથ્થો સાગરમાં પુરાએલો પડયો છે. મીઠું તો અનેક સદીઓથી મળ્યા જ કરે છે. તેમાંથી મળતું મૅગ્નેશ્યમ વિમાનો અને રૉકેટોના ભાગો બનાવવામાં વપરાય છે, અને સાગરમાંનું બ્રુમાઇન ઉચ્ચ પ્રકારનું પેટ્રોલ શક્ય બનાવવા ઉપરાંત દર્દશામક દ્રવ્યો, ફોટોગ્રાફીનાં રસાયણો, રંગો ને અન્ય બનાવટોમાં વપરાય છે. પણ દરિયાની સૌથી અગત્ની વસ્તુ તો મીઠું પાણી છે. બધા ખારા પાણીને મીઠું બનાવવાની આ રીત જો સસ્તી બને તો તે તંગીના ઘણા પ્રશ્નોને નિવારી શકે ને આખી યે દુનિયાના સૂકા પ્રદેશોને લીલાછમ બનાવવાનું સ્વપ્ન વાસ્તવિકતામાં પરિણમે.

અત્યાર સુધી અંધ માણસો માટેનું છાપકામ જુદાજુદા ભારે ક્રાફ્ટ પેપર ઉપર ઉપસાવીને કરવું પડતું. હવે કોડક કંપનીએ કોડાપેક નામનો પાતળો પ્લાસ્ટિક પદાર્થ યોજ્યો છે. એક યંત્ર આ પદાર્થને ગરમ કરે છે ને તેને ક્રાફ્ટ પેપરના બીબામાં બેસાડે છે. ઠંડો થાય ત્યારે બ્રેઇલ લિપિની બરાબર નકલ તેની ઉપર ઊઠી આવે છે. આ રીતે તેની સેંકડો નકલો ઉતારી અંધ માણસોનું વર્તમાનપત્ર ચલાવી શકાય છે.



પશ્ચાદ્‌ભૂમિમાં પેરૂમલ ટેકરીઓ સાથે કોડાઈ સરોવરનું વિહંગ દૃશ્ય
(જુઓ આ અંકમાં અન્યત્ર કોડાઈ કેનાલ પરનો લેખ • ફોટો : શંકરલાલ દવે-મદ્રાસ)





મથાળે: ધુમ્મસાચ્છાદિત પિલર રૉક્સનું દશ્ય; નીચે: કોકર્સ વૉક પાસે ધુમ્મસ (ફોટો: શકરલાલ દવે–મદ્રાસ)

પચ્ચીસ વર્ષ પહેલાં



જેઠ ૧૯૮૯
અંક ૧૧૪

આ લખાય છે ત્યારથી સવાસો વર્ષ પહેલાં ૧૮૩૩ના ઑગસ્ટની ૨૪મી તારીખે—સંવત ૧૮૮૯ના ભાદરવા સુદ દશમે—ગુજરાતની ભૂમિ પર એક યુગપુરુષનો જન્મ થયો. ગુજરાતમાં તે 'કવિ' તરીકે ઓળખાયો, સુધારક તરીકે વગોવાયો, ઈશ્કી અને ઉડાઉ તરીકે નિંદાયો ને જીવનના આખરકાળે જ્યારે એના ધર્મવિચાર ફર્યા ત્યારે, નિખાલસપણે સુધારામાંથી 'પાછા ફરવા' માટે એ પક્ષના જ માણસોને હાથે હડધૂત થયો. પરંતુ કોઈ પણ યુગપુરુષનું મૂલ્યાંકન તેના જીવનકાળ દરમ્યાન થયું હોય એવા દાખલા જગતમાં વિરલ છે.

કવિતાનાં વિવિધ ધોરણે નાણી જોતાં એનાં કાવ્યો કસોટીમાં ભલે પાર ન ઊતરે, પણ અંગ્રેજી સાહિત્યના સંપર્કથી પ્રેરણા પામીને એણે ભાવિનાં અંધારાં ઉઘાડી ગુજરાતી કવિતાને નવે ચીલે પ્રસ્થાન કરાવ્યું. આધુનિક ગુજરાતી ગદ્યનો સ્રષ્ટા ને આદ્ય ગદ્યસ્વામી પણ એ જ. Outline of History લખવા માટે વેલ્સ જગતભરમાં લબ્ધકીર્તિ થયો, પરંતુ એનો ખ્યાલ પણ નહિ હોય તે દહાડે નર્મદે ગુજરાતી ભાષાને 'રાજ્યરંગ' રૂપે 'આઉટલાઈન ઑવ હિસ્ટરી' આપી; ને 'ગુર્જરીનો ધનકોશ,' 'તારકભર નભ શો ભરી દેવા'નો કોશકાર તરીકેનો એનો કીર્તિમુકુટ તો સૌથી વધુ તેજસ્વી છે.

તેની એ મહત્તાની તુલના અને પ્રશસ્તિ શ્રી વિશ્વનાથ ભટ્ટના, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં, એ યુગપુરુષ કવિ નર્મદના જન્મશતાબ્દી મહોત્સવ નિમિત્તે બહાર પડેલા ગ્રંથમાંથી ઉતારેલી. તેમાંથી અહીં માત્ર કવિના જીવનના થોડા પ્રસંગો જ ઉતારીશું:

“બારતેર વરસનો એક કુમાર નાનકડી ધોતલી, લાંબું અંગરખું ને ધારી રાખેલા માથે મૂકેલી ટોપી એવા વેશમાં, ચોપડીઓ લઈ ઘેરથી શાળાએ જવા નીકળે છે. રસ્તામાં કાળકાદેવીનું મંદિર આવે છે, ત્યાં એ જાય છે. દફતર ખૂણામાં મૂકી એ ભક્તિભાવપૂર્વક માતાનાં દર્શન કરે છે. સ્વચ્છતા ને આભડછેટના એના ખયાલ એટલા તીવ્ર છે કે કોઇની સાથે વાત કરતાં કંઇ થૂંક ઊડયાનો જરા સરખો વહેમ પડે તો એ પોતાના અંગરખાની ચાળ વતી પોતાના હોઠ આખો દહાડો જોરથી ઘસ્યા કરે છે.

શાળાજીવનમાં નર્મદ બ્લૅકવેલ નામે શિક્ષકના વર્ગમાં હતો. એક દિવસ વર્ગમાં લખાવેલું કોઈ સમીકરણ નર્મદે પોતાની નવી ને સહેલી જ રીતે કરીને એ શિક્ષકને બતાવ્યું. શિક્ષકે તે ખોટું પાડયું ને ઉપરાંત વળી નર્મદને વર્ગ બહાર કાઢયો. નર્મદ આ સાંખે? એ વખતે એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલ ને કૉલેજ બન્ને એક જ મકાનમાં બેસતી, એટલે કૉલેજનો મૅકડુગલ કરીને ગણિતનો અધ્યાપક ફરતો ફરતો નર્મદના વર્ગ પાસે આવી પહોંચ્યો તેને નર્મદે પોતાનો દાખલો બતાવી બ્લૅકવેલ સામે રાવ ખાધી. મૅકડુગલે બ્લૅકવેલને કહ્યું, 'એનો હિસાબ સાચો છે ને એ તો હોશિયાર છોકરો છે.' આ વખતે 'બ્લૅકવેલનું મોઢું ચલ્લી જેવું થઇ ગએલું' એમ કવિ આનંદપૂર્વક નોંધે છે!

સં. ૧૯૧૧નો ભાદરવો મહિનો બેઠો છે. કવિ કૉલેજમાંથી ઘેર આવીને ઘરની નાનકડી અગાશીમાં જોસભેર આંટા મારે છે. પત્નીના અવસાન પછી એનું ચિત્ત વંટોળમાં સપડાયું હતું. ઘડીમાં ઉદ્દામ વિષયલાલસામાં તો ઘડીમાં તીવ્ર વિરાગમાં એ પડતું; ઘડીમાં થતું કે કાયદાનો અભ્યાસ કરી વકીલ થવું; વળી થતું કે મામલતદાર બની ખૂબ સત્તા મેળવી દમામથી મહાલવું; વળી થતું કે સંસ્કૃત, મરાઠી, બંગાળી, હિંદી, ઉર્દૂ વગેરે ઘણીઘણી ભાષાઓનો અભ્યાસ કરી સર વિલિયમ જોન્સ જેવા મહાન ભાષાશાસ્ત્રી બનવું; વળી થતું કે વિલાયત જઇને નામના મેળવવી; વળી થતું કે સ્વતંત્ર રોજી મેળવી વિદ્યાનંદમાં જિંદગી ગાળવી; ને આ બધાંમાં શું કરવું તે કાંઇ સૂઝતું નહિ. આવી દશામાં ધીરાનાં બેત્રણ પદ અકસ્માત્ એના વાંચવામાં આવે છે, ને એની તત્કાલીન વિરાગવૃત્તિને અનુકૂળ થઈ પડતાં તે જીભે ચડી જાય છે. પછી તો એનું જે સતત રટણ ચાલે છે એ રટણમાં ને રટણમાં એ જ ઢાળનું એક પદ આપોઆપ રચાઈ જાય છે. આ પદ દ્વારા એને પોતાના માનસિક રોગને નાબૂદ કરવાની 'બુટ્ટી' જડી જાય છે. એને થાય છે કે મારું મન બીજી કોઈ રીતે સ્થિર થતું નથી ને આમ પદો રચવાથી શાંત બને છે, એટલે નક્કી થાય છે કે કાવ્ય રચવાં એ જ મારા ચિત્તરોગની જડીબુટ્ટી છે.

ત્રેવીસ વરસનો નર્મદ, ધોતિયું અંગરખું ને ઘંટીના પડ જેવી પાઘડી પહેરી, જમણા હાથમાં કાગળની થોકડી તથા ડાબા હાથમાં દોરી બાંધેલો શાહીનો ખડીઓ પકડી, કાને કલમ ખોસી, સૂરતની એક ખૂણાની ગલીમાં સવારના આઠને શુમારે આવી પહોંચે છે. ગલીમાં એક દાદુપંથી કડિયાનું સાદું પણ સુઘડ મકાન છે ત્યાં એ જાય છે. કડિયો એને આવકાર આપી, પટારામાં ખૂબ જતન કરીને મૂકેલું પોતાના ગુરુ લાલદાસનું 'છંદરત્નાવળી' નામે હસ્તલિખિત પુસ્તક કાઢી આપે છે. નર્મદ જાણે મોટી થાપણ મળી હોય એવા હર્ષથી તે લે છે ને નીચે બેસી, ભોંય પર કાગળ રાખી બે અઢી કલાક સુધી તેની નકલ કર્યા કરે છે. આમ, લાગટ મહેનત લઇને પિંગળનું રહસ્ય પ્રાપ્ત કરી લે છે તથા કવિપદની પાકી તૈયારી કરી લે છે.

'હું તો મારે પદો જ રચીશ, ને શેર જુવાર તો મળી રહેશે' એ નિશ્ચય કર્યા ને ત્રણ વરસમાં કવિએ પોતાની નેમ પાર પાડવાને વિસ્મયજનક વિકાસ સાધ્યો છે. પિંગળ શબ્દની પણ ખબર નહોતી તેણે સ્થળેસ્થળે તપાસ કરી, રખડીરવડી, એ વિષયનાં જુદાંજુદાં સંસ્કૃતપ્રાકૃત પુસ્તકો મહામહેનતે મેળવી તેનું જ્ઞાન સંપાદન કરી લીધું છે ને ગુજરાતી ભાષામાં પહેલો જ 'પિંગળપ્રવેશ' સપાટાની સાથે રચી નાખી પ્રકટ કરી દીધો છે. એ જ રીતે 'અલંકારપ્રવેશ' ને 'રસપ્રવેશ' પણ ઉપરાઉપર બહાર પાડયા છે. 'નર્મકવિતા'ની પચાસેક પાનાં જેટલી છૂટક કવિતા પણ લખી નાખી છે. આ બધું જોઇને કાવ્યપ્રદેશમાં આ કોઈ નવો જ સૂર્ય ઊગ્યો છે એમ લોકોને લાગવા માંડયું છે.

કવિતાની આરાધનાની સાથે કૉલેજનો અભ્યાસ પણ બરાબર ચાલે એ અશક્ય જ હતું, એટલે કૉલેજને એણે છેલ્લી સલામ કરી છે, ને આરંભમાં ગોકળદાસ તેજપાળ હાઈસ્કૂલમાં તથા પાછળથી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂટની સેન્ટ્રલ સ્કૂલમાં નોકરી લીધી છે. પણ ચિત્તમાં વળી બીજી ગડમથલ શરૂ થઈ ગઈ છે. પોતે કવિતાક્ષેત્રમાં હજુ ઉચ્ચતર કાર્ય કરી શકે એમ છે, આજીવિકાની દુગ્ધામાં એ વિષયની પાછળ જેટલાં સમયશક્તિ આપવાં જોઇએ તેટલાં આપી શકાતાં નથી. એ સહસા નિશ્ચય કરી નાખે છે કે હવેથી કોઇ પણ જાતની નોકરી ન કરતાં કેવળ શારદાસેવનમાં જ સમગ્ર જીવન ગાળવું. એટલે સેન્ટ્રલ સ્કૂલમાં એણે રૂ.૪૦)ની જગ્યાનું રાજીનામું આપી સાંજે ઘેર આવીએ, પોતાની અનન્ય ઈષ્ટદેવતા પ્રત્યે જુએ એવા ભક્તિભાવપૂર્વક, મેજ પર પડેલી પોતાની કલમ પ્રત્યે જુએ છે, ને લોકોત્તર ભાવોદ્રેકથી આંખમાં આવી ગએલાં ઝળઝળિયાં સમેત

ગદ્‌ગદ કંઠે એ તેને માનસિક સંબોધન કરી ઊઠે છે કે 'હવે હું આજથી તારે ખોળે છઉં.'

સૂરતની નાગરી નાત જમવા બેઠી છે. એ વખતે એકએવો વિચિત્ર રિવાજ હતો કે નાતમાં જમવા બેસતી વેળા ગૃહસ્થવર્ગની સ્ત્રીઓ કાંચળી પહેરીને બેસે, પણ ભિક્ષુક વર્ગની સ્ત્રીઓને ફરજિયાત કાંચળી કાઢી નાખી માત્ર અબોટિયાભેર બેસવું પડે. જુવાન નર્મદ આ અન્યાય સાંખી શકતો નથી. તે પોતાના કુટુંબથી જ પહેલ કરે છે ને પોતાના ઘરની સ્ત્રીઓને કાંચળી પહેરાવી નાતમાં બેસાડે છે. આથી નાતમાં હોહા થઇ જાય છે. બ્રાહ્મણો ચિડાઇ જાય છે ને કેટલાંક બૈરાં પંક્તિમાંથી ચાલ્યાં જાય છે. પણ નર્મદ તે ગણકારતો નથી ને ત્યારથી એ અન્યાયી રિવાજ નાબૂદ થાય છે.

પછીને વરસે જદુનાથજી મહારાજ સાથે પુનર્વિવાહ સંબંધે વાદવિવાદનો પ્રસંગ ઊભો થાય છે. બધા સુધારકો જદુનાથજીથી અંજાઈ ગયા હોઈ કોઈ સભામાં જતા નથી. ત્યાં હુલ્લડ થાય એવો સંભવ હતો. પણ છાપરાનાં નળિયાંની કકડીઓ જેટલા દુશ્મનો હોય તો પણ જતાં ન ડરે એવો નર્મદ એથી અચકાતો નથી ને એકલો જાય છે. વિવાદને અંતે મામલો તોફાને ચડે છે ને નર્મદ, તથા એને માટે ઉચાટ થવાથી એની ખબર કાઢવા આવેલા એના પિતા લાલશંકર, બન્ને જોખમમાં આવી પડે છે; પણ એના પહેલવાન મિત્ર બાવા કિસનદાસની મદદથી બન્ને સલામત ઘેર પહોંચે છે.

બીજું એક વરસ વીતે છે ત્યાં મહીપતરામ વિલાયત જઇને પાછા આવે છે. સુધારકવર્ગમાંથીયે કોઈ તેની સાથે પંક્તિભોજન કરવા તૈયાર નથી. પણ વીર નર્મદ બેધડકરીતે તેની સાથે ભોજન કરે છે, સુધારકોને મહીપતરામને પડખે ઊભા રહેવા ઉશ્કેરે છે ને નાતમાં હોળો જાગે છે તેમાં પોતે તેના પક્ષમાં અડગ રહે છે.

કોઈ એક ગભરુ વિધવા ક્યાંક ફસાઈ ગઇ છે તેને કોઇ સંઘરતું નથી. નર્મદ પાસે આશ્રય માગવા આવે છે, પણ આશ્રય આપવો એ અતિ વિકટ કામ છે. નર્મદ કહે છે કે 'આવ, જગતમાં ક્યાંયે ન સમાય તેને માટે મારા ઘરમાં સ્થાન છે.' પ્રચંડ લોકવિરોધ સહન કરી, નાત બહાર રહીને પણ એ અબળાને આશરો આપે છે; એટલું જ નહિ પણ થોડાં વરસ પછી નાત સમાધાન કરી એનો સ્વીકાર કરે છે ત્યાં વળી બીજી એક વિધવાની વહારે ચડવાનો પ્રસંગ આવે છે, તે વખતે પણ ભૂતકાળમાં વેઠેલી વિપત્તિઓના અનુભવથી ડગી ન જતાં એટલી જ તત્પરતાથી તેને સહાય કરે છે, ને તેની સાથે તો, આજે આપણને વિચિત્ર લાગે એવી રીતે, પોતાની પત્ની હયાત છતાં વિધિપૂર્વક લગ્ન કરી તેને પોતાની ધર્મપત્ની કરી સ્થાપે છે ને એ રીતે ભયંકર આફતો નોતરીને પણ પોતાની સુધારકવૃત્તિને એ ચરિતાર્થ કરી બતાવે છે.

સવારના નવેક થયા છે. કવિ પોતાના લેખનકાર્યમાં મશગૂલ છે. એવામાં કોઈ કાઠિયાવાડી ડોસો ભલામણપત્ર લઇને કવિની પાસે આવે છે. કવિ તે વાંચીને પોતાના કારકુન નરભેરામને તેને સો રૂપિયા આપવાનું કહે છે. આ વખતે કવિ કરજમાં ગળાબૂડ છે, છતાં એમને ત્યાંથી કોઈ પણ યાચક ખાલી હાથે પાછો ફરતો નથી. એ પ્રમાણે આજે પણ તે આ ડોસાને આપવા કહે છે. પણ નરભેરામ પાસે સિલકમાં રોકડા છસાત રૂપિયા છે! નરભેરામ ડોસાને પોતાની ઓરડીમાં લઇ જઈ ત્રણચાર દિવસ પછી એ રકમ પોતાની પાસે આવી લઇ જવાનું બાંધ્યે ભરમે કહી વદાય કરે છે. પેલા છસાત રૂપિયા પણ ચારેક દિવસનાં ચાપાણી વગેરેના રોજિંદા ખરચમાં ચટ થઈ જાય છે. ફક્ત એક પાવલી તેમાંથી સિલક રહે છે. પાંચમે દિવસે નિત્યનિયમાનુસાર અગિયારેક વાગ્યે લખાણકામથી પરવારી કવિ નહાવા નીચે ઊતરે છે. કુટુંબ બધું સૂરત છે, એટલે રસોઇનો ભાર નરભેરામને માથે છે. પણ રસોડામાં જઇને જુએ છે તો બધું ઠંડુંગાર છે. ચકિત થઈને કવિ પૂછે છે, 'આજે આમ કેમ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગારે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે: 'અહો, એમ છે? તો એમાં આટલો બધો ગભરાય છ શું? એ પણ એક રંગ છે! ઠીક ચાલો, એ પાવલી છે તેમાંથી જે થાય તે કરો.' નરભેરામ બજારમાંથી બે આનાના પૌંઆ ને બે આનાનું દૂધ લાવે છે. એમાંથી અલ્પાહાર કરી, જાણે કશું જ ન બન્યું હોય એમ સ્વસ્થરીતે કવિ પોતાના સાહિત્યસેવનમાં ગૂંથાઈ જાયછે.

મૃગચર્મ પાથરીને તેના પર એક દેદીપ્યમાન મૂર્તિ સૌમ્ય મુખમુદ્રા ધારણ કરીને બેઠી છે. કપાળમાં ત્રિપુંડ છે, ગળે રુદ્રાક્ષની માળા છે, હાથમાં ગૌમુખી છે, સામે ઋગ્વેદ–યજુર્વેદની પોથીઓ તથા સરસ્વતીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી છે, બાજુમાં બે ઘીના દીવા બળી રહ્યા છે, ગૌમુખીમાં માળા ફળતી જાય છે ને મુખેથી 'ૐ સાંબશિવાય નમઃ'નો જપ થતો જાય છે. આ કોણ, નર્મદ? જૂનું બધું નિંદનારો, મૂર્તિપૂજાને મિથ્યા માની પોતાના કુટુંબના દેવસમૂહને પંદર વરસ પર પડોશીને સોંપી દેનારો, મદ્યમાંસનું ઉઘાડે છોગે સેવન કરનારો નર્મદ? એનું એ જ પ્રતાપી મુખ શોભી રહ્યું છે, આંખોમાં એનું એ બુદ્ધિતેજ ચમકી રહ્યું છે, પણ બુદ્ધિની પેલી પાર પણ કંઇક અગમ્ય તત્ત્વ છે ખરું એવી પ્રતીતિ થતાં એનું અભિમાન ઓસરી ગયું છે ને એ શાન્ત બન્યો છે. આ બધું શાથી થયું? વાંચો 'ધર્મવિચાર'. દુનિયાના જાતજાતના રંગ એણે વીસ વરસમાં જોયા. સ્નેહનાં જૂઠાણાં, પુરુષપ્રયત્નની મર્યાદા, અદૃશ્ય શક્તિનું સામર્થ્ય બધું અનુભવ્યું; દેશદેશના ઇતિહાસના અભ્યાસે સંસ્કૃતિના સ્વરૂપ ને નિયમોનો એને ખયાલ આપ્યો; એટલે હવે એને પોતાના પૂર્વજીવનની પ્રવૃત્તિ ભૂલભરી લાગીછે.

સાંજના છ થયા છે. કવિ પોતાના ઇષ્ટમિત્રો સાથે બેઠા છે. એવામાં એક પરબીડિયું મળે છે. ખોલીને વાંચતાં જ કવિના અંતરમાં મર્મદારક મંથન શરૂ થતું મુખ પર જોઈ શકાય છે ને પળવારમાં તો આંખમાંથી આંસુની ધાર થાય છે. પત્રમાંની હકીકતથી સૌ પહેલેથી વાકેફ છે, પણ કવિની અત્યારની દર્દભરી હાલત દેખી લાંબા વખત સુધી કોઇના મોંમાંથી શબ્દ નીકળી શકતો નથી. આખરે કવિ જ એ મૌન તોડે છે: 'ચાલીસ વરસ સુધી પાળ્યા પછી પણ આખરે ટેક મૂકવાનો વખત આવ્યો! વાત બધી તમે જાણો જ છો, તમારા જ પ્રયાસનું આ પરિણામ છે એમ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. ભલે, સૌની એમ જ ઇચ્છા હોય તો તથાસ્તુ! મારા અંતરનું મંથન એક હું જ જાણું છું.''કોઠી સદાવ્રતની આ મારી રે, ભૂખ્યા ભક્તિના તું રાખજે ભરી.' એમ ગાનારને જ સદાવ્રતનું અન્ન ખાવાનો સમય આવ્યો!

એ નોકરી કવિએ સાડાત્રણ વરસ જ કરી, પણ ત્યારથી એમના મુખ પરથી સ્મિત સદાને માટે ઊડી જાય છે. કવિના આ સેવાસ્વીકારથી સૌ ખુશ થાય છે. એક એના સુખદુઃખની સાચી ભાગિયણ એની ધર્મપત્ની ડાહીગૌરીને એ વાત ગમતી નથી. નર્મદની આંખમાંથી પડેલાં દુઃખનાં આંસુ જોઇને ત્યાં બેઠેલા મિત્રોને સંબોધીને તે છેડાઇને બોલી ઊઠેલી છે: 'તમે સૌએ ભેગા મળીને આ શું કરવા માંડયું છે? મારા ઘરની દીનતા કોણ ક્યારે દેખી ગયું કે મારા સિંહને તમે પાસલામાં નાખો છો? એમને પરાધીન બનાવી એમનો નિયમ કેમ તોડાવો છો?

સં. ૧૯૪૨ની શિવરાત્રિનો દિવસ છે. લાંબી માંદગી છતાં કવિ આજે મૃગચર્મ બિછાવીને તે પર બેઠા છે. સામે બે સ્ત્રીઓ ને એક કૉલેજિયન બેઠાં છે. સ્ત્રીમાં એક ડાહીગૌરી પોતે છે. કૉલેજિયન તે કવિએ પોતાના ઘરમાં રાખી ભણાવેલ, પોતાના કારકુનનો પુત્ર રાજારામ શાસ્ત્રી. કવિ બોલવા માંડે છે: 'ત્રેપન વરસ થયાં મને. એ ત્રેપનવરસના ગાળામાં જગતના

કેટલા પાર વિનાના રંગો જોયા મેં, ને જગતે પણ મારા કેટલા પાર વિનાના રંગો જોયા! મારી બુદ્ધિ જે જે સમયે જ્યાં જ્યાં મને દોરી ગઈ ત્યાં ત્યાં તે તે સમયે નિઃસંકોચપણે મેં ઝોકાવ્યું ને તેના પરિણામે જે સુખઃદુખ આવ્યાં તે આનંદપૂર્વક વધાવી લીધાં. મારા પૂરતો મને એમાં જરા હર્ષશોક નથી. રાજ્ય, સમય અવ્યવસ્થિત છે, લોકસમૂહ બેહદ સ્વચ્છંદ બની ગયો છે. આજના યુવકો પાશ્ચાત્ય પ્રવાહમાં ઘસડાઈ જવાના છે. તું પણ તેમની પેઠે ન ઘસડાય તેમાટે મારા જીવનનુંઝીણવટથી અવલોકન કરજે. લક્ષમાં રાખજે કે આજ સુધીનાં તમામ તત્ત્વશાસ્ત્રને ધર્મોનું મેં નિષ્પક્ષપાત નિરીક્ષણ કર્યું છે, ને અનેક માર્ગોમાં ફાંફાં મારી આખરે હું આર્ય મહર્ષિઓના માર્ગમાં પાછો આવ્યો છું. ઘણી વાર તને શંકા થશે, ઘણી વાર મન પાછું હઠશે, ઘણી વાર સ્નેહી મિત્રો આડેઅવળે રસ્તે લઈ જવા મથશે, પણ એ બધા સંજોગોમાં અડગ રહી સ્વધર્મને વળગી રહેજે. જય સાંબ સચ્ચિદાનંદ!' આવો છેલ્લો આદેશ આપી આ સત્યવીરે જીવનલીલા સંકેલી લીધી.

સુખઃદુખ, ચડતી-પડતી, રાગવિરાગના અજબ પલટા એના જીવને અનુભવ્યા. આજે એ દ્રવ્યની છોળમાં રમતો હોય; 'ડાંડિયા'માં એની કલમ કોઇક જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરે એટલે થોડા જ દિવસમાં એનાં પુસ્તકોની ઘરાકી જ ઘટી જાય, એણે માથે લીધેલા કોઈ કામને મળતો આશ્રય જ બંધ થઇ જાય ને ઘરખટલાના જબરા ખર્ચથી થોડા જ વખતમાં પૈસાની તંગી પડવા લાગે. એક કાળે તમે એને ચાંદનીમાં બેસી શરાબના જામ ઢાળવતો દેખો, તો થોડા જ સમય બાદ તમે એને શુદ્ધબ્રાહ્મણ બની 'નમઃ શિવાય'નો મંત્ર પૂરી આસ્થાથી જપતો પણ દેખો પાછા. એક વાર 'યાહોમ કરીને પડો'નું બ્યૂગલ બજાવી સૌને સુધારાના કાર્યમાં જોમભેર પ્રેરતો હોય, તો એનો એ જ નર્મદ પાછો 'ભૂલ્યા રે ભાઇ ભૂલ્યા! પાછા હઠો, જૂનું સંભાળો' એમ પડકાર પણ કરતો હોય.

નવલરામે એનું વર્ણન સંક્ષેપમાં છતાં સુંદર શબ્દોમાં કર્યું છે: 'ગુજરાતી ભાષામાં પ્રથમ કોશકાર, પ્રથમ પિંગળકાર, પ્રથમ રસાલંકારની સમજ આપનાર ને પ્રથમ રૂઢ ગદ્ય લખનાર તે નર્મદાશંકર જ. નોકરી ધંધો છોડી કલમને જ પોતાનું જીવન અર્પણ કરવાનું મહામાન એને જ છે. રાજકીય બાબતો પર પહેલવહેલો વિચાર કરનાર ને લખનાર પણ આ કવિ જ, કે જે વેળા આખો સુધારાસાથ માત્ર ઉચ્છેદક સંસારસુધારાની ચર્ચામાં જ ગુંથાએલો હતો.' દેશાભિમાન શબ્દ પહેલવહેલો એણે ગુજરાની ભાષાને આપ્યો ને તે લાગણીના ઉત્તમ નમુના રૂપ એમનું જીવન હતું.

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

આકૃતિ ૧

૧૬	૨	૩	૧૩
૫	૧૧	૧૦	૮
૯	૭	૬	૧૨
૪	૧૪	૧૫	૧

આકૃતિ ૨

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

આકૃતિ ૩

૧૧	૫	૮	૧૦
૨	૧૬	૧૩	૩
૧૪	૪	૧	૧૫
૭	૯	૧૨	૬

આકૃતિ ૪

હવે સોળ ખાનાંવાળા ચોરસમાં ક્રમિક સંખ્યાઓ લખી તે પરથી જંત્ર બનાવવાની બીજી રીતો મોહનલાલ પંચોળીએ આપેલી તે જોઇએ:

"પહેલાં તો ચાર ખાનાંની ચાર હાર ગોઠવી સોળ ખાનાંના ચોરસમાં પહેલેથી ક્રમસર ક્રમિક સંખ્યાઓ લખી બધાં ખાનાં ભરી કાઢો. હવે બંને કર્ણરેષામાં આવેલા સીમાન્ત (તદ્દન છેડાના) અંકોનો તેમજ મધ્યે આવેલા અંકોનો અદલોબદલો કરો, એટલે અંકજંત્ર તૈયાર થયો. અદલોબદલો કઈ રીતે કરવો તે આકૃતિ નં. ૧માં દર્શાવેલાં ખાનાઓમાં જુદી જુદી છાયાઓ આલેખીને તથા તીરની દિશાથી બતાવ્યું છે, અને એ રીતના ફેરફારો કર્યાપછી તૈયાર થએલો અંકજંત્ર આકૃતિ ૨ થી દર્શાવ્યો છે. આ રચનામાં આઠ અંકો સ્થિર રહે છે ને બાકીના માત્ર આઠ જ અંકો ફરે છે.

આકૃતિ નં. ૩ થી બતાવેલી બીજા પ્રકારની રચનામાં સોળેસોળ અંકોનું સ્થાનાંતર કરવું પડે છે. આકૃતિ નં. ૩ માં જે જુદીજુદી છાયા, 'ટપકાં' અને તીરની દિશાથી એ સ્થાનાંતરની પદ્ધતિ બતાવેલી છે તે બરોબર લક્ષમાં લેવાથી એ રચના સમજાશે. જે બે ખાનાંઓમાં એક જ પ્રકારની છાયા તેનો અદલોબદલો કરવાનો. દાખલા તરીકે નં. ૧ તથા ૧૧નાં ખાનાઓમાં ત્રાંસી લીટીની છાયાઓ છે, તો તે બંનેનાં સ્થાનનો પલટો કરો. આ જ રીતે નં. ૨ તથા ૫ નાં ખાનાંઓમાં ટપકાં છે, નં. ૩ તથા ૮માં ઊભી લીટીઓ છે અને નં. ૪ તથા ૧૦ માં આડી લીટીઓ છે તે બધાં ખાનાંના અંકોનો પરસ્પર સ્થાનપલટો કરવાનો છે. આ ઉપરાંત જે ખાલી ખાનાંઓ રહ્યાં તેના પલટાની સૂચના તીરની દિશાથી બતાવી છે. નં. ૬ અને ૧૬નો, ૭ અને ૧૩નો, ૯ અને ૧૪નો તથા ૧૨ અને ૧૫નો પલટો એ સૂચના મુજબ કરો. આ રીતે સોળે ખાનાંઓનો પલટો થઇને તૈયાર થએલો અંકજંત્ર આકૃતિ નં. ૪થી બતાવ્યો છે. ધ્યાનથી જોનારને આ પલટાઓની યોજના અમુક ચોક્કસ પદ્ધતિ પ્રમાણે જ થએલી જણાશે.

આ જાતના અંકજંત્રમાં દરેક હારનો સરવાળો તો ૩૪ થાય છે જ, પરંતુ તે ઉપરાંત બીજી પણ મળીને જુદી જુદી કુલ ૧૭ રીતે એ ગણતરી મળી રહે છે: (૧) આડી હારોનો સરવાળો (૪ રીતો); (૨) ઊભી હારોનો સરવાળો (૪ રીતો); (૩) કર્ણરેષાનો સરવાળો (૨ રીતો); (૪) ચાર છેવટના ખૂણા ઉપર આવેલી સંખ્યાઓનો સરવાળો (૧ રીત); (૫) બંને કર્ણરેષાઓનો સરવાળો (૨ રીતો); અને (૬) જંત્રની મધ્યમાં બે આડી ઊભી લીટીઓ દોરી જંત્રના ચાર સરખા ભાગ કરવામાં આવે તો દરેક ભાગમાં ચાર સંખ્યાઓનો સરવાળો (૪ રીતો). આટલી બધી રીતે તેના સરવાળા મળતા આવતા છતાં યે આ રીતે કરેલી રચના 'સર્વાંગ' અંકજંત્ર કહી શકાય નહિ, કારણ કે ગયે મહિને વિચારેલી પદ્ધતિ મુજબ કર્ણરેષામાં આવેલી ત્રણ સંખ્યાઓ અને ચોથી તેની પૂરક સંખ્યા મળીને તેટલો જ સરવાળો થતો નથી; તેમજ એક ઊભી કે આડી હારને ઉપાડી તેનાથી વિરુદ્ધ સ્થાને બદલી મૂકીને કરેલી રચનાથી પણ તેમાં અંકજંત્રનાં લક્ષણ રહેતાં નથી.

આ જંત્રની ત્રીજા પ્રકારની રચનાની પદ્ધતિ (જુઓ આકૃતિ–૫) અતિશય ગૂંચવણવાળી થઇ પડે તેવી હોવાથી અત્રે તેની વિગત દર્શાવી નથી, પરંતુ ઉપરની પદ્ધતિઓનો બારીક અભ્યાસ કરનારને જણાશે કે પહેલી પદ્ધતિના આંકડાઓ અમુક રીતે ગોઠવાઇને જ તે બનેલો છે. આ રીતે ગોઠવાએલો જંત્ર 'સર્વાંગ' છે. તેમાં ઉપરની સર્વ શરતો પાર પાડે છે, તે ઉપરાંત ઉપરની રચનામાં ખૂટતી બીજી બંને શરતો પણ લાગુ પડે છે. એવી અદ્ભુત ખાસિયતો એમાં સમાએલી હોવાથી ઘણાં બાળકોના ગળામાં બાંધેલાં તાવીજોમાં આ જંત્ર કોતરેલો જોવામાં આવે છે. આપણા દેશમાં ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ ખાનાંવાળા જંત્રો અનુક્રમે શનિ, બૃહસ્પતિ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ અને ચંદ્રના જંત્રો ગણાય છે. જેથી ઉપરનો સર્વાંગ જંત્ર બૃહસ્પતિનો જંત્ર ગણાય છે.

૧	૮	૧૩	૧૨
૧૪	૧૧	૨	૭
૪	૫	૧૬	૯
૧૫	૧૦	૩	૬

આકૃતિ–૫

માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ :

તા. ૩ સ્ત્રીકેળવણીના પુરોધા ધોંડો કેશવ કર્વેએ મહિલા-મહાવિદ્યાલયની સ્થાપના કરી, ૧૯૧૬.

તા. ૯ મયૂરાસન ઉઠાવી જનાર નાદિરશાહનું ખૂન, અહમદશાહ અબ્દલીનો ઉદય, ૧૭૪૭.

તા. ૧૦ ગુજરાતી કવિતાને ઊર્મિસંવેદનોથી સમૃદ્ધ કરી જનાર કવિ કલાપીનું અવસાન, ૧૯૦૦.

તા. ૧૬ હોમરૂલ લીગની ચળવળ ચલાવવા માટે શ્રીમતી બેસન્ટને કેદ કરવામાં આવ્યાં, ૧૯૧૭.

તા. ૧૭ ભારતના છેલ્લા ગવર્નર જનરલ ને પ્રથમ વાઈસરૉય લૉર્ડ કૅનિંગનું અવસાન, ૧૮૬૨.

તા. ૨૦ જગતની શ્રેષ્ઠ મહારાણી વિક્ટોરિયા કિશોર વયે ઈંગ્લંડની ગાદીએ આવી, ૧૮૩૭.

તા. ૨૨ જગતવિજયી સિકંદર સાથે પંજાબના રાજા પોરસની લડાઈનો પ્રથમ દિવસ, ઈ.પૂ. ૩૨૬.

તા. ૨૩ ગુજરાતના અગ્રણી ને અગ્રયાયી બાળકેળવણીકાર ગિજુભાઈ બધેકાનું અવસાન, ૧૯૩૯.

તા. ૨૬ હુમાયૂંને શેરશાહે બકસર નજીકના છપરઘાટ મુકામે યુદ્ધમાં સખ્ત હાર આપી, ૧૫૩૯.

તા. ૨૮ સૌ પહેલું (અને હજી હયાત) ગુજરાતી દૈનિક પત્ર 'મુંબઈ સમાચાર' પ્રકટ થયું, ૧૮૨૨.

તા. ૩૦ હિંદ સ્વરાજ માટે પહેલા સક્રિય હામી દાદાભાઈ નવરોજજીનું અવ

વ્યક્તિવિશેષ : અરદેશર કોટવાળ

પોતાની વહીવટી કુનેહ, એકનિષ્ઠ કામગીરી અને અથાગ જહેમત દ્વારા સૂરત શહેરને આદર્શ, સલામત ને સુખી નગર બનાવનાર ગુજરાતના ભુલાઈ ગએલા આ વિરલ પ્રજાસેવકનો જન્મ ઈ. ૧૭૯૭ની ૨૯મી જૂને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સૂરત ખાતેના પૉલિટિકલ એજન્ટ બનજીશા બહેરેગાંદખાનને ઘેર થએલો. સૂરત નજીકના ઓધાન ગામના મુસ્લિમ બળવાખોરોને દાબવા જતાં અંગ્રેજ રાજ્યને વફાદાર એ પિતાની ઈ. ૧૮૧૦માં કતલ થઈ, એટલે અરદેશર તથા તેમના મોટાભાઈ પીરોજશાને સરકારે પોતાને આશ્રયે લીધા; ને પીરોજશા નિઃસંતાન હોવાથી તેઓ અરદેશરને વારસ ઠરાવી સઘળી માલમતા સોંપી ગયા.



અરદેશરે ૨૩ની વયે સૂરતની અદાલતની કારકુનીથી પોતાની કારકિર્દી આરંભી. ૧૮૨૦-માં તે સૂરતનાં પરાંના ને '૨૧માં તળ શહેરના કોટવાળ નિમાયા. સાથેસાથ ૧૮૨૫માં સૂરત જિલ્લાને લગતાં નાનાં દેશી રાજ્યોના 'નેટિવ એજન્ટ', ૧૮૩૨માં 'નેટિવ પ્રિન્સિપલ કમિશ્નર' અને ૧૮૪૩માં સૂરતના 'પ્રિન્સિપલ સદર અમીન' નિમાયા. બેનમૂન વહીવટી કુનેહ તથા વફાદારીથી સૂરતની કોટવાળી કરતા યુવાન અરદેશરને ગાયકવાડ રાજ્ય તરફથી પાંચ હજાર રૂપિયાના દરમાયાથી દીવાનપદનું કહેણ મોકલવામાં આવેલું, પણ સૂરતભક્ત અરદેશરે માન સાથે તે નકારેલું.

એકવાર એક અંગ્રેજ અધિકારી ઍન્ડરસને તેમને પૂછ્યું: 'કોટવાળ, ચોરલૂંટારાના ત્રાસ છતાં તમે કાંઈ નથી કરતા?' અરદેશરે પોતાની સત્તા-સાધનના અભાવની લાચારી બતાવતાં સનાસાધન તેમને પૂરાં પડાયાં; અને તરત અરદેશરે કહ્યું: 'છ મહિનામાં સૂરત સહીસલામત થઈ જશે.' તેમણે તાલીમબાજ સૂરતીઓની ટોળી ઊભી કરી; 'ગિસ્ત' ફરતાં કર્યાં; એક ખાસ પોલીસ-દળ રચ્યું; રાતની ચોકી માટે 'હાંડિયા'ની પ્રથા શરૂ કરી; જાસૂસી પ્રથા પણ અમલી બનાવી અને જાતે રાત્રે છૂપે વેશે નગરચર્ચા કરવા નીકળવા લાગ્યા. આમ ચોમેરનાં ચાંપતાં પગલાં લઈને તેમણે ચોરલૂંટારાના ભયથી પ્રજાને ટૂંક મુદતમાં સર્વાંશે મુક્ત કરી દીધી.

તા. ૨૧-૯-૧૮૨૨ની 'મહાજગત રેલ', ૨૪-૪-૧૮૩૭ની મહાભયંકર આગ તેમજ તે પછી ૧૮૪૨ અને ૧૮૪૮ની બીજી ભયાનક આગો વખતે તેમણે તન-મન-ધન-સર્વસ્વથી ખડેપગે રહીને લોકોના જાનમાલના સંરક્ષણ [illegible]રસલામતી માટે કરેલી સેવા સૂરતની તવારીખમાં સુવર્ણાક્ષરે અંકાઈ છે.

અરદેશર મુંબાઈના ગવર્નરના 'દેશી આડતિયા'ના હોદ્દા પર હતા ત્યારે ધરમપોરના રાણાની આર્થિક ગૂંચવણોના તેમણે સૂચવેલા ઉકેલ બદલ રાણાએ ૨૦૦૦ રૂપિયાની આવકવાળું ગામ તેમને આપવા માંડેલું, પણ એ તેમણે સ્વીકારેલું નહિ. સ્વામી સહજાનંદ જેવા પર પણ તેમની પ્રજાસેવાની ઘણી જ ઊંડી છાપ પડેલી, અને ૧૮૮૧માં સ્વામીજી સૂરત પધાર્યા ત્યારે તેઓ અરદેશરને મળેલા. તેમણે અરદેશરને પોતાના સ્મરણપ્રતીક રૂપ પાઘ, પોતાની છબી ને એક શ્રીફળ આપેલાં.

અંગ્રેજ સરકારે તો તેમને સંમાનવા છ-છ દરબાર-સમારંભો ભરેલા, જેમાં અરદેશરને અનેક ભેટો, માનપત્રો, ઈલકાબો વગેરેથી સંમાનવામાં આવેલા. ૧૮૨૯ના દરબારમાં તો તેમને પાણીદાર ઘોડો, કીમતી ખેલાત ઝભ્ભો ને તલવાર ઉપરાંત 'બહાદુર'નો ઈલકાબ અને ત્રણ હજાર રૂપિયાની આમદાનીવાળાં ચાર ગામ અર્પણ કરાયાં હતાં.

તેઓ મહાન કસરતબાજ હતા. પ્રશસ્ત રાજ્યનિરીક્ષક હોવાની સાથે તેઓ એક આદર્શ નાગરિક, અભિનવ સમાજસુધારક, ઉત્તમ કોટિના કલાપરીક્ષક ને ધર્મચિંતનમગ્ન સચ્છીલ ઉન્નતાત્મા હતા. ચિત્રકારોને તેમણે છૂટે હાથે મદદ કરેલી. તેમના કલાપ્રેમનો ખરો પુરાવો તો છે એમનો પ્રાચીન ચિત્રોનો કીમતી સંગ્રહ.

તેમનું એકમાત્ર 'દૂષણ' કોઈ હોય તો તે તેમની સખી દિલાવરી. ગરીબો કે પીડિતોની સેવા કરવામાં તેમણે કદી પાછું વાળીને નહિ જોએલું, જેને પરિણામે તેમને શિરે પાંચ લાખ રૂપિયાનું કરજ ચડી ગએલું. ૧૮૫૯ની ૧૫મી ફેબ્રુઆરીએ આર્થિક બોજાને કારણે વ્યથિત હાલતમાં તેઓ અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ : શીખ મહારાજા રણજિતસિંહનું મૃત્યુ, ૨૭મી જૂન ૧૮૩૯

ભારતનો છેલ્લો સ્વતંત્ર રાજવી-અંગ્રેજોની છેલ્લી આડખીલી-હતો શીખ મહારાજા રણજિતસિંહ. ઉત્તર હિંદનાં સઘળાં શીખ રાજ્યોને સંગઠિત કરીને તેણે દક્ષિણ છેડે છેક અંબાલા ને શાહબાદ સુધી તથા કાશ્મીરથી સિંધ ને સતલજથી પેશાવર સુધી પોતાની સત્તાની હદ લંબાવી હતી. ૧૮૩૪માં તેના પર પક્ષાઘાતનો પહેલો હુમલો થએલો. તે પછી ૧૮૩૮માં થએલા બીજા હુમલાને પરિણામે ૧૮૩૯ની ૨૭મી જૂને ૫૯ વર્ષની વયે તેનું અવસાન થયું, તે સાથે જ ભારતના ઇતિહાસે પાસું બદલ્યું. શીખ સામ્રાજ્યની ચડતી કળાનો અસ્ત તેના મૃત્યુ સાથે ઢૂકડાવા લાગ્યો, અને છ વર્ષની અંધાધૂંધી તથા અરાજકતાને અંતે ઈ. ૧૮૪૫ની ૨૩મી ડિસેમ્બરે ગવર્નર જનરલ સર હેન્રી હાર્ડિંજે શીખ ગાદીવારસ દુલીપસિંહ સામે યુદ્ધ જાહેર કર્યું. સુબરાવના મેદાનમાં લડાએલા પહેલા શીખ યુદ્ધમાં-ખાસ તો લાલસિંહ, તેજસિંહ ને ગુલાબસિંહ જેવાના દેશદ્રોહથી-પંજાબની સ્વાધીનતા ડૂબવી શરૂ થઈ. ૧૮૪૬ના માર્ચમાં પંજાબનો થોડો મુલક અંગ્રેજી સત્તા હેઠળ આવ્યો અને બીજા શીખ વિગ્રહને અંતે ઈ. ૧૮૪૯-ની ૨૯મી માર્ચે શીખોની સ્વાધીનતાનો સંપૂર્ણ અંત આવ્યો.

શીષ કાન મુખ નાસિકા, ઊંચા ઊંચા નાંવ;
સહજુ નીચે કારણે સઉ કો પૂજે પાંવ.

—સહજુબાઈ

ટ્રેન ઊપડવાની તૈયારી હતી ને એક મોડા પડેલા ગૃહસ્થ હાંફળાફાંફળા સામાન ઉપડાવી આવી ગાડીમાં બેઠા. બેઠા ને ગાર્ડે વ્હિસલ મારી. ત્યાં સાંભર્યું કે હજાર રૂપિયાની થેલી પોતે ઘોડાગાડીમાં ભૂલી આવ્યા! ટ્રેન ઊપડવી શરૂ થઈ. હવે? એટલામાં પેલો ભાડૂતી ગાડીવાળો દોડતો આવતો દેખાયો ને એમણે હર્ષની બૂમ મારી. ચાલતી ટ્રેને ગાડીવાળાએ થેલી શેઠને સુપરત કરી. એ ગાડીવાળાનું નામ આજે કોઇ જાણતું નથી; પણ આ ખરી બનેલી વાત છે.


અનેકાર્થી શબ્દ: **શ્રી**=શ્રીમાન-શ્રીમતીનો સંક્ષેપ-અક્ષર; લક્ષ્મી; વૈભવ; ચડતી; કાંતિ; સૌંદર્ય; કીર્તિ; મહિમા; પ્રતિષ્ઠા; બુદ્ધિ; રાજસત્તા; માયા; લવિંગ; લોબાન; વિભૂતિ; સાધન; પુરુષોત્તમનું એક નામ; ચંદ્રની એક કળા; એક રાગ; એક છંદ; એક ઔષધિ-વૃદ્ધિ.

ગણિતગમ્મત: પચાસે પહેલાં પહોંચી જવાની રમત—બે જણમાંથી એક જણ છથી વધે નહિ તેવી કોઇ પણ રકમ ધારે. પછી બીજો, છથી ન વધે તેવી રકમ એ ધારેલી રકમમાં ઉમેરતો જાય, ને પહેલો પચાસે પહોંચે તે જીતે.

કૂંચી: હવે પચાસે પહેલાં પહોંચવા માટે તમે ૪૩ કર્યા હશે તો તેમાં સામેનો માણસ ગમે તે ઉમેરશે તો પણ ૫૦ નહિ થાય. એ ઓછામાં ઓછો એક ઉમેરશે તો તમે છ ઉમેરીને પચાસ કરી દેશો; એ વધુમાં વધુ છ ઉમેરી ૪૯ કરશે તો તમે એક ઉમેરીને પચાસ કરી દેશો! માટે પહેલાં પચાસે પહોંચવા માટે તમારે ૪૩ને પહેલાં પહોંચવું જોઇએ. તેવી જ રીતે ૪૩ને પહેલાં પહોંચવા માટે પહેલાં ૩૬ને પહોંચવું જોઇએ. અને ૩૬ને પહેલાં પહોંચવા માટે ૨૯ને પ્રથમ પહોંચવું જોઇએ. તેથી આ રમતમાં ૪૩, ૩૬, ૨૨, ૧૫, ૮, ને ૧ એ કૂંચીના આંકડા છે. બંને જણ જો આ જાણતા હોય તો પ્રથમ શરૂઆત કરનાર જીતે. પણ અજાણ્યાને આ વડે બે ઘડી અજાયબ કરી શકાય!

કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના એક વૈજ્ઞાનિકે શોધ કરી છે કે માણસની આંખમાં લાગણીના પૂરથી જે આંસુ આવે, અને ડુંગળી સમારતી વખતે જે પાણી આવે, એ બંનેના રાસાયણિક બંધારણમાં ફેર હોય છે!

આધાશીશી પર જૂના ગોળમાં સહેજ કપૂર મેળવીને ખાઈ જોજો.



અંગ્રેજી મૂળાક્ષરનો પંદરમો અક્ષર 'ઓ' કેવો વિકાસ પામતો આજનું રૂપ પામ્યો તે તેના ફિનિશ્યન, જૂના ગ્રીક, જૂના રોમન અને આજના ક્રમિક ઘાટ-પરિવર્તન રૂપે ઉપરની તકતીમાં બતાવ્યું છે. બીજી તકતીમાં બતાવ્યાં છે તે તેના કૅપિટલ તથા નાના રૂપના મરોડના ક્રમવિકાસ પ્રમાણેનાં રૂપો: હિબ્રૂ, ગ્રીક (નાનું અને મોટું), રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન, અને આજનું.


કહેવતોના અર્થ: 'મા પૂછે આવતો, બૈરી પૂછે લાવતો.' માણસનું મૂલ્ય એની માતાને મન તેના ખુદ અસ્તિત્વમાં છે. પોતાને બાળક અવતરે (અને તે ચિરંજીવ રહે) એ જ એને મન દુનિયામાં મહત્ત્વની વસ્તુ છે (બીજી નહિ); જ્યારે બૈરીને એ ક્યારે કમાતો થાય ને કેટલું કમાય છે તેમાં જ રસ હોય છે. માતૃપ્રેમની શ્રેષ્ઠતા દર્શાવતી (તથા તેને પડછે અન્ય સર્વ સગાંઓના સંસારી સ્વાર્થ નિરૂપતી) આ કહેવત જેવી બીજી કહેવતો: 'જણનારી તો જીવ આપે, પરણનારી પોક જ મૂકે;' 'મા રુએ બારે માસ, બૈરી રુએ છ માસ, બેન રુએ વારતહેવાર'.

કાપડ પર પડેલા સામાન્ય ફળના રસના ડાઘ મીઠું ઘસવાથી જાય છે. પોટાશ્યમ પર્મૅંગેનેટ ને ઍસેટિક ઍસિડ પણ તે પર અસરકારક છે.

આઈડર ડક નામની બતક જ્યાં સુધી માળામાં બરોબર અગિયાર ઈંડાં ન હોય ત્યાં સુધી તે સેવવા બેસતી જ નથી!



કલાકૃતિ: 'ઓજી' ડિઝાઇનમાં ગોઠવેલી ફૂલપત્તીની ભાતના રૂપાના જડતરકામવાળું ભારતીય પાત્ર



એમની ઝૂંપડી ખેતીકામ પછી વધેલા કપાસ અને તુવેરની કરસાઠી, ભાતનાં પૂળિયાં વગેરે નકામા કચરામાંથી, વાંસ તથા ઝાડનાં લાકડાની મદદથી બનાવેલી હોય છે, તે આ સાથેના તેના સ્કેચમાં આપેલી તેના દરેક ભાગની વિગતો પરથી સમજાશે. તેને પછી છાણથી લીપીને તેના બારસાખની બંને બાજુએ ભીંત પર જુવારના લોટથી પાંચ આંગળાંની છાપ પાડે છે, જે દૂરથી એક ભાત (ડિઝાઈન) જેવી લાગે છે. ક્યાંક ક્યાંક વળી ઘોડા પર બેઠેલો માણસ, જુવારના છોડ, એમના વાજિંત્ર 'ડોબરા' સાથેનો માણસ વગેરે એ જ સફેદ લોટથી ચીતરેલાં હોય છે.

સ્ત્રીઓનાં કપડાં જુદાજુદા ઘેરા રંગનાં હોય છે. અંગ ઉપર 'કાપડું' (બ્લાઉઝ) અને નીચે લાલ લૂગડું હોય છે, જે ખૂબ ટકાઉ તથા બધી રીતે વાપરી શકાય તેવું હોય છે. નીચે ધોળા પટા હોય છે; માથે ઘેરા નીલા કે આંબવાઈ (ઘેરા લીલા) રંગનું ઓઢણું નાખે છે.

એમનાં ઘરેણાં પથરાથી માંડીને ચાંદી સુધીની હલકી ધાતુઓનાં બનાવેલાં હોય છે અને તેના વિવિધ ઘાટ પરથી તેમની જાતિઓ ઓળખાય છે. આગલા પૂઠામાંનાં ચિત્રોમાં 'ચૌધરી' ને 'ગામીત'નાં ઘરેણાં દર્શાવ્યાં છે. એમનાં વાસણો પણ જુદાજુદા ઘાટનાં હોય છે.

એમનું વાજિંત્ર 'ડોબરું' દૂધીના તુંબડા તથા વાંસમાંથી બનાવીને ઘાસ, મોરનાં પીછાં વગેરેથી શણગારેલું હોય છે. ઘણીવાર એ માણસના કદનું હોય છે અને એક છેડો આકાશ તરફ જતો હોય છે. ડોબરાને શણગારીને પછી વગાડનારો પોતે શણગારાય છે અને પછી 'દેવ કરવા' (પૂજા કરવા) માટે ટોળાં નીકળી પડે છે;—ગમે તેવો તાપ, વરસાદ કે કાદવ હોય અને ગમે તેટલા માઈલનું અંતર હોય, પણ એ વગાડતા-વગાડતા જાય છે. એ ડોબરું આપણે અરધો કલાક ફૂંકીએ તો મોઢું થાકી જાય, જ્યારે એ લોકો તો છ થી આઠ કલાક ફૂંકે છે, ને ઘણીવાર તો મોઢામાં ચાંદી પડી જાય છે પણ એનો આનંદ માણવાનું છોડતા નથી. એમના દેવો પણ કેવા? ઘોડા, બળદ, ગાય, ભેંસ, ઘૂમટ (મંદિર), પુરુષ, સ્ત્રી વગેરે! મંદિર જેવું એમને કાંઈ હોતું નથી. નદીના સુંદર કિનારાની બાજુમાં ઝાડની ઘટા વચ્ચે એઓ 'દેવ કરે છે.'

એ ઘોડા, હાથી, બળદ વગેરેના ઘાટ એવા સાદા આયોજનના ને જોરદાર હોય છે કે ઘરમાં મૂક્યા હોય તો સુંદર શિલ્પની શોભા આપે. ગયે વરસે સેવાગ્રામમાં ભરાએલા 'કુંભાર સંમેલન'ના પ્રદર્શનમાં એવા 'ઘોડા'ને રમકડા વિભાગનું પહેલું ઈનામ મળ્યું હતું. ભારત સરકારની હસ્તકલા સંસદનાં નિયામક શ્રીમતી પુપુલ જયકરે એ ઘોડા વિષે જાણીતા કલા-સામયિક 'માર્ગ'માં પણ લેખ લખ્યો હતો.

આમ આદિવાસીના જીવનમાં યે કલાનો ભરપૂર સંસ્પર્શ હોય છે; ને એ પાછી કચરામાંથી સર્જાવેલા સુવર્ણ જેવી ઝૂંપડી બાંધવામાં ખેતરના કચરાનું વ્યવસ્થિત આયોજન; ચીતરવા માટે જુવારનો લોટ; વાજિંત્ર વાંસમાંથી બનાવેલું પપૂડું, અને તે પણ જુવારના પાનનું બનાવેલું; ઘરેણાં પણ મોટે ભાગે પથરામાંથી કોરેલાં! આ પરથી કલાચાર્ય અવનીન્દ્રનાથના નાનીનાની કાપલી પરના સ્કેચ તથા વાંસનાં મૂળિયાંનાં રમકડાં, ને સમર્થ કલાકાર લીઓનાર્દો દ વિંચીની ઉક્તિ યાદ આવે છે કે 'મને ભલે કાદવ જેવા રંગો આપો; હું એમાંથી દૈવી સર્જન કરીશ.'

(આકાશવાણીના સૌજન્યથી) —હકુભાઈ શાહ

આઠમી શિષ્ટ વાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી આઠમી શિષ્ટ વાચન પરીક્ષા તા. ૧૪મી સપ્ટેમ્બર '૫૮ના રોજ લેવાશે. પરીક્ષા માટે નવજીવન પ્રકાશન મંદિર (અમદાવાદ) પ્રકાશિત શ્રી કાકા કાલેલકર લિખિત પુસ્તક 'બાપુની ઝાંખી' રાખવામાં આવ્યું છે, જે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., રાવપુરા, વડોદરા એ સ્થળેથી ૮૧ નયા પૈસાની કિંમતે મળશે; પોસ્ટેજના ૧૯ નયા પૈસા અલગ મોકલવા. પ્રવેશ ફી ૨૫ નયા પૈસા. નિદાન પાંચ પરીક્ષાર્થીઓ દીઠ કેન્દ્ર અપાશે. વિશેષ માહિતી માટે લખો : મંત્રીજી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા.